THE

AGE OF ZOROASTER

ASCERTAINED

BY

THE LIGHT OF MODERN RESEARCHES
PARTICULARLY
THE CUNEIFORM INSCRIPTIONS

BY

BYRAMJI BHIKAJI KANGA,

EXCHANGE, SHARE AND GENERAL BROKER
LATE OF THE ELPHINSTONE COLLEGE
AND
AUTHOR OF "HISTORY OF PERSIA".

BOMBAY:
DUFTUR ASHKARA PRESS.

1865.

REGISTERED UNDER
ACT XX. OF 1847.

જરથોસ્તી સને

હાલની નવી શોધો અને તેમાં વીશેશે કરીને
ખીલારોકા લેખોની શોધ ઉપરથી.

બનાવનાર

બેહેરામજી ભીખાજી કાંગા,

હુંડી, શેર વગેરેનો દલાલ,
એલફીનસ્ટન કાલિજનો આગલો વીદીઆરથી
તથા
ઈરાનની તવારીખનો બનાવનાર.

આ પુસ્તક

મુંબઈ દફતર. આશકારા છાપાખાંના મધે
છાપીઉં છે.

સને ૧૮૬૫ ઈસવી.

આ પુસતક સન ૧૮૪૭ ના ૨૦ માં આકટ પ્રરમાણે નો
ધાવીઆમાં આવીઊંછે, માટે એના માલેકની રજ વીના એ
છપ્રાવાનો કોઇને હક નથી.

TO

NOSSERWANJI CURSETJI KANGA ESQ.

THIS SHORT TREATISE

ON

THE AGE OF ZOROASTER

IS INSCRIBED

AS A TOKEN OF LOVE AND RESPECT

BY

HIS DUTIFUL AND AFFECTIONATE

GRAND SON

BYRAMJI BHIKAJI.

નેકનામ મુરબીજી સાહેબ

એરવદ નોશેરવાનજી ખુરશેદજી કાંગા,

તમોને

આ જરથોસ્તી સનેની બાબદને લગતુ નાનુ
પુસતક
પીઆર અને મોહોબતની ઈધાણી દાખલ

તમારા

તાબેદાર અને માનીતા નબીરા

બેહેરામજી ભીખાજીએ

મોટાં માનથી

અરપણ કરીઉંછે.

PREFACE.

Nothing can be more strange and at the same time highly surprising than the fact that whilst the epochs of the great events of almost all ages have been familiarly recorded, the age of Zoroaster should have been neglected even by those who profess to follow his religion. The eras of Seleucus, Diocletian, Mahomed, Jesus Christ and a thousand other events are known to every student of history, but the time when Zoroaster lived is still a matter of dispute among the learned. The present subject, therefore, is one of no ordinary importance especially to those that take a delight in the pages of Modern Researches. It has an antiquarian interest. It has from the earliest ages attracted the attention of historians and philosophers. It has a close connection with our religion which in point of antiquity, purity and moral rectitude possibly surpasses all the other religions of the world ;—a religion which has survived the vindictive efforts of foreign and hostile nations and which after the lapse of about 3,000 years yet exists almost in its pristine purity. Nor is this all. The age of our great Prophet, the time when he lived and promulgated his doctrine, forms an important era in the annals of our forefathers who in the most flourishing period of their empire swayed the sceptre of a large portion of the world then known, whose arms became the terror of surrounding nations and whose pomp and magnificence invited curious visitors from the remotest corners of the world. A subject of such paramount importance must necessarily demand our warmest atten-

tion. We must if possible take it on *ourselves* to investigate the matter; but if it lies beyond our reach to make such investigations, we must at all events avail ourselves of the labours of modern scholars.

Of all the discoveries that have brought to light this intricate yet interesting subject, that of the Persian Cuneiform Inscriptions stands pre-eminent. This wonderful discovery which commenced with the beginning of the present century and for which we are indebted to the patient and laborious researches of Grotefeud, Burnouf, Lassen and above all Sir Henry Rawlinson, is now well nigh completed. Previous to the commencement of this discovery every thing relating to the age of Zoroaster and the history of Persia at large was involved in the greatest obscurity. The accounts given by the Greek, Roman and Latin writers respecting the age of Zoroaster differ so widely from each other that we can hardly ascertain any thing from them save that he lived in a period of remote antiquity—a point in which almost all the ancient writers agree. In more modern times a curious assertion which went in a great measure to enhance the difficulty already hanging on the subject, was made by some scholars in Europe. In the eighteenth century it was maintained by Dr. Thomas Hyde, Professor of Hebrew and Arabic at the University of Oxford, and Anquetil du Perron, the celebrated Frenchman and a man of extensive Oriental learning, that Zurthushtra lived in the time of Darius Hystaspes. This opinion which appears to have been based on no other evidence than the mere identification of the name of Vistasp (Gustasp) a king of the Kainian dynasty with Hystaspes the father of the well known Darius and a member of the royal family of Achemenes, was afterwards

adopted by Malcolm, Sir William Jones and other writers of distinguished merit. But this is not the only error they have fallen into. Their attempt to identify the two dynasties to which these princes severally belonged has rendered their histories an entire mass of confusion from which the reader finds it quite impossible to make his way out. He hangs in doubt whether to rely on the charming narrative of Herodotus or the extravagant and romantic assertions of Firdousi. His fancy sometimes leads him to lean on the one side and sometimes on the other, but he is always uncertain and irresolute and often disposed to depend on neither. But such difficulties now no longer exist. Recent discoveries aided by the historical records of the sacred text prove that they are both reliable sources, and that their narratives relate to different periods of Persian history. For instance, the Kainian dynasty described in the pages of Firdousi is not the same with the Achæmenian dynasty an account of which is given by Herodotus and which can even at the present day be traced on the rocks of Behiston, Alwand, Nakhsh-i-Rustam &c and that Kai-kushru, Kai-gustasp and others belonging to the former should not be confounded with Cyrus, Darius and others belonging to the latter. They lived at different times and in different territories and were quite as distinct personages as Scipio and Cœsar or the Duke of Marlborough and the Duke of Wellington. The main point then, as we have above stated, on which the question respecting the age of Zoroaster hinges is to prove that the Kainian dynasty was not the same as the Achæmenian dynasty; for, when it has once been ascertained that they were different dynasties and that Zoroaster lived in the reign of a king belonging to the former, it necessarily follows that he flourished several hundreds of years before the age of Darius (521 B. C.—

485 B. C.); because the Kainian dynasty of which Gustasp was one of the last kings was subverted by the Assyrians whose empire lasted for a period of about 500 years (B. C. 1230—B. C. 708); after this the Medes became the Lords of Asia and governed Persia for about 200 years (B. C. 708—B. C. 558) and were in their turn overthrown by Cyrus the founder of the Persian empire and a prince of the Achæmenian line of kings. This Cyrus was a near relation of Darius and the fourth from him in the ascending series. Thus we see that a period of about 800 years intervenes between the age of Gustasp and that of Darius Hystaspes. From the Avasta, and the Avasta cannot be wrong, we learn that Zoroaster lived in the time of Gustasp. We may, therefore, fix his date some where between the year 1300 and 1400 B. C. that is about 3200 years from the present time.

It has been thought proper to divide the present work into 2 parts. The first is devoted exclusively to the age of Zoroaster; the second gives a short account of the social, religious and political condition of the Persians during that age. The first part again is subdivided into 3 chapters. The first contains an outline of the different opinions entertained by different writers respecting the age of Zoroaster from the earliest ages down to the commencement of the 19th century when the discovery in the Cuneiform Inscriptions is said to have begun. The second comprises a short description of the discovery in the Cuneiform Inscriptions. The third is rather an important Chapter, and undertakes to prove that the Kainian dynasty was not the same with the Achæmenian dynasty and that Kai-gustasp a king belonging to the former should not be identified with Darius Hystaspes belonging to the latter. The second part likewise, is divided into

3 chapters each of which is devoted respectively to the social, religious and political condition of the Persians during those days. In all these we had for our guides nearly the same authorities we had recourse to in our history of Persia ; viz., Heeren's Asiatic Researches, Rawlinson's Herodotus, Duncker's Hystory of Antiquity, the Works of Malcolm, Gibbon, Rhode, Bunsen, Dr. M. Haug and the Inscriptions as deciphered and translated by SirHenry Rawlinson.

In conclusion, the writer begs to acknowledge that he lays no claim to originality ; all that has been herein stated is the result of the labours of modern scholars, a short account of the latest researches on the subject. He further begs to state that the present work is not intended for scientific men, but for such of his Parsee brethren as have not been fortunate in receiving an English education. Lastly, the writer's best thanks are due to the Parsee Seths in general, and to the Hon'ble Mr. Rustomji Jamsetji and Messrs. Cursetji Furdoonji Parek and Cursetji Nusserwanji Camaji in particular. These last mentioned Seths may justly be styled the patrons of letters. But literature is not the only department to which their patronage is confined. Their charity is universal and extends to all classes of people without distinction to caste or creed. They are ever inclined to act rather than to talk. They have always for their aim the good of others, and are

" more bent to raise the wretched than to rise."

The deeds of such men of course

" Though mute speak loud the doers."

દીબાચો.

આંએ પુસતક મધે જણાવેલી બાબદ કાંઈ થોડી અગતીઅની નથી. એ ઉપર તવારીખના અભીઆસી ઓને અને તેમાં વીશેશે કરીને આપણા પારસીઓને અતી ઘણુ ધીઆન આપવાની જરૂરછે કારણ કે એ બીના આપણા ધરમ સાથે સંબંધ રાખેછે. જારે આપ ણી કોમના કેટલાએક પારસીઓ હાલ વેપાર તથા વી દીઆ હુનરના કાંમમાં ઘણી માહીતગારી ધરાવેછે, જારે તેઓ તવારીખ સંબંધી બાબદો તથા સાધારણ ગનીઆ ન વીશે સારી પીછાન રાખેછે, જારે તેઓ મહમદ, જી જસ કરાઈસટ અને એ વતરોગે બીજા જુદદીનના સ થાપણ કરનારાઓના જનમકાલ વીશે તતકાલ કહી આ પેછે, તારે આપણા હજરત જરથોસ્ત પેગંબરે આપણી પાક દીનના કલાંમો કએ વખતે પરગટ કરીઆં તથા તે વખતે આપણા ઈરાનીઓની સંસારી, ધરમ સંબંધી અ ને રાજદુઆરી હાલત કેવી હતી તે વીશે અનજાણા રે હેવું એ કેટલું નામોશી ભરેલું અને અચરત સરીખુંછે. એ અગતીઅની અને જાણવાજોગ બીના વીશે આપણ ને પોતાને મેહેનત લઈને શોધ કરવી જોઈએછે, પણ જો

તેમ ન બનેતો બીજા યુરોપના વીદવાનો જેઓ આજ ઘણું થયું એવી શોધો પાછલ મંડીઆછે તે શોધનો લાભ ખશુશ લેવો જોઈએ. એ શોધો જોકે ઘણી બારીકછે તોપણ અતીઘણી ઉપયોગી અને ધીઆન આપવા જોગછે.

આએ પુસતકના બે ભાગ કરવાને હમોએ દરૂસત ધારીઉંછે. એ માહેલા પેહેલા ભાગ મધે હમોએ જરથોસ્તી સને મુકરર કરવાની કોશેશ કરીછે, અને બીજા ભાગ મધે જરથોસ્તના જમાનાના ઈરાનીઓની સંસારી, ધરમ સંબંધી અને રાજકુઆરી હાલતનુ ટુંક વરણન કરીઉછે. પેહેલો ભાગ કે જે મધે હમોએ જરથોસ્તી સને વીશે લખીઉંછે તેને તરણ પરકરણમાં વેંહેંચી નીખીઓછે. એ માહેલાં પેહેલાં પરકરણમાં ખીલારોકા લેખોની શોધ થવા માંડી તેની આગમજના વીદંવાનો જરથોસ્તી સને વીશે શું શું વીચારો આપી ગયાછે તેનો ટુંક હેવાલ લખીઓછે. બીજાં પરકરણમાં હમો ખીલારોકા લેખોની શોધ વીશે બોલીઆ છીએ. તરીજું પરકરણ બીજાં બધાં કરતાં વધારે લાંબુંછે અને તેને હમો વધારે અગતીઅનુ ગણીએછે. એ મધે હમોએ કીઆંની અને એકીમીનીસ એ બંને વંશો જુદા હતા તથા ગુસ્તાસ્પ કીઆની તોખમનો હતો અને દારાએસ હીસ્તાસપીસ એકીમીનીસ વંશનો હતો તેની એક કરતાં વધારે રીતે પુરવારી કરી આપીછે, અને તે ઉપરથી જરથોસ્તી સનેની ગણતરી કરીછે. બીજા ભાગના પણ ત

રણ પરકરણ કરીઆંછે. એ માહેલાં પેહેલાંમાં જરથો સ્તના જમાનાના ઈરાનીઓની સંસારી, બીજામાં ધરમ સંબંધી અને તરીજામાં રાજદુઆરી હાલતનુ બીઆંન કરીઉંછે. એ સધલી બાબદો લખવામાં હમોએ જે પુ સતકો ઈરાનની તવારીખ લખવામાં કાંમે લગાડીઆં હ તાં તેજ પુસતકોની ઘણુ કરીને એમાં પણ મદદ લીધી છે; ઈઆને કે હમોએ આએ પુસતક બનાવવામાં હી રીનસ એશીઆટીક રીસરચીસ, રોલીનસનસ હીરોડો ટસ, દંકરની બનાવેલી પુરાતમ જમાનાની તવારીખ, માલકમ, ગીબન, રોહોડ, બુનસન તથા ડાકટર મારટી ન હાઉગના પુસતકો અને સર હેનરી રોલીનસને ઉક લાવેલા ઈરાનના પાહાડોની તખતી ઉપરના લેખોને હ મારા ભોમીઆ તરીકે ગણીઆ હતા.

હમોને આએ પુસતક મધે જોડાઅખશર નહી દાખલ કરવાની ભલામણ કરીઆમાં આવી હતી. એ ભલામણ ઉપર હમોએ ધીઆન પોંહોંચાડીઉંછે અને બનતાં સુધી હમારા વાંચનારાઓને રાજી રાખવાની કોશેશ કરીછે. ઘણેક ઠેકાણે જોડાઅખશર વગર ચલા વીઉંછે. બીજે ઠેકાણે જાંહાં જોડાઅખશર લખીઆ વીના માણસ તથા જગાના નામોનો ઉચાર બરાબર થ ઈ શકતો નથી તાંહાં જોડાઅખશેર વાપરીને તે ઉપર નોટ કરીછે અને તે સાદી રીતે લખી બતલાવીઉંછે. પ ણ જે નામો આપણા લોકોને જાણીતાં હોય તથા એક

બે વાર આવી ગયાં હોય તે જોડાઅખશેરમા લખીઆંછે.

આએ બાબદ સમાપત કરતી વેલાએ હમો હમારા દાનેશમંદ વાંચનારાઓની આગલ એવું કેહેવાની રજા લઈજીએછે કે હમોએ એ બાબદ પોતે શોધ કરીને લખી હોય તથા તે ઉપર અજવાલું નાખીઉં હોય એવો હમો ફાકો રાખતા નથી. એ પુસતક મધે જે કંઈ આવીઉંછે તે હમોએ ઉપલા તથા બીજા ગરંથકારો માંથી મેંલવીઉંછે. એ પુસતક કંઈ વીદવાન લોકોને માટે બનાવીઉં નથી, પણ જુવાન વીદીઆરથીઓ અને પારસીઓ કે જેઓને માઠા ભાએગે સારી ઈંગરેજી કેલવણી મલી ન હોય તેઓને માટે રચીઉંછે.

જે પારસી સેઠીઆઓએ હમોંને આએ પુસતક બનાવવામાં સારો આસરો આપીઓછે તેઓનો હમો આએ જગાએ ઉપકાર માનીએછે. એ સઘલા સેઠીઆઓમાં હમો ઓનરએબલ સેઠ રૂસતમજી જમશેદજી તથા સેઠ ખરસેદજી ફરદુનજી પારેખ અને સેઠ ખરસેદજી નોસેરવાનજી કાંમાજીના મોટા આભારી થયા છીએ. એ તરણે સેઠીઆઓ વીદીઆ અભીઆસના કાંમોને હમેશ આસરો આપતા આવીઆછે. પણ તેઓ વીદીઆ અભીઆસના કાંમનેજ માતર આસરો આપતા હોય એમ નથી. સરવે પરકારના સારાં કાંમોમાં તેમની સખાવત બોહોલી પણ છુપી રીતે કરીઆમાં આવે છે. તેઓ અમસથું બોલવાના કરતાં કાંમ કરવાને વ

ધારે પસંદ કરેછે. તેમની મુખીઅ મતલબ પોતાના ભાઈબંધોના સુખમાં વધારો કરવાની દીસેછે. તેઓ જે સારાં કાંમો કરેછે તે કોઈને દેખાડવાની મતલબથી નહીં પણ તે નેકછે એવું સમજીને કરેછે, અને "પોતે વધીઆના કરતાં ગરીબોને વધારવાને હમેશ ખંતી રેહેછે." એવાં માણસોના કાંમો "જોકે મુંગે મોહોડે કરીઆમાં આવેછે તોપણ તે લોકોમાં જાહેર પડીઆ વીના રેહેતાં નથી."

સાંકલીઉં.

ભાગ ૧.

પ્રકરણ પેહેલું.

પ્રકરણ બીજું.

પ્રકરણ તરીજું.

ભાગ ૨.

પ્રકરણ પેહેલું.

પ્રકરણ બીજું.

પ્રકરણ તરીજું.

જરથોસ્તી સને

જરથોસ્તી સને.

ભાગ ૧.

પ્રકરણ પેહલું.

તવારીખ સંબંધી ગુચવણ—ખીલારોકા લેખોની શોધ થવા માંડી તેની આગમજ જરથોસ્તી સને વીશે વીદવાનોએ આપેલા વીચારો.

તવારીખ સંબંધી ગુચવણ. જરથોસ્તના જનમકાળ વીશે આજ લગણ જે જે શોધો થઈછે તેમાં ખીલારોકા હરફોની શોધથી એ બાબદ ઉપર હાલ જેટલુ અજવાલું પડીઉંછે તેટલુ અજવાલું બીજી કોઈબી શોધથી કોઈ કાલે પડીઉં ન હતું. એ શોધની સરૂઆત કે જે આએ સદીને આરંભે થઈ હતી, તેની આગમજ આપણા દેશની તવારીખને લગતાં પુસતકો ઘણા અધુરાં અને ખાંમી ભરેલાં હતાં તથા તેમનો આબીઆશ કરવામાં અતીઘણી ગુચવણ અને અડચણ પ

ડતી હતી. એ પુસતકો ઘણુ કરીને **ગરીક** (યુનાની) તથા **ફારસી** જુબાંનમાં લખાએલાં હતાં. **ગરીક** ભાશામાં લખાએલી તવારીખોમાં **હીરોડોટસ**ની તવારીખ વજનદાર ગણાતી હતી અને **ફારસી**માં **ફીરદોસી**ના **શાહનામાં** ઉપર ઈતબાર રાખીઆમાં આવતો હતો, પણ એ બંને પરાંતનાં ગરંથકારોના કેહેવામાં બેહદ ફરક માલુમ પડતો અને કાંઈ અગતીઅની બાબદ ઉપર પણ તેઓના વીચાર મલતા આવતા ન'હતા. એ ઉપરથી તવારીખના અભીઆશીઓના મનમાં પુશકળ શક ઉતપણ થતો. કેટલાએક **ફીરદોસી**નાં દાસતાંન ઉપર વીસવાસ રાખતા; વળી કેટલાએક **હીરોડોટસ**ની તવારીખને ભરોંસા ભરેલી ગણતા; અને બીજાઓતો બંને ગરંથકારોના લખવા ઉપર વેહેમ લઈ જતા હતા. **જરથોસ્ત**ના સને વીશે પણ ઘણી ભાંજગડ ચાલતી હતી અને જુદા જુદા વીદવાંનો જુદા જુદા વીચારો આપતા હતા. પણ હવે એ સઘળી અડચણો મટી ગઈછે. હાલની નવી શોધથી તવારીખ તથા **જરથોસ્તી** સનેની બાબદમાં પુશકળ અજવાળું પડીઉંછે અને તેથી કરીને એ સને મુકરર કરવાને હાલ આપણ સાંમરથ થયા છીએ. એ અગતીઅની બાબદનો ખોલાશો કરવાની આગમજ, **જરથોસ્તી** સને વીશે આગલા જમાંનાનાં વીદવાનો શું શું મત આપી ગીઆછે, તે બાબે હાલ થોડા શબદ બોલવાની જરૂરછે.

ખીલારોકા લેખોની શોધ થઇ તેની આગમજ જરથોસ્તી સને વીશે વીદવાનોએ આપેલા વીચારો.

યુનાની ગરંથ કરતા **હીરોડોટસ** તથા **ઝેનોફન** કે જેઓ આગલા **ઈશનીઓ** વીશે બીજાઓ કરતાં વધારે લખી ગયાછે, તેઓ **જરથોસ્તના** સને વીશે કસું જણાવી જતા નથી; અને તેમના પુસતકો મધે તેનુ નામ પણ નજર આવતું નથી. તોએપણ તેમની પછીના બીજા ઘણાએક ગરંથકારો **જરથોસ્તની** જનમ ભુમી તથા તેના જનમકાળ વીશે પોત પોતાના વીચારો જાહેર કરી ગયાછે. **બેબીલોનની** તવારીખ લખનાર **બેરોસસ** એવું જણાવેછે કે **જરથોસ્ત** ઈ૦ સ૦ પુ૦† ૨૨૦૦ વરસ ઉપર, ઇઆને આજે ૪૦૬૪ વરસની વાત ઉપર થઇ ગયો. **ઝેનથસ** નામનો **લીડીઆનો** રેહેવાસી તથા **દાઓજીનીસ લેઅરશીઅસ** એવું લખી જાએછે કે **જરથોસ્ત ઝરકસીસે યુનાન** ઉપર સવારી કીધી તેની ૬૦૦ વરસ આગમજ ઇઆને ઈ૦ સ૦ પુ૦ ૧૦૮૦ વરસ ઉપર થઈ ગયો. **પ્લુટાર્ક**‡ તથા **સાઈડસના** કહા મુજબ તે **તરોએની** લડાઈની ૫૦૦ વરસ આગમજ ઇઆને ઈ૦ સ૦ પુ૦ ૧૭૦૯ વરસની વાત ઉપર થઇ ગયો. **હરમીપસ** તથા **હરમોંનદરે** નામના બીજા ગરંથ કરતાઓ **જરથોસ્તી** સનેને **તરોએ**

---

† ઇસવી સનની પુરવે ઇઆને કરાઇસટની આગમજ.

‡ પલુટારક.

ની લડાઇની ૫૦૦૦ વરસ અગાઉ ઇઆને ઈ૦ સ૦ પુ૦ ૬૨૦૯ વરસ ઉપર મેલી જાએછે. **એરીસટોટલ** તથા **યુડોકશીઅંસ** એ સનેને **પ્લેટો**§ (અફલાતુન) ના મરણની ૬૦૦૦ વરસ આગમજ ઇઆંને ઈ૦ સ૦ પુ૦ ૬૩૪૮ વરસ ઉપર મુકરર કરી જાએછે. **ટીશીઅસ** કે જે **આરટાઝરકસીસ નીમન**ની દરબારમાં ઘણો વખત સુધી રહો હતો તે ધણી એવું જણાવેછે કે **જરથોસ્ત બેકત્રીઆના**† મુલકનો રાજા હતો. **કોરેનનો મોસીસ** પણ એજ પરમાણે કહી જાએછે. અને એવું લખેછે કે તે ઈ૦ સ૦ પુ૦ નવમી સદીની આખેરે થઈ ગયો. **એમીએનસ મારસેલાઈનસ** નામનો એક **લાટીન** ગરંથ કરતા કે જે ઈ૦ સ૦* ની ચોથી સદીમાં શાનશાહ **જુલીઅન**ની સાથે **ઈરાન** ગયો હતો તે ધણી પોતાની તવારીખના ૨૩ માં પુસતકમાં એવું લખેછે કે **જરથોસ્ત બેકત્રીઆનો**† રેહેવાસી હતો; અને તેણે ઘણા કદીમ જમાનાામા **ઈરાનીઓના** ધરમમાં ઘણો વધારો કીધો હતો, અને તેની પછી **દારાએસના** બાપ **હીસ્તાસપીસે** તે ધરમને સુધારીઓ હતો. **પોરફીરી** એવું કેહેછે કે **હીસ્તાસપીસનો** બેટો **દારાએસ** પોતાના યાદ મકાન ઉપર એવો લેખ કરવાને ઇછતો હતો કે તેણે મોબેદોને

§ પલેટો.
† બેકતરીઆ.
* ઇસવી સન ઇઆને કરાઇસટની પછી.

કેલવણી આપી હતી. **તરોગોસપોંમપીઅસ**ની સતા ઉ પરથી **જસ્તીન** **જરથોસ્ત**ને **એસીરીઆ**નાં રાજા **ની ઈનસ**ના વખતમાં (ઈ૦ સ૦ પુ૦ ૧૩૦૦) વરસ ઉપર ઈઆને આજે ૩૨૦૦ વરસની વાત ઉપર મેલી જાએ છે.† **એલેકઝેનદરીઆ** (શીકંદરીઆ) નો રેહેવાસી **સેનટકલેમેંટ** કે જે ઈ૦ સ૦ ૨૦૬ માં થઈ ગયો, અને જે **પીથાગોરસ**નો સને ઈ૦ સ૦ પુ૦ ચોથી સદીમાં મુકરર કરી જાએછે, તે ધણી લખેછે કે **પીથાગોરસ** **જરથોસ્ત**નો ચેલો હતો. **પોરફીરી**ના બતલાવીઆ પર માણે **દાઓજીનીસ** કેહેછે કે **પીથાગોરસ** જારે **બાબીલોન**માં હતો તારે **જેબરેટસે** (જરથોસ્તે) તેને તાલીમ આપી હતી. **એપુલીઅસ** નામનો ગરંથ કરતા લખે છે કે "**કંબાઈસીસ** **પીથાગોરસ**ને કેદ પકડીને તેને **મીસર** દેશમાં લઈ ગયો હતો, કે જાંહાં તેને મોબેદોએ અને તેમાં વીશેશે કરીને **જરથોસ્તે** પોતે કેલવણી આપી હતી; પણ સાધારણ લોકોનો વીચાર એવોછે કે તે પોતે પોતાની ખુશીથી **મીશર** દેશના લોકોના શાશતરનો અભીઆસ કરવાને ગયો હતો અને તાંહાંથી **કેલદીઅન**

---

† આએ તથા એની ઉપર ટાંકેલું પોરફીરી અને એમીએનસ મારસેલાઈનસનુ મત ઘણુ કરીને હાલની નવી શોધો સાથે મળતું આવેછે, કે જે ઉપરથી એવું માલુંમ પડેછે કે જરથોસ્ત પેગંમબરે ઈરાનીઓનો ધરમ પેહેલ વેહેલાં બેકત્રીઆમાં પરગટ કરીઓ હતો અને પાછલથી તે ધરમને હીસ્તાસપીસના પુતર દારાએસે સુધારી તાજો કીધો હતો.

તથા **બશમીન** લોકોની મસલત લેવા નીકલીઓ હતો." **પ્લીની**¶ **જરથોસ્ત**ને નામના ઘણાએક સકસો વીશે બોલી જાએછે અને એવું કેહેછે કે **તરોઆની** લડાઈની ૫૦૦૦ વરસ અગાઉ **એઝોનેસીસ** નામનો એક **મીદીઆ**નો ધારા બાંધનાર થઈ ગયો. **એગેથીઅસ** નામનો **યુના**ની ગરંથ કરતા લખેછે કે " **જરથોસ્ત** કીઆ જમાનામા થઈ ગયો તે ચોકસ માલુંમ પડતું નથી. હાલના **ઈ**શ**ની**ઓ એવું જણાવેછે કે તે **હીસ્તાસપીસ** (વીસ્તાસ્પ) ના વખતમાં થઈ ગયો, પણ તે **હીસ્તાસપીસ** કીઓ, **દારાએસ**નો બાપ કે કોઈ બીજો તે ઘણું શક ભરેલુંછે. તે ગમે તે વખતે થઈ ગયો હોય તોપણ આટલુંતો ખરૂંછે કે તે **ઈરાનીઓ**નો પેગંમબર હતો અને તેણે તેઓમાં નવો ધરમ પરગટ કરીઓ હતો." એ વતરોગે બીજા **યુનાની** તથા **રૂમી** ગરંથ કરતા જેવા કે **થીઓપોંપસ, સ્ત્રેબો,**† **પોસેનીઅસ, દાઓકરીસોસ તોમ** ઈતીઆદી **જરથોસ્તી** ધરમ વીશે બોલી ગયાછે, પણ તેઓ તેના સને વીશે ચોકસ મત આપી ગયા નથી. આએ પરમાણે **યુનાની, રૂમી** તથા **લાટીન** ગરંથકારો **જરથોસ્ત**ના સને વીશે જુદી જુદી રીતે અનુમાન કરી ગયાછે. એ મીસાલે અનુમાન કરવામાં તેઓએ મોટી ગફલત ખાધીછે, અને એ ગફલત **ઈરાન**ની સર

¶ પલીની.
† સતરેબો.

જમીન ઉપર **જરથોસ્ત**ને નામના ઘણા શકસો હઇઆ તી ભોગવી ગયાછે તેને લીધે થઇછે. તવારીખ ઉપરથી આપણને બોલી રીતે માલુંમ પડેછે કે પરાચીન કાળ મા **ઈરાન** દેશ મધે **જરથોસ્ત**ને નામના એકથી વધારે ફીલસુફો થઈ ગયાછે, તેઓમાં એક **કેલદીઆ** અથવા **એ સીરીઆ**નો રેહેવાસી હતો, એક **પામફીલીઅન** હ તો; એક **અરમાની** હતો; એક **પરસીસ**નો રેહેવાસી હતો; એક **પરોકોનીશીઆ**નો રેહેવાસી હતો, કે જેને વીશે **પ્લીની*** લખી ગયોછે; અને એક **બેબીલોનીઅ ન** હતો કે જે **એપુલીઅસ**ના કહા મુજબ **પીથાગોરસ** નો સીખસાગુરૂ હતો; પણ **સ્ટેનલી†** નામનો નામી ચો વીદવાન જે **બેકત્રીઆ**ના* **જરથોસ્ત** વીશે બોલી જા એછે અને જેને તે **એસીરીઆ**ના રાજા **નાઈનસ**ના વખતમાં મેલી જાએછે તે **જરથોસ્ત** આપણો બરહક પે ગંબર હતો એવું હાલની શોધ ઉપરથી લગભગ મુકરર થાએછે. એ **જરથોસ્ત, સપીતમ** ઇઆને પાકના એલકા બથી ઓલખાએછે.

ઉપર જણાવેલા ઘણુ કરીને સઘલા **ગરીક, રૂમી** તથા **લાટીન** વીદવાનો ઈ૦ સ૦ ની પાંચમી સદીની આગમજ થઈ ગયા હતા. પછી ઈ૦ સ૦ ની છઠી સ

---

* પલીની.

† સટેનલી.

* બેકતરીઆ.

દીમાં રોમનુ મોટું રાજ પડીભાગું તારે વીદીઆ અ ભીઆસ તથા સુધારાના કામમાં ઘણી અડચણ પડવા લાગી. સાતમી સદીમાં **મુસલમાન** લોકોનો દોર ઘ ણો વધીઓ તેથી સીખવાનુ તદન ભાગી પડીઉં, અને લોકો સુધરાઈમાં આગલ વધવાને બદલે પાછલ પડવા લાગા. આઠમી સદીમાં **શારલમેન** નામના એક પર ખીઆત રાજાએ **યુરોપ** ખંડમાં સુધારાના બી રોપીઆં હતાં તોપણ તેના મુઆ પછી તેની પાછલ ઘણા નબલા અને ખરાબ પાદશાહો થયા અને **યુરોપ** પાછું માઠી અવસથામાં આવી પડીઉં. તારપછી નવમી તથા દસ મી સદીમાં **યુરોપ** દનપર દન ઘણીજ જંગલી હાલતમાં આવતું ગયું. એ સમે દુનીઆની તવારીખમાં ઘણો અભાગીઓ ગણાએછે અને એ વખતને તવારીખ લ ખનારાઓ ઘણા જંગલીપણાનો વખત કરી કેહેછે; તો પણ એ સદીમાં **એસીઆખંડ** મધે થોડો ઘણો સુધા રો થવા માંડીઓ હતો. **ઈરાન**માં ફારસી તથા પેહેલ વીનો અભીઆસ બહુ વધીઓ હતો. એ વખતે **ફીર દોસી** નામના એક સાહેરે આપણા અસલી પાદશાહો ની એક દાસતાન કવીતામાં લખી હતી, એ દાસતાન **શાહનામા** ઈઆને પાદશાહોનુ પુસતક એવે નામે એ લખાએછે. એ **શાહનામા** મધે **ફીરદોસી** આપણા **જ રથોસ્ત** વીશે એવું જણાવેછે કે તે **કીઆની** તોખમના પાદશાહ **ગુસ્તાસ્પ**ના વખતમાં થઈ ગયો. **ફીરદોસી**ના

શાહનામા ઉપર હાલ જાજો ઈતબાર રાખીઆમાં આવતો નથી. તે મધેનો **પેશદાદ** તથા **કીઆની** તોખમનો હેવાલ થોડોઘણો અવસતા સાથે મલતો આવેછે, પણ **એકીમીનીસ** વંશના પાદશાહો કે જેને વીશે યુનાની ગરંથ કરતા **હીરોડોટસ** લખી ગયોછે, તથા જેનું વરણન **ઈરાન** માંહેલા પાહાડોની તખતીઓ ઉપર કરેલુંછે તેને વીશે **ફીરદોસી** કસું લખી ગયો નથી. એ વતરોગે એ પુસતકમાં ઘણીએક નહીં માંનીઆમાં આવે એવી વાતો લખેલીછે તેથી એ પુસતકને તવારીખ દાખલ હાલ કોઈ વજન આપતું નથી. તોયપણ તેની સાદી અને રસીલી જુબાંનને માટે ફારસીનાં અબીઆસીને તે ઘણું અગતીઅનું થઈ પડીઉંછે, અને એજ કારણસર વીદવાનોમાં પણ તેની પુશકળ વખાંણ થાએછે. એજ વખતનો **મેસુદી** નાંમનો એક **અરબસતાનનો** મુસાફર **જરથોસ્ત** વીશે એવું લખેછે કે, મોબેદોનાં કહા પરમાંણે તે **શીકંદર** પાદશાહની ૨૮૦ વરસ આગમજ થઈ ગયો. પંદરમી સદીને આખેરે **મીરખોંનડ** તથા તેના બેટા **ખોંનદેમીરે** **ઈરાનીઓની** તવારીખ લખી હતી પણ તે માંહેલો ઘણું કરીને સઘલો હેવાલ **ફીરદોસીનાં** દાસતાનને મલતો આવેછે. અઘારમી સદીમાં **બેલી** નામનો એક **યુરોપીઅન** ગરંથ કરતા કે જે જીઓતીશ શાશતરની ગણતરી ઉપરથી આગલા જમાંનાની તવારીખની મુદતો મુકરર કરી ગયોછે

તે ધણી **જરથોસ્તી** સનેને ઈ૦ સ૦ પુ૦ ૨૪૫૯ ઈઆ ને આજે ૪૩૨૩ વરસની વાત ઉપર મેલી જાએછે.† એજ સમેમાં **પુશે** નામનો એક ગરંથ કરતા **જરથોસ્તી** સનેને ઈ૦ સ૦ પુ૦ સાતમી સદીની આખેરે મેલી જાએછે, અને એવું જણાવેછે કે વંદીદાદ માહેલો **વીસ્તાસ્પ** અને યુનાનીઓનો પેહેલો **સંએકસરીસ** એ બંને એકજ પુરૂશો હતા. **ટાઈશન** પણ એજ પરમાણે હકી જાએછે.

એ વખતે ઈઆને અધારમી સદીમાં યુરોપખંડના કાબેલ વીદવાનો ઉગમણ તરફની ભાશા ઉપર વધારે ધીઆંન આપવા લાગીઆ. તેઓએ વીશેશે કરીને **હીબરૂ**, **એરેબીક**, અને **ફારસી**નો અભીઆશ કરવા માંડીઓ હતો. એ વેલાએ **ડાકટર હાઈડ** નાંમનો એક વીદવાન કે જે તે વખતે **ઓખશફરડ**ની પાઠસાલામાં **હીબરૂ** તથા **એરેબીક** ભાશાનો શીખશાગુરૂ હતો, અ

---

† આએ બીનાં જાહેર કરતી વખતે રોહોડ નામનો એક જરમન વીદવાન લખેછે કે એલી વરસની ગણતરી કરવામાં એક અજાએબ જેવી રીતી કાંમે લગાડતો હતો. કોઈ વેલા એ તે પોતાની મતલબ સાંધવા સારૂં વરસને બરાબર ૩૬૫ દાહાડાનું ગણતો હતો; કોઈવાર તરણ મહીનાનું, અને કોઈ વાર મહીનાનું અથવા દાહાડાનું વરસ ગણતો હતો. જરથોસ્તી સને મુકરર કરવામાં પણ તેણે એજ ઈલકતી કાંમે લગાડીછે, અને અસલી ગરંથકારો જે જરથોસ્તનો સને ઠેરવી ગયાછે તેઓનાં મતને લગભગ મલતો આવવાને એ પણ પોતાની મરજી માફક ઈ૦ સ૦ પુ૦ ૨૪૫૯ મું વરસ ઠેરવી જાએછે.

ને જેણે પારસીઓનાં ધરમનું બરાબર બીઆંન કરવા ની પેહેલ વેહેલાં કોસેસ કરી હતી, તેણે એવું પરગટ ક રીઉં કે પારસી લોકોનો પેગમબર **જરથોસ્ત દારાએસ હીસ્તાસપીસ** કે જેને ઉગમણ પરાંતના ગરંથકારો **ગુસ્તાસ્પનો¶** નાંમે ઓલખેછે તેનાં વખત (ઈ૦ સ૦ પુ૦ ૫૧૯) માં ઈઆને આજે ૨૩૦૦ વરસની વાત ઉપર થ ઈ ગયો. એ મતને **આંકીટીલડુપેરોં** નાંમના વખણા એલા અને કાબેલ **ફ્રેંચ** વીદીઆરથીથી ટેકો મલીઓ હતો. એ વીદીઆરથીએ આપણા જંદ અવસતાનો ફરેંચ જુબાનમાં તરજુમો કરીઓ હતો, તથા આપણા ધરમને લગતી બીજી ઘણીએક બાબદમાં અછી શોધ કીધી હતી. **આંકીટીલ**ના તરજુમાંથી યુરોપખંડમાં મોટી અચ રતી ઉતપન થઈ હતી, અને લોકો તે પુસતક ઘણી [illegible]સથી વાંચતા હતા. એ પુસતક તે વેલાએ એટલી [illegible]ઈનતેજારીથી વાંચીઆમાં આવતું હતું કે **કલ્યુકર†** [illegible]મનાં **જરમન** વીદવાને તેનો **જરમન** ભાંશામાં તરજુ[illegible] કરીઓ હતો; અને એજ પુસતક ઉપરથી **રોહોડ** નાં[illegible]મના એક બીજા **જરમને જરથોસ્તી** ધરમનો એક ઘણોજ [illegible]ાદર હેવાલ આપીઓ હતો. **આંકીટીલ**નો તરજુમો જોકે ઘણો ભુલ ભરેલો અને અસુધછે તોયપણ તે મયેથી **જરથોસ્તી** ધરમને લગતી મુખીઅ બાબદો મલી આવેછે.

¶ ગુસતાસપ.
† કલુકર.

એ બંને ગરંથ કરતા, હાઈડ અને આંકીટીલ જરથોસ્ત ને દરાએસના વખતમાં મેલી જાએછે. તેનુ મુખીઅ કાર ણ નીચે મુજબ જાંણીઆમાં આવેછે. એ બંને કાબેલ વીદવાનોએ ઈરાનને લગતી તવારીખના ગરીક તથા ફાર સી જુબાનમા લખાએલાં પુસતકો વાંચીઆં હતાં, તેમાં તે ઓને અતીઘણો તફાવત માલુંમ પડીઓ. તોપણ તેઓને તે મધેની થોડીએક બીનાઓ એક બીજા સાથે મલતી આવતી હોય એવી લાગી. એ મલતી આવતી બાબ દોમાં તેઓને ગુસ્તાસ્પ તથાં હીસ્તાસપીસ એ નામો એક સરખાં લાગાં. તેઓએ જોયું કે હીસ્તાસપીસ નુ જંદ ભાશામાં વીસ્તાસ્પ થઈ શકેછે, અને વીસ્તા સ્પનુ ફારસી જુબાનમાં ગુસ્તાસ્પ બોલાએછે, તે ઉપર થી તેઓએ હીસ્તાસપીસ તેજ ગુસ્તાસ્પ એવું થોકી બેસાડીઉં; અને એવું કેહેવા લાગા કે પારસી લોકો પેગંમબર જરથોસ્ત દારાએસ હીસ્તાસપીસ કે ને તે લોકો ગુસ્તાસ્પ કરીને કેહેછે તેના વખતમાં થઈ ગ યો. આએ મત પાછલના ગરંથકારો જેવાકે આઉ લી, પોરટર, પરીડયુ,§ ન્યુટન,† રીચરડસન, સર ઉલી અમ જોનસ, માલકમ અને એ વતરોગે બીજાઓએ

---

§ એ ધણી પ્લીનીની સતા ઉપરથી એવું પણ જણા વેછે કે દારાએસ હીસ્તાસ્પીસની ૬૦૦ વરસ આગમજ એક બીજો જરથોસ્ત થઇ ગયો હતો.

† નીઊટન.

ખાહાલ રાખીઉં હતું. એ માહેલા છેલલા બે વીદવા નોએતો ઉગમણ તથા આથમણ પરાંતના વીદવાનોએ આપેલાં ઈશનના પાદશાહોના નામો તથા તેમને લગતી બાબદોનો પોતાના પુસતકોમાં મુકાબલો કરીઓછે. તે ઓએ શાહનામા માહેલા કીઆની તોખમના પાદશાહો નો હીરોડોટસના પુસતક મધે જણાવેલા એકીમીની સ વંશના પાદશાહો સાથે મુકાબલો કરવાની કોશીશ કરીછે અને એવું જાહેર કીધુંછે કે એ બંને વંશો જુદા નહી પણ એકજ હુતા. એ ઉપરથી તવારીખના બાબમાં કેટલો ગુચવારો થયોછે તથા તે સચાઈ સાથે કેટલો સંબંધ રાખેછે, અને તેને હાલની શોધોથી કેટલો ટેકો મલેછે, તે વીશે આગલ જણાવેલી વીગત વાંચીઆથી દાંનેશમંદ વાંચનારની ખાતરી થશે એવી હુમો ઉમેદ રાખીએ છીએ.

પ્રકરણ બીજું.

ખીલારોકા લેખોની શોધ—તેથી નીપજતા ફાએદા તવારીખના બાબમાં હાલના કેટલાએક જરમન વીદવાનોએ કરેલી શોધનુ પરીણામ—કીઆની અને એકીમીનીસ એ બંને વંશો જુદા હતા—એ ઉપર થી જરથોસ્તી સનેની ગણતરી.

ખીલારોકા લેખોની શોધ.

ઉપર કહા પરમાણે યુરોપના કાબેલ વીદવાનો હાલની સદીની આગમજ પારસીઓને લગતી પુરાતમ જમાંનામાં બનેલી બાબદોની શોધમાં ગુંથાએલા હતા, અને તેઓ અંધારાંમાં ગોતાં ખાતા હતા. પછી ઓગણીસમી સદીની સરૂઆતમાં **ઈરાની ખીલારોકા હરફોની** શોધ થવા માડી. એ શોધ કરવાનુ પેહલું માન ગરોટોફેંડ નામના એક **જરમન** વીદવાનને ઘટેછે. એ શકસે કેટલાંએક વરસ સુધી બારે રંજ અને મેંહેનત લઈને **ઈરાન** માહેલી પાહાડો ઉપર કોતરેલી કેટલીક તકતીઓના હરફો ઉકલાવીઆ અને તેમનું ખરાપણું તવારીખથી સાબેત કરી આપીઉં. મી

તે વીશે મી૦ ગરોટોફેંડના વીચારો.

ગરોટોફેંડે પરોફેસર હીરીનની અરજથી ખીલારોકા હરફ વીશે પોતાની શોધનો એક નીબંધ લખીઓ હતો તે નીબંધ સમાપ્ત કરતી વેળાએ એ ધણી નીચે જણાવેળો વીચાર આપી જાએછે. તે કેહેછે કે " ઈરાની પાદશાહો વીશે ન

યુનાનીઓ લખી ગયાછે તે આએ તકતીઓ સાથે પુરે પુરૂં મલતું આવેછે. હાલના ઈરાની ગરંથકારો આગલા ઈરાનીઓ વીશે જે મોટાં મોટાં અને નહી માનવા જોગ દાસતાનો કરી ગઓછે તેથી યુનાનીઓની લખેલી ઈરાનની તવારીખને કસો અલવાર આવનાર નથી; અને જો કે તેમાં ફેરફાર અને ખીગાડ થયો હોય તોપણ તે એટલીતો ભરોશો રાખવા જોગછે કે તેનું તકતીઓ ઉપરના લેખો સાથે મલતું આવવું એ માહારા ઉકલાવેલા હરફોના ખરાપણાનો એક મજબુત દાખલોછે એવું હું ધારૂંછું. એક દેશમાં બનેલી બાબદો વીશે તેજ દેશના લોકો સેંકડો વરસ પછી લખે તે જેટલું ભરોશા ભરેલું હોયછે તેના કરતાં પારકા દેશના લોકો તે બીનાઓ જે જમાનામાં બની હોય તેજ જમાનામાં લખેતો તે વધારે ઈતબાર રાખવા જોગ કેહેવાએછે. તેટલા માટે ઈરાનની અસલના વખતની તવારીખ લખતી વેળાએ આપણને હાલના જમાનાના ઈરાની ગરંથકારોનો આધાર પકડવો નહી જોઈએ. ખીલારોકા હરફો ઉકલાવીઆથી ઈરાનની અસલના વખતની તવારીખ ઉપર નવું અજવાલું પડશે એવી જે વીદવાનોએ આશા બાંધી હતી તે હજી પુરી પડી નથી, પણ જે શકસ એવું કેહેશે કે એ હરફો ઉકલાવવામાં હાલ શુધી જે કોશેશ કરીઆમાં આવીછે તે અધુરી અને વીઅરથછે, તથા તેનો અભીઆસ કરવો નકામોછે અને તેથી કંઈ

અગતીઅના પરીણામ નીપજવાના નથી તો તે શકસ ખરેખરો ભણેલો કેહેવાશે નહી; પણ એકવાર એ હરફો ઉકલાવવામાં જે ખરી રીત બતલાવવામાં આવીછે તે પરમાણે બીજી શોધો કરીઆથી ખરેખર સારાં પરીણા એ વીચારો મો નીપજશે." મી૦ **ગરોટોફેંડ**નો આએ

૩ ખરાપણું. વીચાર ઘણો વખાણવા જોગછે અને તેણે જે અનુમાન કીધું હતું તે હાલ ખરૂં ઠરીઉંછે. તે વખતના વીદવાનોએ ખીલારોકા લેખોની શોધથી તવારીખના બાબમાં અજવાળું પડશે એવી જે ઉમેદ રાખી હતી તે હાલના **જરમન** વીદવાનોની વખાણવા લાએક ધીરજ અને મેહેનતથી પાર પડીછે. વલી એ ગરંથ કરતા **ફીરદોસી** તથા બીજા હાલના જમાનાના **ઈરાના** ગરંથકારોની લખેલી તવારીખ ઉપર ઇતબાર રાખતો નથી પણ **હીરોડોટસ**ની લખેલી તવારીખ કે જે તખતીઓ ઉપરના લેખો સાથે મલતી આવેછે અને જેનો તકતીઓ મધેની બાબદો સાથે મુકાબલો હમોએ આગલ કરીઓછે તેને વજનદાર હેરવેછે. **ફીરદોસી**ની આપેલી **પેસદાદ** તથા **કીઆની** વંશની તવારીખ થોડીક વાતે અવસતાની તવારીખ સાથે મલતી આવેછે તથા તે મધેનો **શીકંદર** પાદશાહનો થોડો ઘણો હેવાલ અને તેમજ તેની પાછલના **સાસાની** તબકકાના પાદશાહોની વીગત પશચમ તરફના ગરંથકારોના આપેલા હેવાલ સાથે મલતી આવેછે તેટલા માટે આપણ તેને તદન રદ

કરી શકતા નથી, પણ તે **હીરોડોટસ**ની તવારીખ સાથે મલતી આવનાર નથી કારણ કે **હીરોડોટસ**ની તવારીખમાં જે **એકીમીનીસ** વંશના પાદશાહોનુ બીઆન લખેલુંછે તે વંશ વીશે **ફીરદોસી**એ કંઈજ જણાવીઉં નથી.

ખીલારોકી તખતીઓની શોધમાં વધારો.

આએ મીસાલે **ગરોટેફેંડ**ને થોડી ઘણી ફતેહ મલી તેથી **યુરોપ** ખંડના બીજા આલમાઓને એ માહાભારત કાંમમાં કોશેશ કરવાને હીમત આવી. એ વીદવાનોમાં **રાસ્ક**,† **બોરનુફ**, **વેસતરગારડ**, **લાસન** અને વીશેશે કરીને **સર હેનરી રોલીનસન**ના આપણ મોટા ઉપકારી થયા છઈએ. એ નામાંકીત વીદવાનોની શોધનો નીવેડો હાલ આવીઓછે અને તેનુ પરીણામ સારૂં નીપજીઉંછે. એ શોધથી આપણને અગણીત ફાએદા થયાછે.

તેથી નીપજતા ફાએદા.

પારસીઓની પુરાતમ જમાનાની તવારીખમાં જે ગુચવણ અને અડચણો પડતી હતી તે હાલ મટી ગઈછે. ઉગમણ તથા આથમણ પરાંતના ગરંથકારોના કેહેવામાં જે મોટો ફરક પડતો હતો તેનુ કારણ માલુમ પડી આવેછે અને ઘણેક દરજે તેનો ખોલાશો થઈ શકેછે. એ ઉપરથી એક અસલી મુવેલી ભાશા અહીઆતીમાં આવીછે અને તે જંદ તથા પેહેલવીના અભીઆશીઓને ઘણી ફાએદેમંદ થઈ પડીછે. **એકીમીનીસ** નામના ટોળાના આપણા અસલી પાદ

---

† રાસક.

શાહો કે જેઓ વીશે આજ સુધી આપણને કસી ખબર ન હતી તેઓની જાહોજલાલી તથા રીત ભાતથી આપણ વાકેફ થઇએ છઇએ અને આપણે મનસે તેઓએ ગોયા નવો જનમ લીધો છે. **હીરોડોટસ** તથા બીજા **યુનાની** ગરંથકારોએ આપેલી **ઈરાન**ની તવારીખને ટેકો મલેછે અને તેથી તે ઘણેક દરજજે ભરોશો રાખવા જોગ થઈ પડેછે. **જરથોસ્તી** સને પણ મુકરર થઈ શકેછે તથા એ વતરોગે આ નવી શોધથી તવારીખ સંબંધી બાબદોમાં બીજું અતી ઘણું અજવાળું પડીઉંછે.

તખતીઓ મધે આપેલી બાબદો નુ ખરાપણ.

ખીલારોકા હરફોની તખતીઓ જે હાલ ઉકલાવીઆમાં આવીછે અને જેનો અગણીત ફાએદો આપણને મલી ચુકોછે તેના ખરાપણા વીશે શક લઈ જવાને આપણી પાસે કંઈબી કારણ નથી. કેમકે તે આપણા પોતાના પાદશાહોને હાથની લખેલી નોધોછે અને કોઈ પારકા શકસોને હાથની લખેલી નથી. આપણ જારે હાલના વખતમાં તવારીખની ખુટ જોઈએછે અને જારે આપણને માલુમ પડેછે કે આપણા ઘણું કરીને સઘલાં પુસતકોનો જનુની **મુસલમાંનો**ને હાથ નાશ થયો હતો, તથા જે તવારીખને લગતાં પુસતકો હાલ આપણી પાસ સલાંમતછે તે પણ **મુસલમાંનો**નેજ હાથ લખાએલાંછે અને તે થોડોજ ભરોશો રાખવા જોગછે તારે આએતો આપણા પોતાના પાદશાહોએ પોતાની જાહોજલાલીની

તથા રાજદુવારી કાંમોની આપેલી નોધોછે તે ઉપર આ પણ શા માટે ભરૂશો નહી રાખીએ. એ તકતીઓ **પરસીપોલીસ**, **બીહીસ્તન**,† **એલવેંડ** અને **નકશે રૂસતમ**ના પાહાડો ઉપર ઘણી કરાંમતથી કોરાવેલીછે અને તેઓ ઉપર **દારાએસ**, **જરકસીસ**, તથા **આરટા જરકસીસ ઓકસ**ના કોરાવેલા લેખો નજર આવેછે. એ સઘલાઓમાં **દારાએસ**ના કોરાવેલા લેખો પુશકલ દીઠામાં આવેછે. એ લેખો મધે તેણે ખરેખરી બીના જાહેર કીધીછે તેની સાબેતી **બીહીસ્તન**ના ખરકના ચોથી હારના સાતમાં અને આઠમાં ફકરા ઉપરથી થાએછે. તે મધે **દારાએસ** લખેછે કે "મેં જે આએ મારાં કાંમોનો હેવાલ આપીઓછે તે સચઇની રાહે આપીઓછે અને તેમાં **હોરમજદ** માહારો સાહેદીછે." વલી તે કેહેછે કે "એ વતરોગે બીજું જે કંઇ મેં **હોરમજદ**ની મદદથી કીધુંછે તે મેં અતરે જણાવીઉં નથી, કારણ કે જે કોઇ હવે પછી એ લેખો વાંચે તેને કદાચ એવો વેહેમ જાએ કે મેં માહારાં બીજે ઠેકાણે કીધેલાં કાંમોનો હેવાલ ખોટી રીતે આપીઓછે." આએ ઉપલો વાકીઅ વાંચીઆ પછી કોઇ પણ શકસ એ હરફોના ખરાપણા ઉપર શક નહી લઈ જશે એવી હમો ઉમેદ રાખીએછે. તેઓ ઉપર ભરોશો રાખવાનુ બીજું મજબુત કારણ એછેજે તે મધે લખેલી બાબદોને તે જમ

† બીહીસતન.

નાની બીજી તવારીખો જે હાલ આપણી પાસે મોજુદ છે તેઓમાંથી ટેકો મલેછે. એ તકતીઓ પાહાડોની ઘણીજ કઘંગી જગાઓ ઉપર કોતરેલીછે અને તે જગાઓ પસંદ કરવામાં પણ આપણા આગલા પાદશાહો ઘણુ ડાહાપણ બતલાવી ગયા છે તે આપણને સાફ માલુંમ પડી આવેછે. આજ એ તકતીઓ કોતરીઆને સેંકડો વરસ વહી ગયાંછે; મોટાં મોટાં શેહેરો અને રાજો પાએમાલ થઈ ગયાંછે અને મોટી મોટી ઈમારતો ફનાં થઈછે તોપણ તખતીઓ ઉપર વખતના દોરની જાજી અસર થઈ નથી. તેઓ ઘણુ કરીને અનાંમત જેવીને તેવીજછે તેથી જેઓએ એ જગા પસંદ કીધીછે તે ખરેખર તેમના ડાહાપણુંની એક મોટી નીશાણીછે અને તેમના મોટાં નામને તેથી જેબ મલેછે.

તખતીઓની જગા પસંદ કરવામાં આપણા પાદસાહોએ બતાવેલું ડાહાપણ.

તવારીખ લખનારે માતર એ નવી શોધ ઉપર બેસી રેહેવું જોઈતું નથી. તેને એ વતરોગે અવસતાનો અભીઆસ કરવો જોઈએછે અને તે સાથે તે વખતની યુનાનીઓની લખેલી તવારીખથી માહેતગાર થવું જોઈએછે. એમ કીધાથી એ શોધનો ખરો લાભ લેવઈ શકાએછે. આવી રીતનો લાભ હાલના કેટલાક **જરમન** વીદવાનોએ લીધોછે. તેઓ એ બાબદમાં પોતાની શોધનું પરીણામ એવું જણાવી જાએ કે **ઈશન**

તવારીખ લખનારને અવસ્તાના અભીઆસની જરૂર.

તવારીખના બાબમાં હાલના કેટલાએક જરમન વીદવાનોએ કરેલી શોધનુ પરીણામ.

ની તવારીખ વીશે જે ઉગમણ તથા આથમણ પરાંતના ગરંથકરો જુદો જુદો વીચાર આપી ગઆછે તે બંવે તરફના ગરંથકારો ઘણીએક બાબદોમાં ભરોશો રાખવા જોગછે. તેઓ કંઈ એકજ વખતની તવારીખ આપી ગયઃ નથી પણ જુદા જુદા વખતો તથા જુદા જુદા વંશોનુ બેઆન કરી ગયાછે. **ફીરદોસી** પોતાના **શાહનામા** મધે **કીઆની** વંશનો જે હેવાલ આપી ગએોછે તે અને **હીરોડોટસ** જે **એકીમીનીસ** ટોલાના પાદશાહો વીશે પોતાના પુસતકમાં લખી ગએોછે તથા જેનુ ટુક બીઆન ઈરાનમાં **બીહીસ્તન, એલવંડ, નકશે રૂસતમ** અને એ વતરોગે બીજા પાહાડો ઉપર ખોંલારોકા હરફોમાં કરેલુંછે તે એકજ નહી પણ જુદા જુદા વંશોછે; અને **કએખશરૂ, કએ ગુસ્તાસ્પ** તથા **કીઆની** વંશના બીજા પાદશાહોને **એકીમીનીસ** વંશના મોટા પાદશાહ **સાઈરસ, દારાએસ** ઈતીઆદી સાથે કસો સંબંધ નથી તેથી તેઓને એક સમજવા જોઈતા નથી. તેઓ જુદા જુદા જમાનામાં થઈ ગઆ અને તેઓ જુદા જુદા મુલકોમાં રાજ ચલાવતા હતા. તેઓ કેહેછે કે **જરથોસ્ત ગુસ્તાસ્પ** નામના **કીઆની** વંશના પાદશાહના વખતમાં થઈ ગએો. **જરથોસ્ત ગુસ્તાસ્પ** પાદશાહના વખતમાં થઈ ગએો તે **શાહનામા** તથા જંદ અવસતા ઉ

પરથી સાબેત થાએછે; પણ તે **ગુસ્તાસ્પને દારાએસ હીસ્તાસપીસ** સાથે ભેલી નાખવો એ મોટી ચુકછે. એ ચુક બતલાવી આપવાને તથા **કીઆની અને એકીમીનીસ** એ બંધે વંશો જુદા હતા તેની પુરવારી કરી આપવાને આપણને પેહેલી કોશેશ કરવી જોઇએ, સબબ કે જારે આપણ એવું સાબેત કરી આપીએ કે **કીઆની અને એકીમીનીસ** એ બંધે વંશો જુદા હતા અને **જરથોસ્ત કીઆની** વંશના એક છેલલા પાદશાહના વખતમાં થઈ ગએો તારે **જરથોસ્તનો** સને અલબત **દારાએસના** વખત (ઈ૦ સ૦ પુ૦ ૫૨૧) ની સેંકડો વરસ આગમજ મુકરર થવો જોઇએ.

કીઆની અને એકીમીનીસ એ બંને વંશો જુદા હતા.

એ ઊપરથી જરથોસ્તી સનેની ગણતરી.

એનું કારણ એવુંછે કે **કીઆની** વંશની સમાપતી **એસીરીઆના** રાજા **નાઈનસે** કરી હતી અને એ **એસીરીઅન** લોકોની હકુમત ઈ૦ સ૦ પુ૦ ૧૨૩૦ થીતે ઈ૦ સ૦ પુ૦ ૭૦૮ સુધી ઈઆને આસરે ૫૦૦ વરસ લગણ **ઈરાન** ઉપર ચાલી હતી. પછી **મીદ** લોકોએ તેમને હરાવીને તે રાજની લગામ પોતાના હાથમાં લીધી હતી. એ **મીદ** લોકોનો અમલ ઈ૦ સ૦ પુ૦ ૭૦૮--૫૫૮ સુધી ઈઆને આસરે ૨૦૦ વરસ તલીક ચાલીઓ હતો. તારપછે **સાઈરસ** પાદશાહે **મીદ** લોકોને હરાવીને **ઈરાનનું** રાજ પોતાને સવાધીન કરીઉં હતું. એ **સાઈરસ** પાદશાહ પોતાના બાપની તરફથી

એકીમીનીસ વંશનો હતો અને તે **દારાએસ હીસ્તા સપીસનો** નજદીકનો સગો હતો તથા **દારાએસ** તેની પછી ચોથો પાદશાહ હતો. આએ પરમાંણે જોતાં આપણને માલુમ પડેછે કે **ગુસ્તાસ્પ** અને **દારાએસ હીસ્તાસપીસ** એ બંધે પાદશાહો એક બીજાથી ૮૦૦ વરસને અંતરે થઇ ગયા. **ગુસ્તાસ્પ** પાદશાહના વખત પછી ૮૦૦ વરસે **દારાએસ** પાદશાહ થયો. અવસતામાં એવું જણાવેલુંછે કે **જરથોસ્ત ગુસ્તાસ્પ** પાદશાહના વખતમાં થઈ ગયો; તારે **જરથોસ્ત** પણ **દારાએસના** વખત (ઈ૦ સ૦ પુ૦ ૫૨૧) ની ૮૦૦ વરસ આગમજ ઈઆને (ઈ૦ સ૦ પુ૦ ૧૩૦૦) વરસ ઉપર થઈ ગયો તેથી આજે તેને લગભગ ૩૨૦૦ વરસ થવાં જોઈએ.

પ્રકરણ તરોજું.

ગુશ્તાસ્પ તથા દારાએસ હીસ્તાસપીસ એ બંને કેવલ જીુદાજ પાદશાહો હતા તેની ચાર રીતે પુરવારી, પેહેલું;—તેમના સવાધીન માહેલાં મુલકો ઉપરથી, બીજીું;—તેમના વડાવાઓના નામો ઉપરથી—તરજીું;—તેમના રાજોમાં બનેલી બીનાઓ ઉપરથી, ચોથું;—હાલના કાબેલ વીદવાનોના કેહેવા ઉપરથી. એ સઘલી બીનાઓ ઉપરથી જરથોસ્તી સનેની પુરવારી.

ગુસ્તાસ્પ તથા દારાએસ હીસ્તાસ્પીસ એ બંને કેવલ જીુદાજ પાદશાહો હતા તેની ચાર રીતે પુરવારી.

આપણે ઉપર જણાવીઉંછે કે **જરથોસ્તી** સને મુકરર કરવામાં એવું સાબેત થવું જોઈએ કે **કીઆની** અને **એકીમીનીસ** એ બંને વંશો જીુદા હતા. હાલ આપણા કેટલાએક લોકો **સર ઉલીઅમ જોનસ, માલકમ** અને એવાજ બીજા છેલી સદીનાં જીુના ગરંથકારોના પુસતકો ઉપરથી એવી તકરાર ઉઠાવેછે કે **કીઆની** અને **એકીમીનીસ** એ એકજ વંસના જીુદાં જીુદાં નામોછે તથા **ગુસ્તાસ્પ** તેજ **દારાએસ હીસ્તાસપીસ**·અને **જરથોસ્ત ગુસ્તાસ્પ**ઈઆને **દારાએસ હીસ્તાસપીસ**ના વખતમાં થઈ ગયો. આએ તેમની ચુક આપણુને બતલાવી આપવી જોઈએ અને તેમાં દાખલા દલીલ આપીને તેમની ખા

તરી કરી આપવી જોઈએ. **કીઆની** અને **એકીમીનીસ** એ બંધે વંશો જુદા હતા તથા **ગુશ્તાસ્પ** કીઆની તોખમનો હતો અને **દારાએસ હીસ્તાસપીસ** એ **કીમીનીસ** વંશનો હતો તે બાબદની પુરવારી હમોએ ચાર જુદી જુદી રીતે કરી આપવાને દરૂસત ધારીઉંછે.

પેહેલું—ગુસ્તાસ્પ અને દારાએસ હીસ્તાસપીસના સવાધીનમાં જુદાં જુદાં મુલકો હતાં.

પેહેલું—પાદશાહ **ગુશ્તાસ્પ** તથા **દારાએસ** ઈરાનના જુદા જુદા મુલકોમાં વસતા હતા અને એ બંને પાદશાહોના વખતમાં જે જે મુલકો જણાએલાં હતાં તેમાં ઘણો ફરક માલુમ પડેછે. **ગુશ્તાસ્પ**ના વખતમાં જે જે શેહેરો, પાહાડો અને નદીઓ ઈતીઆદી ઈરાનીઓને જાંણીતાં હતાં તે સઘલાં મુલકોના નામો આપણને અવસતા ઉપરથી મલી આવેછે. બીજા હાથ ઉપર જોતાં **દારાએસ**ના તાબામાં જે જે મુલકો હતાં તથા તેણે જે જે મુલકો લડાઈમાં જીતીઆં હતાં તે સઘલાંનુ વરણન આપણને **બીહીસ્તન**ના પાહાડ ઉપરની તકતીની પેહેલી હારના છઠા ફકરા મધેના લેખો ઉપરથી તથા બીજે છુટે છુટે ઠેકાંણેથી માલુમ પડેછે. એ તથા અવસતા મધેના નામોની ટીપ હમોએ નીચે ટાંકીછે.

મુલકોના કોઠા.

અવસતા મધે આવેલાં મુલકોના નામો.	ખીલા રોકા લેખો મધે આવેલાં મુલકોના નામો.
૧ અંઈરીઅન વએજો.†	૧ પારસ (પરસીસ.)§
૨ ગવ.¶	૨ ઉવજ (સુસીઆના.)
૩ મોઉરવ (મરવ.)	૩ બાબીરૂશ(બાબીલોનીઆ)
૪ બાખધી (બલખ.)	૪ અથુરા (એસીરીઆ.)
૫ નીસય (નીશાપુર.)	૫ અરબાય (એરેબીઆ.)
૬ હરોયુ (હેરાત.)	૬ મદરાય (મીસરદેસ.)

† એ જગાને આપણા લોકો ઇરાનવેશ કરી કેહેછે. એ જગા કાંહાંછે તે વીશે વીદવાનો જુદાં જુદાં મતો આપી જાએ છે. હીરોડોટસ પોતાના પુસતકની સાતમી પોઠીના ૬૨ માં પ્રકરણમાં એવું લખી જાએછે કે અસલના વખતમાં મીદ લોકોને સઘલાઓ એરીઅનસ કરી કેહેતા હતા. એ ઉપરથી કેટલાએક ગરંથકારો એવું જણાવી જાએછે કે એરીઅન લોકોની વસતી પેહેલ વેહેલી મીદીઆના મુલકમાં થઇ હતી. હુલીનાઇકસ નામનો એક ગરંથ કરતા કે જે હીરોડોટસની આગમજ થઇ ગયો તે ધણી એવું વીચારેછે કે એરીઆ તેજ ઇરાન. હીંદુ માહસાગર, સીંધુ નદી, હીંદુ કુશ, અને ઇરાની અખાતની વચેના મુલકને સ્ત્રેબો એરીઆનાને નામે ઓલખી જાએછે. એ મધે બેકત્રીઆના હતુ કે જે બધા એરીઆનામાં પરખીઆત ગણાતું હતું. વલી કેટલાએક કે જેઓએ અવસતા ઉપર સુરેહ લખીછે તેઓ એવું અનુમાન કરેછે કે એ જગા જીઓરજીઆના કીનારા આગલ કોકેસસના પાહાડોની વચેના મુલકોમાં આવી હશે. ખરૂંછે કે હજી પણ કોકેસસના પાહાડો ઉપર ઓસેતીસ નામના એરીઅન ઓલાદ

§ એ તથા એની નીચેના કેટલાંએક મુખીઅ નામો વીશે જુઓ ઇરાનની તવારીખ પ્રકરણ પેહેલું.

¶ જુઓ એ તથા એની નીચેના મુલકો વીશે ઇરાનની તવારીખના ૧૦ માં પ્રકરા મધેની નોટ.

૭ વેકરેન (સેજીસ્તાન.)	૭ સ્પરદ.
૮ ઉરવા (કાબુલ.)	૮ યુના (અયોનીઆ.)
૯ ખનેનત (કંદાહાર.)	૯ માદ (મીદીઆ.)
૧૦ હરખઇતી (એરેકોશીઆ.)	૧૦ અરમીન (અરમીનીઆ.)
૧૧ હેતુમત (હીલમેંદ.)	૧૧ કતપતુક (કાપાડોશીઆ.)
૧૨ રઘ (રે.)	૧૨ પરથવ (પારથીઆ.)
૧૩ ચખ્ર (ચર્ખ.)	૧૩ ઝરક (ઝારાનજીઆ.)
૧૪ વરેન (ધીલાન.)	૧૪ હરીવ (એરીઆ.)
૧૫ હપત હીંદુ (પંજાબ.)	૧૫ ઉવારઝમીઅ(ખોરાશમીઅ)
૧૬ રઘ (રખા.)	૧૬ બખતરીશ (બેકત્રીઆ.)
૧૭ ઇશિકત.	૧૭ શુધ્ઘદ (સોગદીઆના.)
૧૮ પોરૂત.	૧૮ ગદાર (ગંદારીઆ.)*
૧૯ ગાઉમ.	૧૯ સક (શીથીઆ.)
૨૦ ખાઇરીજેમ.	૨૦ થતગુશ (સાતાગીડીઆ)†

ના લોકો વસેછે પણ તે ઊપરથી કંઇ એવું નથી સાબેત થતું કે એરીઅન લોકો પેહેલ વેહેલાં એ કોકેસસના પાહાડોની વચેના મુલકમાં રેહેતા હતા. આએ સઘલા વીચારો અધુરા અને વગર આધારનાછે અને એ માહેલા કેટલાએક વીચારોતો અવસતાના પદથી ઊલટા જાએછે, કારણ કે એ મુસાફરી પશચમથી તે પુરવ દીશા તરફ થઇ ન હતી પણ ઊતર પુરવ દીશાથી તે પશચમ દખશણ દીશા તરફ થઇ હતી એવું અવસતા ઊપરથી સાફ માલુમ પડેછે. હાલના કેટલાએક જરમન વીદવાનોએ એ બાબદ ઊપર અજવાળું નાંખીઊંછે. બેરન બુનસન એવું કેહેછે કે એ જગો સોગદીઆનાંની ઇશાણ કોણે બીલર ટાગના પાહાડો આગલ હોવી જોઇએ કે જાંહાંથી ઓકશશ અને જકઝારતીસ નદીઓ વેહેછે. આએ છેલાં મતને હીરીન, જીઓરજ રોલીનસન, મેકશ મીલર અને ડાકટર હાઊગ મલતા આવેછે. બુનસનનુ મત હમોને વધારે ભરોશો રાખવા જોગ દીશેછે અને તેને અવસતાથી ટેકો મલેછે.

* એ પરાંત કંદાહારને મલતો આવેછે.

† હએતુમતની નજદીકનો પરાંત.

૨૧ તુઇરિઅ (તારતરી.)	૨૧ હરઉવતીશ (એરેકોશીઆ)
૨૨ સઇરીમ.	૨૨ મક (મકરાન)
૨૩ સાઇની.	૨૩ અસગરતય (સગારશીઅ.)†
૨૪ દાહી.	૨૪ નીસાય (નીશાપુર.)
૨૫ માજીન (માજનદરાન.)	૨૫ ઝાઝામાં.‡
	૨૬ મરગશ (મારજીઆના.)
	૨૭ યુતીયા.¶
	૨૮ વરકાન (હીરકેનીઆ.)
	૨૯ હીંદુશ (હીંદ.)
	૩૦ કુદરૂશ (કુદરૂશીઆ.)
	૩૧ હગમતાનય (એકબેટાના.)
	૩૨ વીશપઉઝતીશ (હીસપાઓશતીશ.)
	૩૩ કુગનકા.
	૩૪ મારસ.
	૩૫ કપદ.
	૩૬ ઝોઝા.
	૩૭ તીગરા.
	૩૮ યુહીઆમ.
	૩૯ એકાઇદસ.
	૪૦ ઓતીઆર.
	૪૧ પેતીગરબના.
	૪૨ તારવા.
	૪૩ રખા.
	૪૪ યુવાદેદીય.

---

† એ પરાંત મીદીઆની નજદીકછે.

‡ યુફરેતીસના કાંઠા ઊપરછે.

¶ એ તથા એની નીચેનાં શેહેરો કુદરૂશ, વીશપઊઝતીશ, કુગનકા ઇતીઆદી પરશીશ, મીદીઆ, આરમીનીઆ, એશીરીઆ, પારથીઆ વગેરેનાં પરાંતોમાં આવેલાંછે.

ઉપલા કોઠા ઓની તપાસ ઊપરથી નીપજ તા વીચારો.

ઉપલી બીના તપાસીઆથી વાંચનાર ની ખાતરી થશે કે અવસતામાં જે ગુસ્તાસ્પનાં વખતમાં જણાયલા મુલકોની વીગત આપીછે તે મુલકોમાં તથા ખીલા રોકી તખતીઓમાં જે **દારાઅસ**ના તાબા માહેલાં મુલકો વીશે લખીઉંછે તેમાં ઘણો તફાવત માલુમ પડેછે તેથી એ બંનો પાદશાહ જુદા હોવા જોઈએ. તખતીઓ મધે જે મુલકો આવેલાંછે તે ઘણુ કરીને સઘલાં **હીરોડોટસ** તથા બીજા **યુનાની** ગરંથકારોના જણાવેલા મુલકો સાથે મલતાં આવેછે અને અવસતા માહેલાં મુલકો **ફીરદોસી**એ આપેલાં મુલકો સાથે મલતાં આવેછે તે ઉપરથી એવું દીશેછે કે એ જુદા જુદા વંશોના પાદશાહોના સવાધીન માહેલા મુલકો હતાં. એ માહેલાં ઘણુ કરીને સઘલાં મુલકો **ઈરાન** દેશમાં આવેલાંછે તેથી એવું જાહેર થાએછે કે એ બંધે **ઈરાન**નાં પાદશાહો હતા. **ગુસ્તાસ્પ**નાં વખતમાં જણાએલાં મુલકો ઘણુ કરીને ઉતર તથા ઉગમણુ તરફ હતાં અને **દારાએસ**ને લગતાં મુલકો દખશણુ તથા પશચમ દીશા તરફ આવેલાં હતાં તે ઉપરથી એવુ શાબેત થાએછે કે **ગુસ્તાસ્પ દારાએસ**ની આગમંજ થઈ ગએો હતો કારણ કે **એરીઅન** ટોલાની પેહેલી વસતી ઉતર ઉગમણુ તરફ થઈ હતી અને તાંહાંથી દખસણુ તથા પશચીમ તરફ તેઓએ મુસાફરી કરી હતી. વલી ઉપર જણાવેલી જગાઓના નામોની

ટીપ ઉપરથી એવું માલુમ પડેછે કે **દારાએસ**ના તાબાં માં **ગુસ્તાસ્પ** કરતાં વધારે મુલકો હતાં. અવસતા મ ધે જેટલાં મુલકો લખેલાંછે તે સઘલાં **ગુસ્તાસ્પ**ના તાબા માં હતાં એવુ કેહેવાને આપણી પાસે કશી સતા નથી પણ જે મુલકો તખ્તીઓ ઉપરથી આપણે ઉપર ટાંકી આંછે તે માહેલાં ઘણુ કરીને સઘલાં **દારાએસ**ના તા બામાં હતાં એવુ તે તખ્તીઓ ઉપરનાં લેખોથી સાબેત થાએછે. **દારાએસ** લખેછે કે "**હોરમજદ**ની મદદથી મેં એ મુલકો જીતીઆં. એ મુલકો મને ખંડની આ પેછે અને હું જે ફરમાઉછુ તે તેઓ માહારા હુકમને તાબે થઈને નીરંતર બજાવીઆ જાએછે" એ વતરોગે આપણને તવારીખ ઉપરથી એવું માલુમ પડેછે કે **દારા એસ**ના **રાજ**ની ધજા **શીંધુ** નદીનાં કાંઠાથી તે **થેસેલી** નાં કાંઠા શુધી ઉંડતી હતી અને તેણે પોતાના મોટા રા જને વીસ શુબામાં વેંહેંચી નાંખીઉં હતુ; તથા તે મા હેલા દરએક શુબાને એક એક **શત્રપ**ના† હાથમાં આપી ઓ હતો અને એ **શત્રપો** પાસેથી તે ખંડની વગેરે બી જું લવાજમ લેતો હતો. એ તથા ઉપર જણાવેલી બીનાં ઉપરથી એવુ પુરવાર થાએછે કે **દારાએસ ગુસ્તાસ્પ**ના કરતાં બેશક મોટો અને નામીચો પાદશાહ હતો.

---

† શતરપ, શ્રઇત્ર એટલે શેહેર અને પતી એટ લે ધણી.

એ બાબદસર પરોફેસર હીરીને આપેલું મત.

આએ પરમાણે અવસતામાં આપેલાં **ગુસ્તાસ્પ**ના વખતના મુલકના નામમાં અને **દારાએસ**ના વખતની તવારીખ તથા તકતીઓ મધે આપેલાં નામોમાં મોટો તફાવત પડેછે તે ઉપરથી પરોફેસર **હીરીન** અને પરોફેસર **વેસટરગારડે** પેહેલ વેહેલાં એવું અનુમાન કીધું હતું કે **જરથોસ્ત દારાએસ** પાદશાહના વખતમાં નહી પણ તેની ઘણુ આગમજ થઈ જવો જોઈએ. પરોફેસર **હીરીન** લખેછે કે "જો **જરથોસ્ત દારાએસ હીસ્તાસપીસ**ના વખતમાં થઈ ગયો હતેતો તેણે જેમ પોતાના અવસતામા **ઈરાન**ના ઘણાએક મુલકોના નામો દીધાંછે, તેમજ તે **ફારસ** તથા **સુસીઆના** કે જે તે વેલાએ મુખીઅ પરાંતો હતા તેઓના પણ નામો દેતે, અને તેમાંના જાંણવા જોગ શેહેરો **પરસીપોલીસ, સુસા** તથા **બેબીલોન** કે જાંહાં **દારાએસ હીસ્તાસપીસ** રેહેતો હતો તેઓનું પણ વરણન કરતે, પણ જંદ અવસતામાં એવું કંઇ જોવામાં આવતું નથી. એ ઉપરથી એવું સાબેત થાએછે કે **જરથોસ્ત દારાએસ હીસ્તાસપીસ**ના કરતાં ઘણો અગાઉ થઈ ગઓ હતો. **જરથોસ્ત ગુસ્તાસ્પ**ના વખતમાં થઈ ગઓ એ વાત ખરીછે પણ તે **ગુસ્તાસ્પ** કે જેને **યુનાની** લોકો **દારાએસ હીસ્તાસપીસ**ને નામે ઓલખેછે તે ન હતો પણ **સાઈરસ** પાદશાહની આગમજ **કીઆની** વંશનો કોઈ પાદશાહ હતો."

એ વીશે પરોફેસર વેસટરગારડનુ મત.

પરોફેસર **વેસટરગારડ** એવુ જણાવેછે કે "વંદીદાદની પેહેલી પરગરદમાં અને અવસતાના બીજા કોઈબી ભાગમાં **બેકત્રીઆ**† તથા તેની આસપાસના કેટલાએક મુલકો શીવાએ બીજા દેશો વીશે અને તેમાં અગતીઅ કરીને **મીદીઆ** તથા **પરસીસ** (ફારસ) કે જે આગલના વખતમાં ઘણા નામીચાં ગણાતાં હતાં તે વીશે કંઈપણ લખીઉં નથી તેથી આપણને એવું અનુમાન કરવું પડેછે કે **જરથોસ્ત** પેગંબર, **સાઈરસ** કે જેણે **પરશીઆનુ** રાજ સંથાપીઉં, અને **દીજોસીસ** કે જેણે **મીદીઆના** લોકોને એકઠા કરીને તેઓ ઉપર પોતાની હકુમત ચલાવી તેનીબી આગમજ થઈ જવો જોઈએ.''

મુલકોની તપાસ ઊપરથી નીપજતું પરીણામ.

એ મીસાલે જારે આપણ **ગુસ્તાસ્પ** તથા **દારાએસને** લગતાં મુલકો વીશે અવસતા, તકતી અને તવારીખ મધે ખોલ કરીએછે તારે આપણને એવું માલુમ પડેછે કે એ બંને પાદશાહો જુદે જુદે વખતે થઈ ગઆ તથા તેઓ જુદા જુદા મુલકોમાં રાજ ચલાવતા હતા. વલી **ગુસ્તાસ્પે** પોતાનુ પાએતખત **બેકત્રીઆં** (બલક) શેહેરમાં કીધું હતું એવું આપણને અવસતા તથા **શાહનામા** ઉપરથી જણાએછે, પણ **દારાએસે**તો પોતાની રાજધાણીની જગા **પરસીપોલીસ** મધે કરી હતી તથા તે જુદી જુ

† બેકતરીઆ.

દી રૂતુમાં **સુસા, બેબીલોન** અને **એકબેટાના**ની હ
વા ગુરતો હતો. જો એ બંને પાદશાહો એકજ હતેતો
અવસતામાં અને તવારીખ તથા તકતીમાં આટલો ફ
રક પડતે નહી. પણ ફરક ઘણો પડેછે તેથી તે બંનો
જુદા હોવા જોઈએ.

બીજું-ગુસ્તાસ્પ અને દારાએસ હીસ્તાસપીસના વડાવાઓના નામો એક બીજા સાથે મલતાં આવતાં નથી.

બીજુ—આપણા લોકોને **કેખશરૂ** તથા **સાઈરસ**ને અને તેમજ **ગુસ્તાસ્પ** તથા **દારાએસ**ને એકજ ગણવાની ટેવ પડી ગઈછે, પણ જારે તેઓ તેમને લગતી તવારીખમાં ઘણો ફરક જોએછે તારે તેઓ **હીરોડોટસ**ની તવારીખ ઉપર શક લ

હીરોડોટસ.

ઈ જાએછે અને તે જુદ્દીનનો તથા **યુનાની**ઓ કે જે આપણા દેશનાં દુશમન હતા તેઓ માહેલો ગરંથ કરતા તેથી તે આપણે વીશે સઉ સરાહવીને અને ખોટું ખોટું લખી ગઓછે એવું તેઓ સમજેછે અને તે ગરંથકારનો તીરસકાર કરેછે. વલી આપણા લોકોનો વીચાર એક બારગી પડતો મેલીને આપણ યુરોપના કેટલાએક નામીચા શખસો અધારમી સદીમાં એ ગરંથ કરતા વીશે કેવું મત ધરાવતા હતા તેનો ખીઆલ કરીએછે તારે પણ આપણને તેને વીશે હલકું મત બાધવું પડેછે. તેઓ કેહેછે કે એ વીદવાન પેહેલ વેહેલો તથા ઘણો હુશીઆર અને મેહેનતુ તવારીખ લખનાર હતો એ વાત ખરીછે તોપણ તેનીત

વારીખ ભરોશો રાખવા જોગ નથી. તેઓ તેને જુઠાંનો બાપ કરીને ગણેછે અને તેઓ માહેલો એક નામીચો વીદવાન નામે લારડ મેકાલે પોતાના એક તવારીખ વીશેના નીબંધ મધે એવું જણાવેછે કે એ ગરંથ કરતા (હીરોડોટસ) ની તવારીખ પેહેલેથી તે છેલલે સુધી જોડી કારેલીછે, પણ હાલના વીદવાનોના મનમાંથી એવો વીચાર જતો રહોછે. તેઓ સઘલા તેનો બચાવ કરવાને નીકલેછે અને તેને ખરાનો બાપ કરી ગણેછે. ખરૂંછે કે એ ગરંથ કરતાને નવઈ જેવી તથા અચરતી ઉપજાવે હેવી બીના લખવાને ઘણી પસંદ પડતી હતી અને વલી તે જે બીના મોહોડેથી સાંભલતો હતો તે પણ પોતે વીચાર કરીઆ વગર લખતો હતો તેથી તે સચઈથી વેગલો રેહેતો હતો. તેના પુસતકોમાં જે સહરાઇની અને નહી માણવા જોગ બાબદો આવીછે તેનુ કારણબી ઉપર જણાવીઆ મુજબ હતું. પણ જે બીનાઓ તેણે પોતે નજરે જોઈને લખીછે તે મુખીએ તવે કરીને રાસતીની રાહથી દુર નથી. એ વતરોગે તેની લખેલી બીજી બાબદો પણ સાચી ઠરેછે. તેણે માતર તવારીખ વીશેજ લખીઉં હોએ એમ નથી. તેનાં પુસતક ઉપરથી બીજી ઘણી સાધારણ વીદીઆ શંબંધી, રમુજી અને અચરતી ભરેલી બાબદો મલી આવેછે. અસલના વખતમાં જારે વીદીઆ અભીઆશનો કાંઈ ઘણો વધારો થએલો નહી હતો તેવા વખતમાં તેણે એક આવું ઉમદા અને ના

મીચું પુશતક રચીઉં હતું તેથી તેને પુશકલ માન ઘટેછે. એની લખેલી **ઈરાનીઓ** વીશેની તવારીખને આપણા પોતીકા પાદશાહઓએ આપેલી તકતીઓ ઉપરના લેખો થી ટેકો મલેછે. એણે જે **દારાઓસના** વંશના નામો આપીઆંછે તે સઘલાં તકતી ઉપર ઉકલાવીઆમાં આવીઆંછે. વલી બીજા હાથ ઉપર જોતાં એ નામોને મલતું એક પણ નામ **શાહનામાં**માં દેખાતુ નથી. પણ **ગુસ્તાસ્પ** પાદશાહના વડાઓનાં જુદાંજ નામો તે મધેથી મલી આવેછે અને તે નામોને અવસતાથી ટેકો મલેછે. એ ઉપરથી એવુ શાબીત થાએછે કે અવસતામાં અને **શાહનામાં**માં જે નામો આવેલાંછે તે એક વંશના અને તવારીખ તથા તકતીઓમાં જે નામો આવેલાંછે તે બીજા અને જુદાજ વંશના નામોછે. એ નામોના કોઠા હમોએ નીચે મુજબ જણાવીઆછે.

નામોના કોઠા.

ક્અ ગુસ્તાસ્પના વડાવાઓના નામો.

અવસતા પરમાંણે	શાહનાંમાં પરમાંણે.
કવીકવાત.	કએકોબાદ.
કવીઉશ.	કએકાઉશ.
કવીહુઅવ.	કએખશરૂ.
અઉરવતસપ.	લોરાસ્પ.
વીસ્તસ્પ.	ગુસ્તાસ્પ.

દારાએસ હીસ્તાસપીસના વડાવાઓના નામો.

બીહીસ્તનના લેખો પરમાણે.	હીરોડોટસ પરમાણે.
હખામનીશ.	એકીમીનીસ.
તીસપીશ.	તીસપીશ.
અરીઆરમન.	એરીઆરેમનીશ.
અરશામ.	આરસેમીશ.
વીસ્તાસ્પ.	હીસ્તાસપીસ.
દારયવુશ.	દરાએશ.

ઉપલાં નામો માતર **દારાએસ**ના વડાવાઓનાછે પણ તેની પછી તેનાં ખાનદાનના **અરટખશતરશએ** (આરટા ઝરકશીશ ઓકશે) પોતાના વડાવાઓનાં નામો **પરસીપોલીસ**ની પશચમ બાજુએની શીડી ઉપરની એક તકતી મધે આપીઆંછે તે સઘલાં બરાબર હીરોડોટસ તથા બીજા **ઈઉનાંની**ઓનો આપેલાં નાંમો સાથે મલતાં આવેછે. એ નાંમો નીચે પરમાણે જણાવીઆંછે.

આરટા ઝરકશીશનાં વડાવાઓના નામો.

પરશી પોલીશના લેખો પરમાણે.	યુનાનીઓના કહા પરમાણે.
અરશામ.	આરશેમીશ.
વીસ્તાસ્પ.	હીસ્તાસપીશ.
દારવયવુશ.	દારાએસ.
ખશાયારશા.	ઝરકશીશ.

અરતખ્શતરા.	આરટાઝરકસીસ (લોંગીમીનસ.)
દારયવુશ.	દારાએસ (નોથસ.)
અરતખ્શતરા.	આરટા ઝરકસીસ (નીમન.)
અરતખ્શતરા.	આરટા ઝરકસીસ (ઓકસ.)†

ઊપલાં નામોની તપાસ ઊપરથી નીપજતા વીચારો.

આઓ ઉપર આપેલા કોઠાઓ ઉપરથી કોઈ સાધારણ અકલનો માણસ પણ કહી શકશે કે એ નામો જુદા જુદા વંશોનાછે અને તેમનો એક બીજા સાથે કસો સંબંધ નથી. **શાહનામા** મધે જે નામો આવેલાંછે અને જેને અવસતાથી ટેકો મલેછે તે નામો **કીઆની** વંશના છે અને તે તેમના **કઓના** એલકાબ ઉપરથી માલુમ પડેછે; પણ જે નામો તકતીઓ મધેથી મલી આવેછે તથા જેને તવારીખથી ટેકો મલેછે તે નામો **એકીમીનીસ**ની વંશનાછે. એ વંશનુ નામ **એકીમીનીસ** ઉપરથી આપીઆમાં આવીઉં હતું કે જે ધણી આસરે ઈ૦ સ૦ પુ૦ ૭૦૦ વરસ ઉપર **ફારસ**ના મુલકમાં હકુમત ચલાવી ગઓ હતો. એ નામ **સાઈરસ, દારાએસ** અને તેની પછીના એ વંશના બીજા

એકીમીની સનો વંશ.

---

† આઓ પરમાણે આપણને એકીમીનીસથી તે આરટા ઝરકસીસ ઓકસ સુધીના નામો યુનાની તવારીખોમાં અને આપણા પાદશાહોની કોરાવેલી તખતીઓમાં એકસરખાં આપેલાં માલુંમ પડેછે.

એકીમીનીસ એ નામનું અગતીઅ પણું.

પાદશાહો પોતાંના કુટુંબના નામ તરીકે વાપરી જાએછે, અને તેમાં મોટું માન ગણેછે. **સાઈરસ** પાદશાહ કેહેછે કે,

"અદમ કુરૂશ, ખશાઇઅથીઅ, હખામનીશીઅ."

"હુંછું **સાઈરસ** પાદશાહ; **એકીમીનીસ**ના વંશનો."

દારાએસ પાદશાહ **બીહીસ્તન** ઉપરની એક તક્તી મધે એવું જણાવેછે કે,

(૧) અદમ દારયવુશ, (૨) ખશાયથીઅ વઝરક, (૩) ખશાયથીઅ ખશાયથીઆનામ, (૪) ખશાયથીઅ પારસીઅ, (૫) ખશાયથીઅ દહયઉનામ, (૬) વશતાસ્પહીઆ પુત્ર, (૭) અરશામહીઆ નપા, (૮) હખામનીશીય.

(૧) હું છું દારાએસ, (૨) મોટો પાદશાહ, (૩) પાદશાહોનો પાદશાહ, (૪) ઈરાનનો રાજા, (૫) ઈરાનના સવાધીન માહેલા મુલકોનો રાજા, (૬) હીસ્તાસપીસનો બેટો, (૭) આરસેમીસના બેટાનો બેટો, (૮) એકીમીનીસ વંશનો.

પરસીપોલીસના દરવાજા ઉપર તથા બારીઓની બાજુએ અને પાદશાહના જભાની કરચલી ઉપર એકસરખી રીતે ખીલારોકા હરફે એવું લખેલુંછે કે,

(૧) ખશાયારશા, (૨) ખશાયથીય વઝરક, (૩) ખશાયથીય ખશાયાથીઆનામ, (૪) દારાયવુશ ખશાયથીઅ હીઆપુત્ર, (૫) હખામનીશીય.

(૧) ઝરકસીસ, (૨) મોટો પાદશાહ, (૩) પાદશા

હોનો પાદશાહ, (૪) દારાએસ પાદશાહનો બેટો, (૫) એકીમીનીસના વંશનો.

તે વીશે જીઓરજ રોલીનસનના વીચારો.

એકીમીનીસનુ નામ આએ પરમાણે પરખીઆત થઈ ગયુંછે તે ઉપરથી **જીઓરજ રોલીનસન** પોતાના પેહેલાં પુસતકનાં ૨૬૪ માં સફાની પાંચમી નોટ મધે એવું જણાવેછે કે **એકીમીનીસ** વંશનુ નામ કે જે ભરોશો રાખવા જોગ **ઈરાન**ની તવારીખમાં ઘણુ અગતીઅનુ ગણાએછે તે અવસતા તથા **શાહનામા**માં કેહે નજર આવતું નથી. એનુ કારણ તે એવું બતલાવેછે કે અવસતા એ વખતની ઘણુ આગમજ લખાયા હતા; અને **ફીરદોસી**એ પોતાનુ **શાહનામુ** એ ધણીના મરણ પછી ઘણે વરસે લખીઉં હતું તેથી તે સાંહેર તેનુ નામ વીસરી ગયો હશે. એ લખનાર માતર તકતી અને તવારીખ મધે **એકીમીનીસ**નુ નામ ઘણુ વજનદાર ગણેલું જોઈને હાવો વીચાર જણાવી ગયોછે, પણ જો એ ગરંથ કરતાએ જેમ **એકીમીનીસ**નુ નામ અવસતામાં તથા **શાહનામા**માં શોધવાની મેહેનત લીધીછે તેમજ જો તે બીજા **એકીમીનીસ** વંશના પાદશાહોના

નામોની તપાસ ઊપરથી નીપજતી સાબેતી.

નામોની અવસતા તથા **શાહનામા** મધે ખોલ કરતેતો તેને માલુમ પડતે કે એ સઘલાં નામો **શાહનામા** તથા અવસતામાં મલી આવતાં નથી અને જે નામો **શાહના**

મા તથા અવસતામાં આવેલાંછે તેમનો મુકાબલો તકતી મયેના તથા હીરોડોટસના આપેલાં નામો સાથે થઈ શકતો નથી. જેમ **એકીમીનીસનુ** નામ અવસતામાં નથી મલતુ તેમજ એ વંશના બીજા મોટા પાદશાહો **દારાએસ, સાઈરસ** ઈતીઆદીના નામો પણ નથી દેખાતાં. બીજા હાથ ઉપર જોતાં **મનોચેહેર, ફરેદુન, કેખશરૂ, કએ ગુસ્તાસ્પ** અને **કીઆની** તથા **પેસદાદ** વંશના બીજા પાદશાહોના નામો **શાહનામા** તથા અવસતામાં મલેછે પણ તકતી અને યુનાની તવારીખોમા મલતાં નથી. એ ઉપરથી સાફ દેખાઈતુંછે કે એ બંને જુદાજ વંશો હતા.

તરીજું-ગુસ્તાસ્પ તથા દારાએસના વખતમાં બનેલી બીનાઓને એક બીજા સાથે કસો સંબંધ ન હતો.

તરીજું—આપણે આગલ જોઈઉં કે **કીઆની** અને **એકીમીનીસ** વંશના પાદશાહોનાં સવાધીન માહેલા મુલકો તદન જુદાજ હતા અને તે બંને વંશોના પાદશાહોના નામો પણ એક બીજા સાથે મલતાં આવતાં નથી. હવે જારે આપણે તે બંને વંશના પાદશાહોના વખતોમાં બનેલી બીનાઓ ઉપર ધીઆન પોહોંચાડીએછે તારે પણ એવુંજ મુકરર થાએછે કે એ બંને તોખમના પાદશાહો જુદા જુદા વખતમાં થઈ ગઆ અને તેઓને એક બીજા સાથે કસો સંબંધ હતો નહી. ખીલારોફા લેખોમાં કોરેલી તકતીઓ ઉપર જે આપણા પાદશાહોની કારકીરદીની નોધો આપે

લીછે તે ઘણુ કરીને **હીરોડોટસ**ની લખેલી તવારીખ સાથે મલતી આવેછે; પણ **ફીરદોસી**ની તવારીખ સાથે તેમાંની એકે વાત મલતી આવતી નથી. જારે એ તકતીઓ ઉકલાવીઆમાં આવી નહી હતી તારે તે વખતના તવારીખના અભીઆસીઓ **ફીરદોસી**ની અને **યુનાની**ઓની લખેલી તવારીખોમાં અતીઘણો ફરક જોઈને ઘણા તાજુબી પાંમતા અને તેઓમાં કેટલાએક **યુરોપ**ના ગરંથકારોતો **ફીરદોસી**ના કરતાં **યુનાની** લોકોની લખેલી તવારીખને ઘણી વજનદાર ઠેરવતા. **ઈરાન**ને લગતી તવારીખ વીશે ઉગમણ તથા આથમણ પરાંતના ગરંથ કરતાઓના કેહેવામાં જે બેહદ ફરક પડે છે તે વીશે નામીચો વીદવાન **રીચરડસન** લખેછે કે "**મીદીઆ**નાં રાજા **સએકસરીસ**ના વખતથી તે **શીકંદર** પાદશાહના વખત સુધીની **ઈરાન**ને લગતી તવારીખ **યુનાની** તથા **ઈરાની**ઓને હાથે લખાએલીછે. એ બંને વરગના ગરંથ કરતાઓની લખેલી બીનાઓ મધે થોડો ઘણો તફાવતતો હોએને હોએજ; પણ તેમજ તેઓની લખેલી મુખીઅ બાબદો મલતીબી આવવી જોઈએ, પણ એ બાબદ ઉપર મહને જે જે ખોલ કરવાની જોગવાઈ મલીછે તે ઉપરથી મહને એવું માલુમ પડીઉંછે કે **ઈંગલાનડ** અને **જેપાન**ની તવારીખ વચે જેટલો સંબંધછે તેટલોજ એ ઉગમણ તથા આથમણ પરાંતના

ઇરાનની તવારીખ વીશે મી૰ રીચરડસનનુ મત.

ગરંથકારો **ઈરાન** વીશે જે લખી ગઆછે તેમાંછે, (ઇઆ ને તેઓની લખેલી બાબદો વચે કસો સંબંધ નથી). તેમના આપેલાં પાદશાહોના નામો તથા તેઓની સંખીઆ વચે કસો મુકાબલો થઈ શકતો નથી અને **યુનાની** ગરંથ કરતાઓ જે નવઈ જેવી બીનાઓ લખી ગયાછે તે વીશે **ઈરાનીઓ** કસું જણાવતા નથી. **ઈરાનીઓ**એ લખેલી તવારીખમાં મોટા **સાઈરસ** પાદશાહ વીશે કશું લખીઉં નથી અને એવા કોઈબી પાદશાહ વીશે લખીઉં નથી કે જેના રાજમાં બનેલી બાબદોના મુકાબલા ઉપરથી આપણે તેને **યુનાનીઓ**એ જણાવેલા કોઈપણ પાદશાહ સાથે મેલવી શકીએ. **લીડીઆ**ના પાદશાહ **ક્રીસસ**† વીશેબી તેઓ કંઈ જણાવતા નથી. **કંબાઈસીસ** પાદશાહ તથા તેણે જે **ઈથીઓપીઆ** ઉપર સવારી કીધી હતી તે વીશે એક સબદ પણ લખીઓ નથી. વલી **સ્મરદીસ**‡ વીશે તથા **દારાએસ** તખત ઉપર કેમ આવીઓ અને તેણે **યુનાનીઓ** સાથે જે લડાઇઓ કીધી તે વીશે પણ કસું વરણન કરીઉં નથી." જો આએ ધણી આપણા વખતમાં જીવતો હતેતો તે ઉપલા વીચારો જાહેર કરતે નહી. આગલના વખતમાં તેમની ભુલ ભાંજવાને તથા તેમને ખરો રસતો બતલાવવાને તેમની પાસે કાંઈજ હતું નહી; પણ હાલતો આપણી પાસે આ

† કરીસસ.
‡ સમરદીસ.

પણ પોતાના પાદશાહોના કોરાવેલા લેખોછે કે જે ઉપર થી આપણને ખરો મારગ સુજ પડેછે. ઉપર જણાવેલાં **રીચરડસન**ના મતને મલતા આવીને હાલ આપણ એટલુંજ કેહેવાને સામરથ થયા છીએ કે એ બંને પરાંતના ગરંથકારોએ જુદા જુદા વંશો અને જુદા જુદા જમાનાનો હેવાલ લખીઓછે તે એક બીજા સાથે કેમ મલતો આવે. એ બીના હમો આગલ જણાવી ચુકા છીએ, અને અતરે તેનો વધારે ખોલાશો કરવાને ઇછીએછે.

માલકમ.

ઉપર જણાવેલો નામીચો ગરંથ કરતા તથા મી૦ **ગરોટોફૈંડ** કે જેને વીશે હમોએ આગલ લખીઉંછે, અને એ વતરોગે બીજા કેટલા એક વીદવાનો ઉગમણ તથા આથમણ પરાંતના ગરંથકારોના કેહેવામાં જે બેહદ ફરક પડેછે તે દેખડાવી ગયાં છે. પણ **સર જાન માલકમ** નામનો એક નામીચો વીદવાન કે જેણે **ઈરાન**ની તવારીખનો એક ઘણોજ સારો ગરંથ રચીઓછે તે ધણીએ **કીઆની** તથા **એકીમીનીસ** વંશો એકજ સમજીને તથા બીજી કેટલીએક બાબરો ઉપરથી **હીરોડોટસ** અને **ફીરદોસી**ની આપેલી તવારીખ વચે મુકાબલો કરવાનો યતન કરીઓછે; પણ તેમાં તે ફતેહ પાંમીઓ હોય એમ કેહેવાતું નથી.

તેણે કરેલો મુકાબલો.

માલકમ કેટલીક સાધારણ બાબદો ઉપરથી **યુનાની** અને **ઈરાની** ગરંથકારો જે આગલા **ઈરાની**ઓ વીશે લખી ગયાછે તેનો મુકાબલો

કરી જાએછે. જેમકે તે **ઈરાની** ગરંથકારોના **ફરેદુન** ને યુનાનીઓના **આરબેસીસ** સાથે સરખાવી જાએછે, કારણ કે જે મીસાલે **આરબેસીસે** **એસીરીઆના** લોકોને **સારદેનાપેલસના** જુલમમાંથી મોકલા કરીઆ હતા તેમજ **ફરેદુને** પણ **ઈરાનીઓને** **ઝોઆકના** જુલમમાંથી છોરવીઆ હતા. પણ જારે તે એવું અનુમાન કરવા જાએછે અને એ રીતનો મુકાબલો કરવાને વાજબી ધારેછે તારે તે **કાવા** જેવા શુરા અને દેશાભીમાણી નરની વીગતવો તદન ભુલીજ જાએછે; અને જે શકસ વીશે બધા **ઈરાની** ગરંથકારો બોલી જાએછે તે વીશે યુનાનીઓતો કાંઈ લખી જતા નથી તેથી શું તે ખોટું થરેકે? વલી એજ મીસાલે તે **કેકોબાદ** અને **મીદીઆ**ના રાજા **દીજોસીસને** જે કળા અને ડાહાપણથી તેઓને રાજ મલીઉં હતું તે ઉપરથી તેમનો મુકાબલો કરેછે; પણ તેમના નામ અને બીજી તેમને લગતી બાબદો જે મલતી આવતી નથી તે વીશેતો તે કંઈ વીચાર તોજ નથી. **સાઈરસ** જેવા **એકીમીનીસ** વંશના નામીચા પાદશાહને પણ તેણે **કીઆની** વંશના **કેખશરૂ** પાદશાહ સાથે સરખાવવાની તાલમેલ કીધીછે. **કેખશરૂ** અને **સાઈરસના** જનમારાનો હેવાલ કેટલીએક બાબદમાં એક બીજા સાથે મલતો આવેછે તે ઉપરથી તેણે તેઓને એક સરખા ગણીઆછે. એવું માલુંમ પડે છે કે **ફીરદોસીને** **સાઈરસના** જનમારાની થોડી ઘણી

હકીકત મલી હતી તે તેણે કેખશરૂને લાગુ પાડીછે; પ
ણ એ બંને પાદશાહોની કારકીરદીનો હેવાલ કોઈબી રી
તે મલતો આવતો નથી. પાદશાહ **ક્રીસસ**† વીશે ત
થા બેબીલોનની ફતેહ વીશેનુ જે બીઆન આપણ હી
રોડોટસના પુસતકમાં વાંચીએ છીએ તે વીશે કેખશરૂ
ની જીંદગીના **ફીરદોસીએ** આપેલા હેવાલમાં કસું ન
જર આવતું નથી. વલી **લોરાસ્પનો** **કંબાઈસીસ** પાદ
શાહ સાથે મુકાબલો કરવાની તેણે જે તજવીજ કીધી
છે તે પણ ભુલ ભરેલીછે, કારણ કે **કંબાઈસીસ** એક
ઘણોજ ઘાતકી પાદશાહ હતો પણ **લોરાસ્પતો** ઘણો ને
ક અને માયાલુ પાદશાહ હતો. એ વતરોગે તેમના
કીધેલાં કાંમો પણ તદન જુદાંજ હતાં. પણ એ બાબદો
ઉપર હમો વધારે લંબાવીને બોલી શકતા નથી કારણ કે
હમોએ તે કાંમ માંથે લીધું નથી. હાલતો હમો એટ
લુંજ સાબીત કરવા માગીએછે કે **ગુસ્તાસ્પ** કે જેના વં
ખતમાં આપણો હજરત **જરથોસ્ત** થઈ ગયો તે અને
દારાએસ હીસ્તાસપીસ એ બંને કેવલ જુદા પુરૂશો હ
તા. એ હમો તખતી અને તવારીખ ઉપરથી વીગત
વારે પુરવાર કરી આપીશું.

ગુસ્તાસ્પના રાજને લગતી બીના જે **ફીરદોસી**
એ લખીછે તે **હીરોડોટસની** આપેલી **દારાએસ હી
સ્તાસપીસની** તવારીખ સાથે મુતલગ મલતી આવતી

† ક્રીસસ.

નથી. તોએપણ **હીરોડોટસ**ની લખેલી બીનાઓ **દારાએસ**ની પોતાની આપેલી નોંધો સાથે મલતી આવેછે, તે નીચે કરેલા મુકાબલા ઉપરથી સાફ માલુંમ પડેછે.

ફીરદોસીના કેહેવા મુજબ **ગુસ્તાસ્પ**નો બાપ **લોહરાસ્પ** પાદશાહ હતો, પણ **દારાએસ**નો બાપ **હીસ્તાસપીસ** પાદશાહ ન હતો એવું તવારીખ તથા તખતી ઉપરથી સાબીત થાએછે.

તખતી મધે ની બાબદો.

વલી **બીહીસ્તન**ના ખરક ઉપરની પેહેલી હારના દસમાં તથા અગીઆરમાં ફકરા મધે **દારાએસ** લખેછે કે માહારી આગમજ માહારા ખાનદાનના કુરૂશનો§ છોકરો **કંબુજીય** રાજા હતો. એ **કંબુજીય**નો **બારદીસ** નામનો એક સગો ભાઈ હતો. પછી **કંબુજીય**એ તે **બારદીસ**ને મારી નાખીઓ. **બારદીસ**ના મરણની ખબર લોકોને થઈ નહી હ

---

§ સાઈરસ અને દારાએસ એકજ ખાનદાનના હતા તે નીચે ટાંકેલાં નામોના કોઠા તપાસીઆથી સમજ પડશે.

એકીમીનીસ.

|

તીસપીસ.

|

કંબાઈસીસ.	એરીઆરેમનીસ.
સાઈરસ.	આરસેમીસ.
કંબાઈસીસ.	હીસ્તાસપીસ.
સાઈરસ.	દારાએસ.

તી; પછી **કબુજીય મીસર** દેશમાં ગયો. જારે **કબુજીય**
મીસર દેશમાં હતો તારે તેનુ રાજ નઠારૂ થયું અને ઈ
રાનની સરજમીન ઉપર જુઠાઈએ ફેલાવો કીધો. એ વ
ખતે **ગોમેટીસ** નામના એક શકસે લોકોને જુહું સમ
જાવા માંડીઉં. તે બોલીઓ કે હું કુરૂશનો દીકરો અ
ને **કબુજીય**નો ભાઈ **બારદીસ**છું. તારે બધાં રાજમાં બ
લવો ઉઠીઓ અને **ઈરાન**નુ રાજ તેને સવાધીન થયું.
કબુજીયથી તે ખમાઈ સકાયું નહી તેથી તે મરણ પાંમીઓ.

તેનો હીરોડોટસે આપેલી બીના સાથે મુકાબલો.

આએતો માતર અમસથી નોધછે,
પણ **હીરોડોટસે** એ બીના વીસતારી
ને લખીછે તેનો સાર હમો નીચે
આપીએછે કે જે ઉપર જણાવેલી તખતી માહેલી બાબ
દોને બરાબર મલતો આવેછે. **હીરોડોટસ** લખી જાએ
છે કે **કંબાઈસીસ**નો એક ભાઈ **સમરદીસ** નાને હતો.
તે લોકોનો માનીતો હતો તેથી **કંબાઈસીસે** બીહીને તે
ને છુપી રીતે મારી નખાવીઓ હતો. હવે જારે **કંબાઈ**
સીસ મીસર દેશમાં હતો તારે એક બીજો શકસ કે જે
નુ દોલ **સમરદીસ**ને મલતું આવતું હતું તે લોકોના અ
નજાણપણાનો ફાએદો લઈને એવું કેહેવા લાગો કે હું
પોતે **સમરદીસ**છું. લોકોને **સમરદીસ**ના મોહોતની
ખબર ન હતી તેથી તેઓએ બલવો ઉઠાવીઓ અને પે
લા જુઠા **સમરદીસ**ને પોતાનો રાજા કરીઓ. જારે કં
બાઈસીસને આએ વાતની ખબર થઈ તારે તે પેલા

ઠગારાને સજા કરવાના હેતુથી ઈરાન પાછો જવા નીકલીઓ, પણ વાતમાં તે મરણ પાંમીઓ હતો.

તખતી મ ઘેની બીના.

વલી આગલ ચાલતાં એજ હારના બા રમા અને તેરમાં ફકરામાં દારાએસ કેહે છે કે જે રાજ ગોમેટીસે કબુજીય પાસેથી છીનવી લીધું તે રાજ અસલના વખતથી હમારાં ખાંનદાનના હાથમાં હતું. ગોમેટીસને એ રાજ મલીઆ પછી તે પોતાની મરજી માફક કરવા લાગો, અને ઈરાનમાં કોઈ બી શકસ એવો નહી હતો કે જે ગોમેટીસ પાસેથી રાજ છીનવી લે. સઘલા લોકો તેનાથી ઘણા બીહીતા હતા. જેઓ પેલા બારદીસને ઓલખતા હતા તેઓને તેણે કતલ કરીઆ, એવા હેતુથી કે રખેને તેઓ તેને ઓલખી કાહાડે કે તે કુરૂશનો પુતર બારદીસ નથી. જાંહાંસુધી હું (દારાએસ) આવી પુગો તાંહાંસુધી ગોમેટીસ વીશે કોઈએ કાંઈ પણ બોલવાની હીમત ચલાવી નહી. પછી મેં હોરમજદની બંદગી કીધી. હોરમજદ માહારી મદદે આવીઓ; અને મેં માહારા વીસવાસુ માણસો સાથે તે ગોમેટીસને તથા તેના મુખીઅ મલતીઆઓને કતલ કરીઆ. મેં તેનુ રાજ છીનવી લીધું. હોરમજદની મદદથી હું રાજા થયો.

તેનુ હીરોડોટસની તવારીખ સાથે મલતું આવવું.

હીરોડોટસ પણ એજ મીસાલે લખી જાએછે. તે પણ કેહેછે કે સમરદીસની આગમન ઈરાનમાં દારાએ

સના ખાનદાનના **એકીમીનીસ** વંશના રાજાઓ અ સલથી રાજ ચલાવતા હતા. એ જુદો **સમરદીસ** પાદશાહી ખાનદાનનો ન હતો, અને તેને રાજ ઉપરથી ઉઠાડી મેલવાની **દારાએસ** સીવાએ બીજા કોઈએ હીમત ચલાવી ન હતી. પણ **દારાએસે** બીજા ઉમરાવો સાથે સંપ કરીને તેને પોતાને હાથે કતલ કીધો હતો.

તખતીઓ મધેની બીનાં; તેનું હીરોડોટસની તવારીખ સાથે મલતું આવવું.

વલી એ વતરોગે **દારાએસે** માહેલા પરાંતોમાં સમાધાની કીધી હતી; **બેબીલોન** ઉપર ફતેહ મેલવી હતી, **સીથીઆ** ઉપર સવારી કરી હતી અને **ઈરાનના** મુખીઅ ઉમરાવો **ઈનટાફરનીસ, ઓટેનીસ, ગોબરીઆસ, હાઈદારનીસ, મેગેબીઝસ** અને **આરદોમેનીસ** જેઓએ તેને મદદ કરી હતી તે સઘલું તેમના નામ સુધાં તખતી ઉપરથી માલુંમ પડેછે અને તે **હીરોડોટસની** આપેલી વીગત સાથે મલતું આવેછે.

એ બીનાનો વચારે બોલાશે.

હવે જારે બીજા હાથ ઉપર આપણ **ગુસ્તાસ્પના** રાજની હકીકત અવસતામાં તથા **ફીરદોસીના** ગરંથમાં વાંચીએ છીએ તારે આપણને તેની કારકીરદીનો હેવાલ તદન જુદોજ માલુંમ પડેછે. એ પુસતકો ઉપરથી એવું જાહેર થાએ છે કે **ગુસ્તાસ્પ લોરાસ્પ** પાદશાહનો બેટો હતો. તેણે તારતરીના રાજા **અરજાસ્પ** સાથે લડાઇઓ કરી હ

તી. પણ તેના રાજમાં વધારે જાણવા જોગ એ બીના બની હતી કે. તેના વખતમાં આપણા હજરત પેગંબર સાહેબ **જરથોસ્તે** **ઈરાનીઓ**ને ભલી માજદીઅસની દીનના કલામોથી વાકેફ કીધા હતા. આએ બીનાતો ઘણી અચરત સરખી અને નવાઈ જેવી દીસેછે કે જો **ગુસ્તાસ્પ** અને **દારાએસ** એકજ હોય અને **દારાએસ**ના વખતમાં **જરથોસ્તી** ધરમની ઉતપંતી થઈ હોય તો તે વખતનો ગરંથ કરતા **હીરોડોટસ** તે વીશે કંઈ પણ બોલીઆ વગર રેહે નહી. પણ જો આપણે એકબારગી એવુંબી ધારીએ કે **હીરોડોટસ** તે વાતના કદાચ અખારા કરે, તોએપણ તે વીશેની વીગત **દારાએસે** પોતે કોરાવેલી તખતીઓમાતો ખશુશ આવવી જોઈએ, પણ એવું કંઈજ નથી.. **હીરોડોટસ**તો **જરથોસ્તી** ધરમ વીશે કસું બોલતો નથી અને તેનાં પુસતકમાં **જરથોસ્ત**નુ નામ પણ આવતું નથી. તખતીમાં પણ **જરથોસ્ત** તથા એ ધરમની ઉતપંતી વીશે કસું લખીઉં નથી, માતર એટલુંજ જણાવીઉંછે કે **દારાએસે** પોતાનો ધરમ સુધારીઓ હતો. તખતી ઉપરની પેહેલી હારના ચઉદમાં ફકરામાં **દારાએસ** લખેછે કે "જે ધરમના મકાનોનો **ગોમેટીસે** (સમરદીસે) નાશ કીધો હતો તે મેં પાછાં બંધાવીઆં; અને ધરમની કીરીઆ તથા એબાદતના બાબમાં તેણે જે બીગાડ કીધો હતો તેમાંથી મેં તે ધરમને પાછો તાજો કરીઓ. એ બધું મેં **હોરમજદ**ની મદદથી

કરીઉં." આએ **દારાએસ**ના લખેલા ફકરા ઉપરથી સાફ દીસેછે કે તેણે **હોરમજદ**ની મદદથી પોતાનો બીગડેલો ધરમ પાછો તાજો કીધો હતો. વલી એ ઉપરથી એવું પણ સાબેત થાએછે કે આપણો ધરમ **દારાએસ** પાદશાહના વખતની ઘણુ આગમજ જાહેર થયો હતો અને તે લાંબો વખત સુધી જાહોજલાલી ભોગવીને પાછો ખરાબ થયો હતો, અને તે ખરાબ હાલતમાંથી **દારાએસે** તેને પાછો સુધારીઓ હતો. હવે જેઓ એવું કેહેછે કે **જરથોસ્ત દારાએસ**ના વખતમાં થયો હતો તો તેવું કેહેવામાં તેમની દેખાઈતી ચુકછે અને તે ચુક **ગુસ્તાસ્પ** અને **દારાએસ**ને એક સમજવાથી થઈ હતી; પણ આએ નવી શોધથી તેનો ખોલાસો થાએછે, અને **જરથોસ્ત**નો જમાનો **દારાએસ**ના વખત કરતાં ઘણો કદીમ ઠરેછે. પણ **જરથોસ્ત** અસલી **કીઆની** તોખમના પાદશાહ **ગુસ્તાસ્પ**ના વખતમાં થયો એ વાત અવસતા તથા **શાહનામા** ઉપરથી ચોકસ થાએછે; તારે **ગુસ્તાસ્પ** પણ **દારાએસ**ના વખતની ઘણુ આગમજ થવો જોઈએ.

ચોથું--હાલના વીદવાનોના કેહેવા ઉપરથી.

ચોથું—**ગુસ્તાસ્પ** તથા **દારાએસ** એ બંને પાદશાહો જુદાજ હતા અને **જરથોસ્ત ગુસ્તાસ્પ**ના વખતમાં થઈ ગયો તે વીશે હમો વાંચનારની એકથી વધારેવાર ખાતરી કરી ચુકા છીએ. હવે એ બાબદ ઉપર

હાલના જમાનાના નામીચા વીદવાનો શું શું મત આપી જાએછે તે વાંચનારની હજુરમાં મેલવાની રજા લઈજીએછે.

જીઓરજ રોલીનસન. **જીઓરજ રોલીનસન** એવું લખેછે કે "**જરથોસ્તી** ધરમની ઉતપંતી **દારાએસ હીસ્તાસપીસ**ના વખતની ઘણુ આગમજ થઈ હતી, પણ એ પાદશાહની અગાઉના રાજા **સમરદીસ** કે જેનુ નામ ખીલારોકા હરફોમાં **ગોમેટીસ** કરીને લખેલુંછે, તેણે એ ધરમનો બીગાડ કીધો હતો, તે માઠી દીસામાથી **દારાએસે** તેને પાછો તાજો કીધો હતો."

બેરન બુનસન. **બેરન બુનસન** એવું કેહેછે કે "**ગુસ્તાસ્પ** પાદશાહ કે જેણે **જરથોસ્ત**ને મદદ કીધી હતી તે અને **દારાએસ**નો બાપ **હીસ્તાસપીસ**, એ બંને એકજ હતા એ વીચાર હાલના જમાનાના કાબેલ શકસોએ પડતો મેલીઓછે, અને તે વીશે વધારે બોલવું પણ અનઘટતુંછે.

ડાકટર મારટીન હાઊગ. હાલનો કાબેલ અને પરખીઆત વીદવાન ડાકટર **મારટીન હાઉગ** એવું જણાવેછે કે "**જરથોસ્ત દારાએસ હીસ્તાસપીસ**ના વખતમાં થઈ ગયો એમ બોલવું ઘણુ ખોટું અને તવારીખથી ઉલટુંછે. **જરથોસ્ત** **કએગુસ્તાસ્પ** (કવા વીસ્તાસ્પા) ના વખતમાં થઈ ગયો એ વાત ખરીછે, પણ એ **ગુસ્તાસ્પ** અને **દારાએસ**નો બાપ **હીસ્તાસ**

પીસ કેવલ જુદાજ પુરૂશો હતા, અને તેઓ જુદે જુદે વખતે થઈ ગયાછે."

મેકશદંકર.

મેકશદંકર કે જે હાલ **જરમની**માં ઘણો કાબેલ તવારીખ લખનાર ગણાએછે અને જેણે **સર હેનરી રોલીનસન** તથા બીજા વીદવાનોની ખીલારોકા હરફો વીશેની સઘલી સોધનો પુશકલ ફાએદો લીધોછે તે ધણી એવું કેહેછે કે **જરથોસ્ત બેકત્રીઆ** માહેલા **કીઆની** વંશના **ગુસ્તાસ્પ** પાદશાહના વખતમાં થઈ ગયો; અને એ **ગુસ્તાસ્પ** એ **કીમીનીસ** વંશના **દારાએસ** પાદશાહથી તદન જુદો જ હતો.

રોહોડ.

રોહોડ નામનો એક નામીચો **જરમન** વીદવાન એવું જણાવેછે કે **જરથોસ્ત** કાંહાં અને કહે વખતે થઈ ગયો તે સવાલનો જવાબ આપવો એ ઘણુ મુસકેલ કામછે. **આંકીટીલ ડુ પેરાં** અને બીજાઓ જે **જરથોસ્ત**ને **દારાએસ હીસ્તાસપીસ**ના વખતમાં મેલી જાએછે તેઓના મતને જંદ અવસતાની લેખાંનથી ટેકો મલતો નથી. પરંતુ બધી રીતે વીચાર કરતાં એવું માલુંમ પડેછે કે **જરથોસ્ત બેકત્રીઆ**નો રેહેવાસી હતો અને તે પાદશાહ **કવા વીસ્તાસ્પ** (ગુસ્તાસ્પ) ના વખતમાં થઈ ગયો. **પરોફેસર હીરીન** જે **જરથોસ્ત**ને **દારાએસ હીસ્તાસપીસ**ની આગમજ પેહેલા **સએકસરીસ**ના વખતમાં મેલી જાએ

છે તે વાજબી દીસતું નથી; પણ સઘલી વાત ધીઆન માં લેતાં મને એવું જણાએછે કે તે પેહેલા **સઅેકસરી** **સ**નીબી ઘણુ આગમજ કોઈ હજી તવારીખમા નહી જ ણાએલા વખતમાં થઈ ગયો હતો.

હીરીન, વેસટર ગારડ, મેકશમીલર અને ગીબન.

પરોફેસર હીરીન અને **પરોફેસર વેસટરગારડ** કે જેઓના મ ત હમોએ આગલ ટાંકીઆંછે તેઓ તથા **પરોફેસર મેકશ મીલર** અને **ગીબન** પણ **જરથો સ્તી** સનેને **દાશએસ હીસ્તાસપીસ**ના વખતની ઘ ણુ આગમજ મેલી જાએછે.

એ ઊપર જણાવે લી સઘલી સાબેતી ખીલારોકી તકતીઓ ની શોધ ઊપર આ ધાર રાખેછે.

ઉપર જણાવેલી સઘલી વીગત ધી આન રાખીને વાંચીઆથી દરએક વીચારવાલો સકસ હમારાં મતને મલતો આવશે એવી હમો ઉમેદ રા ખીએછે. પણ આટલું બધું બોલીઆ છતાં જે ધણી એવું કેહેશે કે હમો ખીલારોકા હરફોની શોધ ઉપર ભરો સો રાખતા નથી. એ શોધ હજુ વાંધા ભરેલીછે અને આગલના વીદવાનો ઉગમણ તથા આથમણ પરાંતના ગરંથકારોના રચેલાં પુસતકો વચે જે મુકાબલો કરી ગ યાછે તે વાજબીછે અને તે વાશે હમારી ખાતરી થઈ ચુકીછે વાસતે જોઈએતો કોઈ બીજી વાતે હમારી ખાત રી કરી આપોતો તે ધણી જાણી બુજીને સાચી વાતનો તીરસકાર કરેછે અને એક અગનીઆનીની માફક પો

તાના મતને વલગી રેહેછે એવું જણાશે. પણ દાનેશમં દ શકસનુ એ કામ નથી. તે અસલી વીદવાનો જે મેહેનત લઈને લખી ગયાછે તેઓનો ઉપકાર માનશે ખરો, પણ તે કાંઈ બીજા ગાઓડીઓની મીસાલે હાલના વીદ વાનોએ જે રંજ અને મેહેનત ખેંચીને એક અગતીઅ ની બાબદ ઉપર અજવાલું નાખીઉંછે તેનો ધીકાર કરશે નહીં. તે તેઓનો બલકે વધારે ઉપકાર માનશે અને તે મની નવાઈ જેવી શોધનો લાભ લેવાને ચુકશે નહી. એ શોધથી તવારીખ ઉપર જે નવું અજવાલું પડીઉંછે તેથી આપણને મોટી ખુશી ઉપજવી જોઈએ. એ શો ધથી આપણા અસલી વડાવાઓનો એક પાદશાહી વં શ હાલ જાહેર થયોછે કે જેની જાહોજલાલી અને મો તેબરી વીશે આપણને કસી ખબર નહી હતી. વલી ત વારીખ લખનારાઓની દીઆનતદારી ઉપર આપણ શ ક લઈ નતા હતા તેમાંબી આપણી ભુલ હતી તે ખોલી રીતે માલુંમ પડી આવેછે. તવારીખ સંબંધી સઘલો ગુ ચવારો નીકલી ગયોછે, અને હાલ એ તવારીખને લગ તી સઘલી બાબદો દાહાડાની રોશનીની માફક સાફ અ ને વગર વાંધાની દીશેછે.

એ ઉપરથી જરથો સ્તી સનેની પુરવારી.

આપણ ખીલારોકા લેખોની મ દદથીતો એટલુંજ સાબીત કરી શકી એછે કે **ગુસ્તાસ્પ** અને **દારાએસ** એ બંને જુદા પુરૂ શો હતા અને તેઓ જુદે જુદે વખતે થઈ ગયા. ગુ

સ્તાસ્પ કીઆની તોખમનો હતો અને **દારાએસ** એ **કીમીનીસ** વંશનો હતો. હવે તવારીખ ઉપરથી એવું પુરવાર થાએછે કે **દારાએસને** ઈ૦ સ૦ પુ૦ ૫૨૧ માં **ઈરાનનુ** રાજ મલીઉં હતું. એ રાજ એના વંશના **સાઈરસ** પાદશાહે ઈ૦ સ૦ પુ૦ ૫૫૮ માં **મીદ** લોકો પાસેથી છીનવી લીધું હતું. **મીદ** લોકોનો કાબુ **ઈરાનમા** આસરે ૨૦૦ વરસ (ઈ૦ સ૦ પુ૦ ૭૦૮—૫૫૮) સુધી ચાલીઓ હતો. એ **મીદ** લોકોની આગમજ **ઈરાનમાં** **એસીરીઆના** લોકો હકુમત ચલાવતા હતા. તેમની સાહેબી આસરે ૫૦૦ વરસ (ઈ૦ સ૦ પુ૦ ૧૨૩૦—૭૦૮) સુધી ચાલી હતી. એ લોકોની આગમજ **ઈરાનમા** આપણા **કીઆની** ટોલાના રાજાઓ રાજ ચલાવતા હતા. **ગુસ્તાસ્પ કીઆની** તોખમનો એક છેલો પાદશાહ હતો. **જરમનીના** નામાંકીત વીદવાન **મેકશદંકરે** પોતાની તવારીખમાં **કીઆની** વંશના પાદશાહોનુ વરણન **ગુસ્તાસ્પ** પાદશાહના વખત સુધી કરીઉંછે. **ગુસ્તાસ્પના** વખત પછી આસરે ૧૦૦ વરસને અંતરે એ વંશની સમાપતી થઈ હતી. **દાઓદોરસ સીકીઉલસના** કહા મુજબ **બેકત્રીઆનુ** રાજ કે જાંહાં **કીઆની** તોખમના રાજા રાજ ચલાવતા હતા તેનો અંત એ **સીરીઆના** રાજા **નાઈનસે** આણીઓ હતો.† એ બી

---

† હાલના કેટલાએક વીદવાનો બેકત્રીઆના રાજની કઈઆતી તથા તેની જાહોજલાલી વીશે શક લઈ જાએછે પણ

ના **દંકર** તથા **હાઉગ**ના કહા પરમાણે તથા વખતની ગ ણતરી પરમાણે **ઓખશીઆથરીસ** નામના **બેકત્રીઆ** ના રાજાના વખતમાં ઈ૦ સ૦ પુ૦ ૧૨૩૦ માં બની હતી. એ ઉપરથી આપણ **ગુસ્તાસ્પ**નો જમાનો ઈ૦ સ૦ પુ૦ ૧૩૦૦ વરસનો ઈઆને આજે ૩૨૦૦ વરસ નો કદીમ ગણીએછે. પેગંબર સાહેબ **જરથોસ્તે ગુસ્તા સ્પ** પાદશાહના વખતમાં આપણી પાક દીનના કલામો જાહેર કીધાં હતાં માટે તે પેગંબર સાહેબ **જરથોસ્ત**નો જમાનો પણ આજ ૩૨૦૦ વરસનો કદીમ જાણવો.

એમ કરવામાં તેમની મોટી ભુલછે કારણ કે અવસતામા એ રાજ વીશે એકથી વધારેવાર લખેલુંછે અને તે મધેથી આપ ણને એવું પણ માલુંમ પડેછે કે જારે કીઆનીઓની પાદશાહી ધમ ધુકાર ચાલતી હતી તે વખતે બેકત્રીઆ (બલખ) ઈરાન નુ પાએતખત હતું.

ભાગ ૨.

પ્રકરણ પેહેલું.

જરથોસ્તના જમાનાના ઈરાનીઓ—
તેમની સંસારી હાલત.

આગલ જણાવીઆ પરમાંણે જરથોસ્તનો જમાનો ૩૨૦૦ વરસનો પુરાણો મુકરર કીધાબાદ એ જમાનાનાં લોકોની સંસારી, ધરમ સંબંધી અને રાજદુઆરી હાલત કેહેવી હતી તેનો ખોલાસો વાંચનારી આલમ આગલ કરવાને હમો દરૂસત ધારીએ છીએ અને તે વીશે અતરે થોડા વીચાર જણાવાની રજા લઈજીએછે.

જમાનાનું ચકર.

સઘલા જમાનાઆમાં લોકોની હાલત સરખી હોતી નથી અને તેમજ એક પરજાની હાલત સઘલે વખતે એકની એક રેહેતી નથી. જો એક જમાનામાં તેઓ ખેતીવાડીના કામમાં આબાદાની મેલવેછે, તો બીજા જમાનામાં તેઓ વેપાર સંબંધી બાબદોમાં મોટાઈ ભોગવેછે. કોઈ જમાનામાં તેઓ દાનાવમાં નામ ખપાવેછે અને કોઈ બીજા જમાનામાં તેઓને કદાચ જંગલીનો એલકાબ મલેછે. જો કોઈ જમાનામાં તેઓ ઘણી જાહોજલાલી ભોગવેછે તો કોઈ બીજા જમાનામાં કદાચ તેમની અવસથા ઘ

ણી માઠી અને દુખ તથા દયા ઉપજાવનારી થઈ પડેછે. જો કોઈ જમાનામાં તેઓ ઘણા સુરા અને પેહેલવાનીઅત ધરાવનારા હોયછે તો કોઈ બીજા જમાનામાં તેઓ પોતાનું શુરાતન ખોહી બેસેછે અને હીચકારા ગણાએછે. જો કોઈ જમાનામાં તેઓ ઘણા નેક અને ધરમી ગણાએછે તો કોઈ બીજા જમાનામાં તેઓ વીશે બુરૂં બોલાએછે. જો કોઈ જમાનામાં તેમનું નાંમ આખી પરથવી ઉપર જાહેર થાએછે અને તેમના અખતીઆરમાં આખી દુનીઆંની હકુમત હોયછે તો કોઈ બીજા જમાનામાં તેઓ પોતાનુ સઘલું રાજપાત ખોહી બેસેછે, અને તેઓ દુનીઆના કયા ભાગમાં વસેછે તેની પણ કોઈ ખબર રાખતું નથી. દુનીઆમાં વસનારાં સઘલાં લોકો ઉપર આએ પરમાંણે ચઢતી પડતી તથા ફેરફાર થાએછે. તેટલા માટે **જરથોસ્ત**ના જમાનાના **ઈરાનીઓ**ની હાલત વીશે વીચાર કરતાં આપણને હાલના જમાનાના લોકો ઉપર નજર કરવી જોઇતી નથી, તોપણ તે જમાનાના **ઈરાનીઓ**માં શીશી ખુબીઓ હતી કે જે હાલ આપણામાં નથી, તે ઉપર દરીઆફ કરી તેનો ફાએદો લેવાની આપણ સરવેની ફરજછે.

જરથોસ્તના વખતનાં ઇરાનીઓની હાલત.

એ જમાનામાં મોટાં મોટાં સફરી વાંહાંણો સમુદરમાં લાંબી લાંબી મુસાફરી કરતાં ન હતાં, એ વખતે આગ ગાડી એક મુલકથી બીજે મુલક દોડતી ન હ

તી અને પોતાની અચરત સરખી સકતી અને જડપ થી માણસની અકલને હેરાંનગતીમાં નાખતી ન હતી. એ જમાનામાં વીજલીનાં તારની મારફતે થોડી પલમાં હજારો કોસ દુર સંધેસા મોકલીઆમાં આવતા ન હતા. એ વખતે માણસની અકલે બાફના સાંચા સોધી કાહાડીઆ ન હતા, તેથી તેવડે હાલ જે માહાભારત કાંમો થાએછે તે તે વેલાએ થતાં નહી હતાં. આએ સઘલી વીદીઆં હુનરને લગતી શોધોથી **જરથોસ્ત**ના જમાનાના **ઈરાની**ઓ અનજાણ્યા અને બેનસીબ હતા; તોએપણ તેમના જાતી ગુણો વખાણવા લાએક હતા અને તેમની સંસારી, ધરમ સંબંધી તથા રાજદુવારી હાલત ઘણેએક દરજજે નકલ કરવા જોગ હતી. તેઓ સવભાવે ભોલા અને નમ્ર હતા. તેઓ હરદમ પોતાના કીરતારને ઈઆદ કરતા હતા અને તેના પાક કલાંમોને માન આપતા હતા. તેઓ સરવે સાથે હલી મલીને ચાલતા. બાપ પોતાના બચાંના તન અને મનના સુધારા પછવાડે ખંતી રેહેતો, અને પોતાના બાલકને ધરંમ સંબંધી ગનીઆન પેહેલું આપવાની અગતીઅ સારી રીતે સમજતો હતો. માતબર લોકો કરતાં બુધા અને અકલમંદ લોકોને વધારે આબરૂ મલતી હતી. ખેતીવાડીનુ કાંમ ઘણી સારી રીતે ચાલતું હતું અને તેમાં દનપર દન સુધારો થતો હતો. લડાઈનો પેશો ઘણો મોતેબર ગણાતો હતો. સચાઈને હમેશ માન આપીઆ

માં આવતું, અને જુઠાંનો અતીઘણો તીરસકાર થતો. અસતરીઓનો દરજ્જો પણ મરદના જેવોજ ગણાતો અને તેઓને કેલવણી તથા છુટ પણ સારી મલતી હતી. એ વખતે સઘલો એલમ અને હોનર દસતુર તથા મોબેદોના હાથમાં હતો; અને તેઓની હકુમત પાદશાહ ઉપર પણ ચાલતી હતી. પાદશાહ તેમની મસલત લીધા વીના કાંઈ પણ ભારે કાંમ માંથે લેતો ન હતો. એ વખતે પાદશાહ પણ જુલમી નહી હતા તેથી તેઓને સંસારી સુખ સાથે રાજદુઆરી સુખનો પણ લાભ મલતો. એ વતરોગે **જરથોસ્ત**ના વખતના **ઈરાની**ઓ બીજી ઘણી વાતે સુખી હતા, પણ તે વીશે હમો અતરે લંબાન કરી શકતા નથી.

હવે આપણને જાણવું જોઈએછે કે હાલના સુધરેલા વખતમાં આપણ આપણા અસલી વડાવાઓ સાથે કેઈ કેઈ બાબદોમાં મલતા આવતા નથી અને કઈ કઈ વાતે આપણ તેમના નકલ કરવા જોગ ગુણો જાણી બુજીને ભુલી જઈએછે. એ વીશેની વીગત હમોએ નીચે જણાવીછે, કે જે ઉપરથી એવું માલુંમ પડેછે કે. **જરથોસ્ત**ના જમાનાના તથા તેની આગમજ અને પછીના અસલી **ઈરાની**ઓમાં કેટલાએક વખાનવા જોગ ગુણો હતા કે જે હાલ આપણામા નજર આવતા નથી.

તેઓમા સરી રનો સુધારો.

ગુસ્તાસ્પ પાદશાહની વખતના અને તેમજ તેની આગમજના બી

જા **કીઆની** તથા **પેશદાદ** ટોલાના પાદશાહોના વખતના **ઈરાનીઓ** પોતાના શરીરને સુધારવામાં ઘણુ ધીઆન આપતા હતા. **એકીમીનીસ** વંશના પાદશાહોની વખતના લોકો પણ એ કાંમમાં કસી કસુર રાખતા નહી હતા. **હીરોડોટસ** લખેછે કે "**ઈરાનીઓ** પોતાના બચ્ચાં પાંચથી તે વીસ વરસની વયના થાએ તાંહાં સુધી તેમને ફકત તરણ ચીજમાં કેલવણી આપેછે; તે એકે સાચું બોલવું, ઘોડા ઉપર સવાર થતાં સીખવું અને તીર મારવાનો અભીઆસ કરવો." આએ છેલલી બે બાબદો જે લખીછે તે સરીરને કસવાનીછે. ઘોડા ઉપર સવારી કરવી તથા તીર મારવાનો અભીઆસ રાખવો એ કંઈ જેવી તેવી કસરત નથી. એથી માણસની તંદરોસતીમાં અતીઘણો શુધારો થાએછે.. વલી એજ લખનાર કેહેછે કે "**ઈરાનીઓ**માં બાહાદુરીની ઘણી વખાણ થાએછે." એ વાત આપણા પારસીઓને કંઈ અનજાણી નથી. આપણ સરવે સારી પખે જાણીએ છીએકે આપણા વડાવાઓ ઘણા કદાવર, કઉઅતમંદ અને બાહાદુર હતા. **રૂસતમ** અને **સોહરાબ** જેવા સુરા નરો આજ દુનીઆમાં થતા નથી. તેઓ પોતાની અચરત સરખી બાહાદુરી અને બુલંદ જોરથી પોતાના નામો કાએમ રાખી ગયાછે, અને તેથી **કીઆનીઓ**ના નામને શોભા મલેછે. પણ બીજા હાથ ઉપર જોતાં આપણને ઘણી દલગીરી લાગેછે કે આપણા હાલના પારસીઓ પો

તાનુ અસલી કઉઅત અને સુર ખોહી બેઠાછે. આગલા કીઆનીઓનુ સુંદર લોહી તેમની નસોમાં હાલ વેહેતું નથી. તેઓ પોતાની તંદરોસતીને સુધારવા પછવાડે હાલ જોઈએ એટલું ધીઆન આપતા નથી. તેઓ આગલના કરતાં પોતાના મનને સુધારવાની કોશેશ હાલમાં વધારે કરેછે ખરા, પણ મનનો સુધારો સરીરના સુધારા ઉપર ઘણો આધાર રાખેછે, માટે તંદરોસતીમાં પેહેલો સુધારો થવો જોઈએ. એ અગતીઅની બાબદમાં હાલ આપણી કોમના આગેવાન ગરહસથોએ ધીઆન આપવા માંડીઉંછે તેથી બેહદ ફાએદા નીપજશે એવી હમો આશા રાખીએછે.

સાચ્ચું બોલવાની ટેવ.

આગલા ઈશનીઓમાં બીજો નકલ કરવા જોગ ગુણ એ હતો કે તેઓ સચાઈને અતીઘણુ માન આપતા હતા. એ ખોદાઈ ગુણ તેઓ નાહાનપણથી અખતીઆર કરતા હતા. તેઓ સંસારી તથા રાજદુઆરી કાંમોમાં ઈમાનદારી અને એકીનથી ચાલતા હતા તેથી પારકી ગનીઆતના લોકો પણ તેમને શાબાસી આપી ગયાછે. કેટલાએક યુનાની ગરંથકારો અને તેમાં વીશેશે કરીને હીરોડોટસ લખી જાએછે કે "ઈશનીઓ જુઠું બોલવું એ ઘણુજ નામોશી ભરેલું સમજેછે અને પોતાના બચ્ચાંને નાહાનપણથીજ સાચું બોલવાની ટેવ પાડેછે." ઈશન માહેલા પાહાડો ઉપર કોરેલી તખતી મધેના લેખોમાં પણ

જુઠાઈનો ઘણો ઈનકાર કરીઓછે, અને તેને સઘલી ખ રાબી તથા પાપનુ મુલ ગણીઆમાં આવીઉંછે. **બીહીસ્તન**ના ખરક ઉપરનો પેહેલી હારના દસમાં ફકરામાં **દારાએસ** બોલેછે કે "**ગોમેટીસે** (સમરદીસે) રાજ છીનવી લીધું તેથી મોટું દુખ એ નીપજીઉં કે તે વેલા એ દેશમાં જુઠાઈ ફેલાઈ ગઈ. વલી એજ ખરક મધેના લેખોની ચોથી હારના તેરમાં ફકરામાં **દારાએસ** લખેછે કે "**હોરમજદે** મને મદદ કીધી તેનુ કારણ એ હતું કે હું કઈ બુરો અથવા જુઠો અથવા જુલમગાર હતો નહી." આગલ ચાલતાં એજ હારના ચઉદમાં ફકરામાં **દારાએસ** પોતાની પછી જે રાજાઓ થાએ તેઓને એવી ભલામણ કરેછે કે તમો "જે માણસ જુઠો હોય, અથવા બદ ચાલનો હોય તેની દોસતી કરતા ના, પણ તેવા માણસોનો નાસ કરજો." એજ હારના સાતમાં અને આઠમાં ફકરામાં **દારાએસ** લખેછે કે "મેં જે આ એ માહારા કાંમોનો હેવાલ આપીઓછે તે સચાઈની રાહે આપીઓછે અને તેમાં **હોરમજદ** માહારો સાહેદીછે" વલી તે કેહેછે કે "એ વતરોગે બીજું જે મેં **હોરમજદ**ની મદદથી કીધુંછે તે મેં અતરે જણાવીઉં નથી, સબબ કે જે કોઈ હવે પછે એ લેખો વાંચે તેને કદાચ એવો વેહેમ જાએ કે મેં માહારાં બીજાં કીધેલાં કામોનો હેવાલ ખોટી રીતે આપીઓછે.† આગલા **ઈરાનીઓ**

† જેઓ ખીલારોકા હેરશેના ખરાંપણા ઊપર શક લઈ જાએ તેઓની ખાતરી કરવાને આએ વાકીઅ બસછે.

જીઠાઈનો કેટલો ધીકાર કરતા હતા અને **સચાઈ** અખતીઆર કરવાને તેઓ હમેશ કેટલા આતુર રેહેતા હતા તે ઉપર જણાવેલા લેખો ઉપરથી સાફ માલુંમ પડેછે. **સચાઈ** જેવો અમુલીઅ ગુણ સંપાદન કીધાથી શું શું ફાએદા થાએછે તે વીશે હમો કંઈ હાલ નીબંધ લખવા બેઠા નથી. તે કાંઈ હમારૂં કાંમ નથી. તેને હમારી બાબદ સાથે કસો સંબંધ નથી, અને તે વીશે આપણા લોકો અનજાણા પણ નથી. હમોતો હાલ એટલુંજ કેહેવાને બસ ધારીએછે કે એ કીમતી ગુણ હાંસેલ કરવામાં આપણા અસલી વડાવાઓ જેટલું ધીઆન આપતા હતા તેટલું ધીઆન હાલ આપણા લોકો નથી આપંતા.

પુખત ઊમરમા લગન કરવાની ટેવ.

જરથોસ્તના વખતના અને તે મજ તેની આગમનના તથા પછીના **ઈરાની**ઓમાં એક ઘણીજ વખાણવા લાએક અને નકલ કરવા જોગ રસમ હતી. તેઓ પોતાના બચાંને આપણા લોકોની માફક નાહાનપણથી પરણાવતા નહી હતા. અવસતા તથા તવારીખ ઉપરથી એવું માલુંમ પડેછે કે તેઓ જારે પુખત ઉમરના થાય તારે પોતાને પસંદ પડે તથા પોતાના સવભાવને મલતી આવે એવી બાએડી ખોલી કાહાડતા અને તેની સાથે પોતાના નેકા કરતા. એ પરમાણે નેકા કરીઆ બાદ તેઓ પોતાના મા બાપ તથા કુટુંબના બીજાં માણસોથી જુદા રેહેતા હ

તા* અને પોતાના સંસાર તથા ગજાં માફક પોતાને હાથે પોતાનુ ગુજરાન ચલાવતા હતા. આજ પણ એ ફાએદેમંદ રેવાજ આપણા ભાઈબંધ ઈરાનના રેહેવાસીઓમાં ચાલુછે. એ ઉપરથી આપણને ઘણું સરમાવું જોઈએછે. હાલા સુધરેલા વખતમાં આપણી કોમના કેટલાએક લોકો પોતાના અસલી વડાવાઓની એક ઘણીજ સારી, લાભ કારક અને નકલ કરવા જોગ રસમ છોડી દઈને હીંદુ તથા બીજી ગનીઆતના જંગલી લોકોની એક અનઘટતી અને મુરખાઈ ભરેલી રસમને વલગી રેહેછે તે ઘણુજ દુખ અને અફસોસ ભરેલુંછે. તેઓ પો

---

* અવસ્તા મર્ધના ઘણાએક ફકરાઓ ઉપરથી એવું માલુંમ પડેછે કે આપણા અસલી ઇરાનીઓમાં મોટા થઇને પરણવાનો રેવાજ હતો. વંદીદાદની ચઊદમી પરગરદમાં છોકરીને તેના પંદરમાં વરસ પછી અદરાવાનુ ફરમાવેલુંછે. રામ એસમાં ઓરતોની બંદગીનો એક ફકરો આપેલોછે તેમાં તેઓ સારા, ખુબસુરત અને તેમનુ જાવેદાંન શુધી પોશન કરે એવા ધણી તેમણે મલે તે માટે ઇસવરની પરારથના કરેછે. વલી અવસતામાં કોઇપણ ઠેકાણે વર અને બાએડી એવા સબદો વાપરેલા નથી, પણ જાંહાંમી તેઓ વીશે લખેલુંછે તાંહાં ઘર ધણી અને ઘર ધણીઆની એવા સબદો વાપરેલાછે. વંદીદાદની બારમી પરગરદ કે જેમાં સોક કરવાની બાબદ આવેલીછે અને જાંહાં બવી તહરાંની સગાઇ વીશે પુછ પરછ થાઇછે તાંહાં પણ માટી બઇએરને બંદલે ઘરધણી અને ઘરધણીઆની એવા સબદો વાપરેલાછે. એ તથા ઉપર જણાવેલા દાખલાઓ ઉપરથી એવું સાબીત થાએછે કે અસલના વખતના ઇરાનીઓમાં મોટા થાઇને પરણવાનો તથા પરણીને જુદા રેહુવાનો રેવાજ હતો.

તાના બચ્ચાંના બાલપણમાં લગન કરેછે. પછી જારે તેઓ મોટાં થાએછે તારે કદાચ તેમને એક મેક સાથે બનતું નથી. એ ઉપરથી તેમનો આખો જનમારો દુખમાં જાએછે. કોઈ વખતે ભરથાર વગર ભણેલો, અનસમજુ, જુલમી અને ખરાબ નીકલેછે તેથી બીચારી બાએડીને ઘણો બલાપો થાએછે. તે હમેશ દુખ અને અફસોસમાં રેહેછે અને પરણવાનુ જે ખરેખરૂં સુખ તે તેને મલતું નથી. કોઈવાર બાએડી અગતીઆની, વેહેમી, મીજાજી, કજીઆખોર અને દયા હીણુ નીકલેછે તેથી તેના ભરથારને જનમ સુધી ખમવું પડેછે. તે બીચારાના દુખનોતો કાંઈ પારજ નથી. ઘેરનુ જે મોટું અને ખરૂં સુખ તે તેને કદી મલતું નથી, અને તેનો આખો ભવ દુખ અને કજીઆ કંકાસ તથા બલાપામાં જાએછે. વલી એ વતરોગે બાલપણમાં લગન કરીઆથી બીજાં કેટલાં માઠાં પરીણામ નીપજેછે તે આપણા લોકોને સારી પેઠે રોશનછે તેથી હમો તે વીશે વધારે બોલવાને દરૂસત ધારતા નથી. એ સઘલાં દુખનુ ખરૂં કારણ જો આપણે જોઈશું તો તેમના મા બાપછે અને તેટલા માટે તેમને ઈસવર આગલ જવાબ આપવો પડેછે. શા માટે તેઓ પોતાના બચ્ચાંને જાણી બુજીને દુખમાં નાખેછે. શું તેઓને પોતાના બચ્ચાં વાહાલાં નથી લાગતાં. શું તેઓને બાલપણમાં કીધેલાં લગનથી નીપજતા ઘેરફાએદાની ખબર નથી. એ બાબદમાં તેઓને પોતાના વડા

વાઓનો નકલ કરવા જોગ દાખલો ભુલી જવો જોઇતો નથી. હાલના બીજાં સુધરેલાં દેશોમાં પણ એવોજ રેવા જછે. તેઓ પણ આપણા વડાવાઓની માફક મોટાં થઇને પરણેછે. તેઓમા અસતરી પુરૂશ એક મેકના ગુણ, વીદીઆ, અને સવભાવથી વાકેફ થાએછે. પછી જો તેઓને એક બીજાનો સવભાવ પસંદ પડેછે, જો તેઓ એક બીજા ઉપર પોતાની પરીતી અને હેત વધેલું જુએછે અને જો તેઓ એવું ધારેછે કે પરણીઆથી તેઓ બંને સુખી થશે તથા એક મેકના સુખમાં વધારો કરી શકસે તોજ તેઓ એક બીજા સાથે લગન કરેછે. પછી તેઓ એક મેક સાથે હલી મલીને ચાલેછે; એક બીજાના દુખ સુખમાં સામેલ થાએછે; એક બીજાની સલાહ લઇને કાંમ કરેછે; એક બીજાને માન અને આબરૂ આપવામાં પોતાની ફરજ સમજેછે અને એક બીજાના સુખમાં વધારો કરવાને હમેશ ખંતી રેહેછે. એવું કીધાથી તેઓ સદા સુખી સુખીઆરાં રેહેછે, અને તેમના બચચાં પણ તેમનુ જોઇને તેવું કરવા સીખેછે. હમો ઉમેદ રાખીએછે કે આપણી કોમના પારસીઓ હવે હીંદુઓની માફક બાલપણમા લગન કરવાની માઠી ટેવ છોડી દેશે અને આપણા વડાવા અસલી ઈરાનીઓની સુંદર અને ફાએદેમંદ રસમ પરમાણે ચાલશે. એમ કીધાથી આપણા સંસાર સુખમાં અતીઘણો વધારો થશે એમાં કઈંજ શક નથી.

જરથોસ્તના વખ્તના દસતુર તથા મોબેદોની હાલત.

વલી એ વતરોગે આપણા વડાવાઓમાં એક બીજો વખાણવા જોગ ગુણ હતો કે જે હાલ આપણાં માં ઘણો ખામી ભરેલો દીસેછે. હમોએ આગલ જણાવીઉંછે કે **જરથોસ્ત**ના જમાનામાં સઘલો એલમ તથા હોનર મોબેદો અને દસતુરોના હાથમાં હતો. **જમશીદ** પાદશાહના વખતમાં **ઈશની**ઓના ચાર તબકકા થયા હતા તેમાં **અથોરનાન** ટોલો સરવેથી નામીચો ગણાતો હતો. તેમની પદવી પાદશાહો તથા પેહેલવાનો કરતાં પણ ચઢતી કેહેવાતી હતી. પાદશાહ પોતે તથા તેની દરબારના માણસો દરએક અગતીઅની બાબદમાં તેમની મસલત લેતા હતા. તેઓ જાતે દાનાવ અને નેક હતા તેથી તેઓ પોતાનો ટેકાવ જાલવી રાખતા હતા. સરવે કોઈને તેમની ગરજ પડતી હતી અને સઘલે ઠેકાણેથી તેમને આદરમાન મલતું હતું. ટુકાંમાં કહીએતો તે વખતે આપણા દસતુરો તથા મોબેદોની જાહોજલાલીનો કઈ પારજ નહી હતો. પણ બીજા હાથ ઉપર હાલના દસતુર તથા મોબેદોની હાલત જોઈને આપણને કેટલો બલાપો છુટેછે અને કેટલી દલગીરી ઉતપન થાએછે. હાલમાંતો કોઈ હલકે વાંધેનો શકસ પણ તેમને તોછરાઈના સખુનો બોલેછે, તેમનો ધીકાર કરેછે અને તેમની સાથે વાત કરવામા પણ અપમાન સમજેછે. આએ કેહેવું નામોશી ભરેલું! આએ કેવું સરમીંદગી ભરેલું! કાં

હાં સુધી એ દસતુર અને મોબેદો તમો એવીને એવી હાલતમાં પડી રેહેવાના? કાંહાં સુધી તમો તમારાં નામ ને માહું લગાડવાના? કાંહાં સુધી તમો તમારી પદવીને હીનપસતી પોંહોંચાડવાના? કાંહાં સુધી તમો તમારા ધંધાને અપમાન આપવાના? કાંહાંસુધી તમો લોકોને મોહોડેથી નાલાએક સખુનો સાંભલવાના? હાલના જેવા સુધરેલા જમાનાંમા તમુને અગનીઆન રેહેવાને બુદલ છાજતું નથી. ઉઠો તારે જાગરૂત થાઓ અને કાંમે વલગો. છોડી દેવો તમારી આલસાઇ અને અગનીઆનપણ. મુકી દેવો તમારી નકામી અને વગર સમજનની તકરારો. ખાલી નાખો તમારી ઈર્આવીસાદ અને તાહોમીનમાને વીશેની જુઠી ભાંજગડો. એ તમારી ધરમના ઉપાધીઆ તરીકેની ઉંચી પદવીને તદન સજાવર નથી.† તમો તમારા અસલી વડાવાઓનો દાખલો લઈને તેમની મીસાલે નેક રાહે ચાલો. તમો તેઓની માફક તમારા કીરતારને હરદમ યાદ કરતા રેહો. તમો તમારા અવસતાના કલાંમ પરમાણે નેક વમાસો, નેક બોલો અને નેક કાંમો કરતા રેહો. તમો છુટાપણ અખતીઆર કરવા સીખો. તમો તમારા વંડાવાઓની મીસાલે પઈસા કરતાં આબરૂને વધારે ચાહો. તમો તમારી ફરસુદનો વખ

† આએ સબદો કાંઈ સઘલા દસતુરો તથા મોબેદોને લાગુ પડતા નથી. હમો સારી પેઠે જાણીએછે કે તેઓમાં કેટલાએક નેક અને કામેલ શકસોછે.

ત સારૂં ગનીઆન મેલવવામાં તથા સારાં કાંમો કરવા માં રોકો. તમો તમારાં બચાંને બને તાંહાંસુધી સારી કેલવણી આપો. તમો તમારી ફરજો હમેશ અદા કરો. તમારા ભાઈબંધોનુ સદા સારૂં કરતા રેહો અને સરવેના સુખમાં તમારૂં પોતાનુ સુખ સમજો. એવું કીધાથી ખોદાતાલા તમોને મદદ કરશે. તે સાહેબની મેહેરબાની તમોં ઉપર વધશે, અને તમારી ઉમેદ બર આવશે. તમોને પણ તમારા વડાવાઓની માફક આદરમાન મલશે અને ખોદાના હોકમથી તમો પણ તેમના જેવીજ જાહોજલાલી ભોગવશો.

પારસી સેઠો ને એક સુચના. આએ બાબદ સમાપત કરીઆની આગમજ હમો આપણા પારસી સેઠીઆઓને એક અરજ કરીએછે. હમો તેઓને એવું કેહેવા માંગીએછે કે તેઓએ આપણા દસતુર તથા મોબેદો સાથે તોછરાઈ અને ગેરસલુકાઈની રાહે ચાલવું નહી, પણ તેઓ ઉપર રેહેમની નજરથી જોવું તથા ધરમના ઉપાધીઆ તરીકે તેમને આદરમાન આપવું અને તેમની હાલત† સુધારવાને બનતી કોશેશ કરવી. હમો જાણવા

---

† હાલમાં મોબેદોની હાલત સુધારવાને નામનુ જે ફંડ ઊભું થયુંછે તે વીશે મોબેદોમાં ભારે તકરાર ઊઠીછે. તેઓ એવું કેહેછે કે "હમારી હાલતને શું થયુંછે કે તે સુધારે, હમો કાંઇ આંધલા પાંગલા અથવા નાચાર બેચાર નથી." આએ પરમાણે બોલવામાં તેમની મોટી ભુલછે. આએ ફાની દુનીઆમાં કોઈ પણ માણસ પુરે પુરો સુખી નથી, એ ઉપરથી

ને ખુશી છઈએ કે મોબેદોની હાલત સુધારવાનુ માહા ભારત અને ઉપીયોગી કાંમ આપણી કોમના એક સખી અને ઉદાર દીલના સેઠે હાલ માંથે લીધુંછે. એ માનવં તા સેઠે જે નેક અને ભલાં કાંમમાં આગેવાની લીધીછે તેથી આપણ તેના ઘણા ઉપકારી થયા છીએ, અને હમા રી એવી ઉમેદછે કે તેની નેક મોરાદ પાર પડે. હમો તે ને તથા બીજા જે કોઈ સેઠીઆઓ એ કાંમમાં ફાએદો લેવાને ચાહાતા હોય તેઓને એવી ભલામણ કરીએછે કે તેઓએ હાલ એ બાબદસર જે ફંડ ઉભું થયુંછે તેમાં પુશકલ વધારો કરવો અને તે દીઆનતદાર તથા આબરૂ વાલા તરસટીઓને સવાધીન કરવું. પછી તેના વીઆ જમાંથી એક મોટો દરમાયો આપીને આપણે માથે એક ઘણોજ કાબેલ દસતુર મુકરર કરવો.§ એ દસતુરના હાથ નીચે બીજા બે લાએક દસતુરો તેને મદદ કરવા તથા તે ને મસલત આપવા સારૂ સારો પગાર આપીને નેમવા; અને તેમના હાથ હેઠલ તેમનાથી ઉતરતો મુસારો આ

કોઈબી માણસ પછી તે ગમે એવો મોટો હોય તોપણ તે પો તાની હાલત વધારે સારી કરી સકે ઇઆને તે સુધારી શકે. એક પાદશાહ પણ પોતાની હાલત સુધારવા માંગેતો સુધારે.

§ એ ઉપરથી એમ નહી સમજવું કે દસતુરનોજ છોક રો દસતુર થાએ. આપણી કોમનો કોઇબી સખસ કે જે ધર મ તથા બીજી બાબદોમાં કાબેલીઅતપણુ ધરાવતો હોય તો તે દસતુર થાએ પછી તે બેહેદીનનુ ફરજંદ હોય ઇઆ મોબેદનુ તેની કઈ પરવા નહી.

પીને દરએક એબાદતખાનામાં એક એક હોશીઆર દસ તુર ઠેરવવો.† એ દસતુરોનો ઓછામાં ઓછો મુસારો

† હાલ આપણી કોમના પેહેલા બેરોનેટની યાદગારીને માટે અથોરનાનના ફરજંદોને જરથોસ્તી ધરમની તાલીમ આપવા સારૂ જે મધરેસા ઊભી કરીઆમાં આવીછે અને જેનુ કાંમ પણ સાંભલીઆમેલે સારૂં ચાલેછે તે મધરેસામાંથી દસતુર થવા લાએકના કાબેલ શકસો મલી આવશે એવી ઊમેદ રાખીઆમાં આવેછે. એ મધરેસા સથાપવામાં જે નામવર અને ઊદાર દીલના ધણીએ આગેવાની લીધીછે તે સેઠનો તથા બીજા સાહેબો જેઓ એ કાંમને ઊતેજન આપેછે તેઓનો જરથોસ્તીઓએ મોટો ઊપકાર માણવો જોઇએછે, કારણ કે મોબેદોની હાલત સુધારવાનો સરવેથી સરસ ઊપાએ એજછે. એ કેલવણીનુ કાંમ જો સારી રીતે ચાલીઊંતો તેથી આપણા ટોલાને અતીઘણો ફાએદો થશે એમાં કઇંજ સંદેહ નથી. બનતાં સુધી આએ મધરેસાનુ ફંડ આગલ જણાવેલાં ફંડ સાથે મેલવી નાખીઆમાં આવે અને તે સઘલાનો ઘટતી રીતે ઊપયોગ થાએતો વધારે સારૂં. હમના એ મધરેસાનું કાંમ સારી રીતે ચાલેછે તેથી હવે તેમાં ડાકટર હાઊગ જેવા કોઇ કાબેલ શકસને મનમાનતો મુસારો આપીને નેમવાની ઘણી જ રૂરછે. એવું માલુંમ પડેછે કે એ મધરેસામા ઇંગરેજી કેલવણી બરાબર આપીઆમાં આવતી નથી. એ અગતીઅની બાબદ ઊપર હમો એ ફંડના તરસતીઓનુ ધીઆન પોંહોંચાડવા માંગીએછે. ઇંગરેજી કેલવણી વીના વીદીઆરથીઓના મન ઊપર કબુબી સારી અસર થનાર નથી. એ ભાશામાં જે વીદીઆ હોનર, નીતી અને બીજી અગતીઅની બીનાઓ ઊપર પુસતકો લખાએલાંછે તે વાંચીઆથી જંદના અભીઆશીઓના મન ઊપર ખરેખરી અસર થશે અને તેમના ગનીઆનમાં વધારો થયા વીના રેહેશે નહી. હાલતો હમો ખોદાતાલા પાસે એટલીજ દોઆ માંગીએછે કે જે સેઠીઆઓએ એ કાંમ માથે લીધુંછે તેમની મોરાદ બર આવે અને તેમને લોકોથી જસ મલે.

૨૦૦ રૂપીઆ અને વડા દસતુરનો મુસારો ૧૦૦૦ રૂપીઆ સુધીનો થવો જોઈએ. એ દસતુરો પાસે દરએક આતશ બેહેરાંમ તથા આતશ કદેહમાં અમુક વખતે નીતી તથા ધરમ સંબંધી બાબદો ઉપર વાજ કરાવવી; મોબેદીનુ કાંમ બરાબર ચાલે તેને માટે સારાં હોશીઆર માણસોની એક કમીટી ઠેરવવી. એ કમીટીના મેમબરોએ વડા દસતુરની મસલત લઈને કામ કરવું. તેઓએ કાબેલ દસતુરોને ચુંટી કાહાડીને જારે કોઈ જગા ખાલી પડે તારે આતશ કદેહઓમાં નેમવા અને કોઈ બી મોબેદ ગેરસલુકાઈ અને ઠગાઈ કરવા માંડેતો તેને કમીટી ભરીને વાજબીની રાહે મોબેદીના પેશામાંથી તુરત બરતરફ કરવો. વલી એ વતરોગે તેઓએ **અથોરનાનોના** હકમાં ફાએદા થાએ એવા ઉપાઓ લેવા. એવું કીધાથી આપણા દસતુર તથા મોબેદોની હાલત ખચીત શુધરશે, આપણો ધરમ સારા પાયા ઉપર આવશે, અને તેથી આપણા સુખમાં વધારો થશે તથા આપણા લોકોને પારકાંઓને હાથ મોટું માંન મલશે.

પ્રકરણ બીજું.

જરથોસ્તના જમાનાના ઈરાનીઓ—
તેમની ધરમ સંબંધી હાલત.

જરથોસ્તના વખતના ઈરાનીઓની ધરમ સંબંધી હાલત.

જરથોસ્તની વખતના ઈરાનીઓની સંસારી હાલત કેહેવી હતી તે વીશે આપણે થોડા વીચારો ઉપર જણાવીઆછે. હવે આપણને તેમની ધરમ સંબંધી હાલત વીશે તપાસ કરવી જોઈએ. એ વખતના ઈરાનીઓને ઘણા ભાએગસારી સમજવા કારણકે એ વેલાએ હુકતાલાએ તેમના ઉપર પુશકલ મેહેરબાની કરી હતી. એ જમાનામાં તેણે આપણા વડાવાઓને પોતાના પાખ કલામોથી વાકેફ કીધા હતા. ખોદાતાલા જોકે જાતે સરવ સક્તીમાનછે અને સઘલી ચીજો તેની મરજી પરમાણે બનેછે, તોપણ તે પોતાના કામો હમેશ બીજાઓને હાથ કરાવેછે. તેજ પરમાણે આએ વેલાએ ઈરાનમાં જે નેક કાંમ બનીઉં હતું તે બજાવવાને મારે તેણે પેગંબર સાહેબ જરથોસ્તને મુકરર કીધા હતા. જરથોસ્તી ધરમની મુખીઅ ખુબી એછે કે તેનો પાયો દોચકી જુલમ અને જહનુનના તતવો ઉપર રચેલો નથી. એ બીના બીજા ધરમ ઉપર નજર કરતાં ખોલી રીતે સમજ પડશે. આપણે એક દાખલો લઈએ. જુઓ મુસલમાની ધરમ! એ ધરમનો ફેલાવો કરવા મારે મહુમદે

પોતે તથા તેની પછી તેના ચેલાઓએ શું શું ઉપાયો કામે લગાડીઆ હતા ? તેઓ એક હાથમાં કોરાન અને બીજા હાથમાં તલવાર લઈને દીન દીન પોકારતા આગલ ચાલીઆ હતા. તેઓએ મોટાં મોટાં રાજો અને શેહેરો પાએમાલ કરી નાખીઆં હતાં; મોટી મોટી ઈમારતો, એબાદતખાના અને પુસતકખાનાઓને બાલીને ભશમ કરી નાખીઆં હતાં; માણસના અમુલીઅ જીવની બેહદ ખોઆરી કરી હતી. કેટલાંએક ફરજંદોને બાપ વગરના કરી નાખીઆં હતાં, કેટલીએક નાજુક અને ખુબસુરત અસતરીઓને ભરથાર વીનાની કરી હતી, અને એ સઘલાંની હંતીઆ તેઓએ લીધી હતી. હાલ પણ તેઓ એવુંજ જહનુન રાખેછે. તેઓ જાંહાં જાએછે તાંહાં ધરમને માટે માર ફાર કરેછે. મારીને મુસલમાન કરવામાં તેઓ સવાબ સમજેછે. ટુકાંમાં કહીએતો તેઓ સુધારા તથા નેકીના મોટા દુસમન થઈ પડીઆછે. એ સઘલું તેઓ ધરમને માટે કરેછે. શું ખોદાએ એવાં નીરલાજરાં કામોથી ખુશી પાંમેછે. શું તે સાહેબની પાખ નજરમાં એવાં નાંપાખી ભરેલાં અને બદ કાંમો વાજબી દીસેછે. શું તે માઆલુ બાપ પોતાના પીઆરાં બચાંઓના જાનની ખોઆરી થતી જોઈને દલગીર નથી થતો. શું તે પોતાની પેદાએસના કાંમોનો નાશ થતાં દેખીને નથી રીશે ભરાતો. ના તેને એવું નથી પસંદ પડતું. તે પોતાના બચાંઓને સલાહ સંપતમાં દેખીને

ઘણો મધન થાએછે. પણ અફસોસ એ સઘલાં કુ કરમો તે સાહેબને નામે કરીઆમાં આવેછે. એ સઘલા ગુનાહો તેઓ ધરમ અને ઈસવરને નામે કરેછે. કાંહાં સુધી તેઓ એ પરમાણે પોતાના કીરતારને માહું લગાડવાના? કાંહાં સુધી તેઓ ધરમને નામે દુનીઆની ખરાબી કરવાના તે આપણને સમજ પડતી નથી. હવે જુઓ આપણો **જરથોસ્તી** ધરમ! એ ધરમની મોટી ખુબી એછે કે તેનો ફેલાવો કરવા માટે **જરથોસ્તી**ઓએ કોઇ ઉપર જુલમ ગુજારીઓ નથી. ધરમને માટે તેઓએ કોઈને દુખ દીધું હોય એવું તેમની તવારીખ ઉપરથી કેથે માલુંમ પડતું નથી. તેઓએ ધરમને માટે કેથે માર ફાર કીધી નથી. તેઓએ ધરમને માટે કોઈ પણ મરદ તથા ઓરતનુ દીલ દુખવીઉં નથી અને તેઓને સંતાપમાં નાખીઆં નથી. **જરથોસ્તી**ઓએ પોતાના ધરમનો ફેલાવો કરવાના કરતાં તે ઉપર ચુસત રહીને માતર તેને બચાવી રાખવાની કોશીશ કરીછે. પોતાના ધરમ ઉપર આવી પડેલી આફતોમાંથી તેને મોકલો કરવાને તેઓ હમેશ ખંતી રહાછે; ધરમને માટે તેઓએ પોતાનુ સુંદર અને પીઆરૂં વતન છોડીને હજારો કોસ દુર મુસાફરી કરીછે.

એ ખોદાઇ ધરમ વીશે બોલીઆની આગમજ તે **જરથોસ્ત**ના વખતથી તે આજ દન સુધી કેટલીવાર બીગડીઓ હતો તથા પાછલના વખતમાં તે ઉપર શી શી

કાંહાંનીઓ પડી હતી અને **જરથોસ્તીઓએ** તેનો બચાવ તથા તેને તાજો કરવાને વાસ્તે ફરથી કેવી મેહેનત લીધી હતી તેનો ટુંક સાર હમો નીચે જણાવીએછે.

તે ઊપર ૫ડેલી કાહાની.

જરથોસ્તના વખત પછી ઘણું સુધી જારે **ઈરાનમાં એસીરીઅન**† તથા **મીદ** લોકોની હકુમત ચાલતી હતી તારે તથા તાર પછી **એકીમીનીસ** વંશના પાદશાહ **સાઈરસ** કે જેણે **ઈરાનનુ** રાજ સથાપીઉં હતું તેના વખત સુધી એ ધરમ સારી દીસામાં હતો. **સાઈરસના** બેટા **કંબાઈસીસના** મરણ પછી **ઈરાનનુ** રાજ **સમરદીસ** (ગોમેટીસ) નામના ઠગારાએ છીનવી લીધું હતું તે વખતે તેણે આપણા ધરમમાં ઘણો બીગાડ કીધો હતો. પણ જારે **ઈરાનનુ** રાજ **એકીમીનીસ** વંશના પાદશાહ **દારાએસના** હાથમાં પાછું આવીઉં તારે તેણે એ માઠી હાલતમાંથી પોતાના બાપીકા ધરમને પાછો સુધારી તાજો કીધો હતો એવું આપણને ખીલા રોકા લેખો ઉપરથી માલુંમ પડે છે. **દારાએસ** પાદશાહના વખતથી તે **એકીમીનીસ** વંશના છેલલા પાદશાહ **દારાએસ કોદોમેનસના** વખત સુધી એ ધરમ કંઈ બીગડીઆ વગર ધમ ધુકાર આ

† જેવારે ઈરાનમાં એસીરીઆના લોકોની હકુમત ચાલતી હતી તારે આપણો ધરમ સારી અવસથામાં હતો ખરો તોપણ તે વખતે ઈરાનના કેટલાએક મુલકોમાં એસીરીઅન લોકોની કેટલીએક માઠી રસમો દાખલ થઇ હતી અને તેથી કરીને આપણા પાખ ધરંમ ઊપર પણ થોડી ઘણી અસર થઇ હતી.

બાદી સાથે ચાલુ રહો હતો. **શીકંદર** પાદશાહે ઈ૦ સ૦ પુ૦ ૩૩૧ ના વરસમાં આંપણો મુલક તારાજ કરીઓ તારથી તે **પારથીઅન** (અશકેનીઅન) વંશની ઈ૦ સ૦ ૨૨૬ ના વરસમાં સમાપતી થઈ તાંહાં સુધી એ ધરમ ઘણી ખરાબ અને બીગડેલી હાલતમાં રહો હતો. કેટલાએક લોકો એવું કેહેછે કે **શીકંદર** પાદશાહે આપણા સઘલાં પુસતકો બાલી નાખીઆં હતાં, પણ તે વાત આપણા માનીઆંમાં આવતી નથી કારણ કે એ નામવર પાદશાહની એવી ખાશીએત હતી કે તે જાંહાં જાંહાં જતો અને જે જે મુલકો ઉપર સવારી કરતો તાંહાંના ધરમ અને ધારાને ઘણુ કરીને હમેશ માન આપતો, અને તે મુલકના રેહેવાશીઓને રાજી રાખતો. એ તથા એની પછીના વખતમાં આપણા ધરમમાં જે બીગાડ થયો હતો તેનુ કારણ એવું હતું કે તે કાલમાં **ઈરાન**નો મુલક પારકા લોકોના હાથમાં ગયો હતો. વલી એ વતરોગે તે શમેમાં આપણા દસતુર તથા મોબેદોની હકુમત અને તેમજ તેમનો એલમ તથા હુનર ગુમ થાઈ ગયો હતો. પછી ઈ૦ સ૦ ૨૨૬ ના વરસમાં **સાસાની** તબકકાના પેહેલા પાદશાહ **અરદેશર બાબેગાને પારથીઆ**ના રાજા **અરદુઆન**ને હરાવીને **ઈરાન**નું રાજ પાછું પોતાના સવાધીનમાં લીધું હતું. એ વખતે તેણે આપણા ધરમને સુધારી પાછો તાજો કીધો હતો અને તેને તેના અસલી રવઈઆ ઉપર આણીઓ હતો. તે

ણે શેહેરે શેહેર એબાદતખાંના બંધાવીઆં હતાં અને એક જાહેરનાંમુ લખીને એવું પરગટ કરીઉં હતું કે **જરથોસ્તી** ધરમ સીવાએ કોઈએ પણ કોઈ બીજો ધરમ પાલવો નહી. તેણે કેટલાંએક અસલી પુસતકો એકઠાં કરાવીને તેનો પેહેલવી જુબાનમાં તરજુમો કરાવીઓ. એ વખતે **ઈરાન** મધેથી સઘલા મુરતી પુજકો નાબુદ થયા હતા અને **જરથોસ્તી** ધરમ સુરજના તેજની માફક પાછો દીપવા લાગો. **યઝદજરદ**નાં વખત સુધીના **સાસાનીઅન** તબકકાના સઘલા પાદશાહોના વખતમાં એ ધરમ દનપરદન સુધરેલી અવસથામાં આવીઓ હતો, અને એ તબકકાના ઘણું કરીને સઘલા પાદશાહોએ તે ધરમ ઉપર ચુસત રહીને તેને સારા પાયા ઉપર લાવવાની કોશીશ કીધી હતી, તોએપણ તેમાં બે તરણ વાર હરખત પડી હતી. એજ તબકકાના બીજા પાદશાહ **શાપુર**ના વખતમાં **માની** નામના એક ચીતારાએ પેગંબરી દાવો કીધો હતો તેને **શાપુરે** પોતાના દેશમાંથી હાંકી કાહાડીને પોતાના રાજમાં પાછી સમાધાંની કીધી હતી. **કોબાદ**ના વખતમાં **મઝદક** નામના એક બીજા ઠગારાએ પેગંબરી દાવો કીધો હતો તેને પાદશાહની તરફથી ટેકો મલીઓ હતો તેથી **ઈરાન**ના મુલકમાં એક મોટો બખેડો થયો હતો અને **કોબાદ**ને કેદખાનામાં નાખીઓ હતો. **કોબાદના** બેટા પાદશાહ **નોશીરવાન આદેલે મઝદક** તથા તેના સરવે ચેલાઓને ક

તલ કરીને તે તોફાંન નરમ પાડીઉં હતું. પાદશાહ **નોશીરવાન**ના બેટા **નાઉશીઝાદે** પોતાનો બાપીકો મજહબ છોડી દઈને પોતાની માએની કેલવણીથી **ઈશાન**માં **ખરીસતી** ધરમ ફેલાવાનો યતન કરીઓ હતો અને તેટલા માટે **ઈશાન**માં એક બલવો ઉઠાવીઓ હતો તેથી **નોશીરવાને** તેને કેદખાનામાં નાખીઓ હતો. પણ **સાસાની** વંશના છેલલા પાદશાહ **યઝદજરદ**ના વખતમાં આપણી ભલી માજદીઅસની દીનની ઘણી ખરાબી થઈ હતી. તે વેળાએ મુસલમાંનનુ દોર **ઈશાન** અને તેમજ દુનીઆના બીજા ભાગોમાં ઘણું ચાલવા લાગું. તેઓ પોતીકો ધરમ તલવારથી ફેલાવતા હતા. દીન અને મોહોત એ બે ઈલાજમાંથી જેતે એક પસંદ કરવો પડતો. જેઓ દીન નહી કબુલ કરે તેઓને મોહોતને તાબે થવું પડતું. એ ઉપરથી કેટલાએક **ઈશની**ઓએ પોતાનાં જીવનો બચાવ કરવા માટે તેમની દીન કબુલ રાખી. કેટલાએક પોતાના ધરમને માટે લડીઆ અને તેના બચાવમાં મારીઆ ગયા અને કેટલાએકો પોતાનો પેઆરો વતન છોડીને **હીંદુસ્તાનમાં** આવી વસીઆ અને તાંહાં પોતાનો બાપીકો મજહબ પાલવા લાગા. હાલ પણ આપણો ધરમ બીગડેલી હાલતમાંછે એમાં કંઈજ શક નથી. એ સુધારવાને માટે હમો કોઈ **દારાયત્રુશ** તથા **અરદેશર બાબીગાન** જેવા શકસની વાત જોતાં બેઠા છીએ.

જરથોસ્તી ધરમની ખુબી.

જરથોસ્તી ધરમમાં એક ખોદા એને માનવાનુ ફરમાન કરેલુંછે. એ ખોદા સઘલી જગતનો સાહેબછે. તે નુર અને પવીતરાઈનું મુળછે. તે બેહદ ડાહાપણ અને રેહેમનો ધણીછે. સરવે ચીજ તેને હાથ બનેછે. તે નેક માંણસને સુખ આપેછે તેમજ પાપી અને બુરાને સજા કરેછે.

તેની ફીલસુફી.

આએ છેલલો વીચાર **ગાથાના** હામાં આવેલોછે, અને તેથી તે **જરથોસ્તનો** પોતાનો વીચારછે. પાછલના વખતના બનાવેલાં પુસતકોમાં જે **અંગરોમેનીઉસ** (હરેમન) નુ નામ આવેછે અને જેને **હોરમજદ**થી જુદો અને તેના જેટલોજ શકતીમાન ગણેલોછે તે **જરથોસ્તનો** પોતાનો વીચાર નથી. એ ચુક **જરથોસ્તની** ફીલસુફી બરાબર નહીં સમજવાને લીધે થઈછે. વંદીદાદમાં પણ **હોરમજદ** અને **હરેમનના** નામો આવેલાંછે અને **હોરમજદ** જે સારૂં કાંમ કરેછે તેનો **અંગરોમેનીઉસ** (હરેમન) નાશ કરેછે. તખતીમાં પણ જુઠાઈનો ખોદા કરીને એકવાર આવેલુંછે. એ ઉપરથી હજી પારકા લોકો ઠગાએછે, અને એવું સમજેછે કે આપણ **હોરમજદ** કે જે સારૂંનો કરનારછે તેને સરવે સકતીમાંન ગણતા નથી; પણ **હરેમન** કે જે ખરાબીનો ધણીછે તેને પણ **હોરમજદ**ના જેવોજ સકતીમાંન ગણીઓછે. પણ **ગાથા**માં એવું કંઈ દીસતું નથી. તે મધે આપણા પેગંબર સાહેબ **જર**

થોસ્તે હોરમજદને કુલ અખતીઆરનો ધણી ઈઆને સરવ સકતીમાંન ગણેલોછે. આપણ જે ગુણોને સારા અને ખરાબ કહીએછે તે તેણે ફીલસુફીની રાહે એકજ ધણીને લાગુ પાડીઆછે. **જરથોસ્તના** ઉંમદા વીચાર સમજવાને તે વખતના લોકો સકતીમાન નહીં હતા પણ હાલ વીદીઆ તથા સાસતરોનો પુશકલ વધારો થયોછે તેથી આપણ **જરથોસ્તના** કેટલાએક વીચારો સમજી શકીએછે, અને તેની અકલ ઉપર આફરીન કરીએછે. વંદીદાદની પેહેલી પરગરદમાં આપણ વાંચીએછે કે **એરીઅન** ટોલાની મુસાફરી થઈ તે વેળાએ **હોરમજદે** તેમને માટે સોલ સુંદર જગાઓ પેદા કીધી હતી, પણ **હરેમને** તેમનો વારાફરથી નાશ કીધો હતો. હવે **હરેમન** કોણ તે જુઓ. એ બનાવ ખુદરતી કાએદાઓથી બનીઓ હતો. રૂતુ મધે ફેરફાર, તોફાંન, જવાલામુખી અને ધરતીકંપને લીધે તેઓને પોતાનો મુલક છોડીને બીજે દેશ જવું પડતું અને એ પરમાંણે એજ કારણો ઉપરથી તેઓએ સોલ જુદાં જુદાં મુલકો વસાવીઆં હતાં. હવે જો આપણ બરાબર જોઈએતો એ કાંમ ખોદાએને પોતાને હાથે બનીઉં હતું. ખુદરતમાં જેમ કંઈ નકાંમું નથી તેમજ તોફાંન, જવાલામુખી અને ધરતીકંપ પણ નકામાં નથી. તેઓ પણ ખોદાતાલાની કેટલીએક મતલબો પુરી પાડેછે. એ ઉપરથી આપણે જોઈએછે જે જે કાંમને આપણ **હરેમનનુ**

કહીએછે તે ખરેખર અને સાસતરની રીતે જોઈએછે તો તે હોરમજદનુજછે. વલી આપણને જે કેટલાંએક દુખો ખમવાં પડેછે તે પણ કેટલાક અમુક ખુદરતી ધારાઓથી બનેછે. કોઈ માણસ આ દુનીઆમાં કંઈ કંઈ ચીજોથી લલચાઈને બુરાં અને પાપી કામો કરેછે અને એમ કેહેછે કે સેતાન અથવા હરેમને તેને તે સુજ પાડીઉં. ખરૂં જોઈએ તો તે શકસ પોતેજ એ બુરાં અને પાપી કાંમ કરનાર ધણી હતો અને જો તે ચાહાતેતો તેવું કરવાથી દુર રહી શકતે. પછી જારે તેને તેના પાપની સજા થાએછે તથા તેને પોતાને હાથે કીવેલાં કુકરમનુ દુખ વેડવું પડેછે, તારે તે એવું સમજેછે કે એ પણ હરેમનનુ કાંમછે; પણ બરાબર જોતાં તેને ખોદાએને હાથ સજા થાએછે. ખુદરતના ધારા પરમાંણે તેણે જે કરમો કીધાં તેનુ પરીણાંમ તેને ખમવું જોઈએ, અને એ સજા જે તેને થાએછે તે તેના સારાંને માટે થાએછે. હકતાલાનો મરજી હેવીછે કે તેથી તે સુધરે અને ફરી એવું કરે નહીં. ખોદાતાલા બેહદ માઆલુ અને પરમાણીકછે. તે પોતે બેહદ પરમાણીકછે તેથી જે ઓ તેના હુકમને તાબે થતા નથી તેઓને તે સજા કરે છે. તેની બેહદ ઇનસાફી એ કંઈ ખરાબ ગુણ નથી. ઈસવર પોતાના બેહદ ડાહાપણ, દયા અને પરમાણીકપણાથી આ દુનીઆનો સઘલો વહીવટ ચલાવેછે. માણસની હઈઆતીમાં તેના ઉપર જે કંઈ દુખ સુખ પડેછે

તે સઘલાંમાં તે સરવે સકતીમાંન કીરતારનો હાથછે. એ ઉપરથી ગાથાના હામાં **જરથોસ્ત** ખોદા વીશે લખે છે કે તે સાહેબ સારાંનો મદદગારછે અને પાપી તથા બુરાંનો સજા કરનારછે તે વીચાર ખરેખરોછે; પણ પાછલના પુસતકોમાં જે **હરેમન**નુ નામ જોયામાં આવેછે તે મોટી ચુકછે અને તે ચુક **જરથોસ્ત**ની ફીલસુફી બરોબર નહી સમજીઆને લીધે થઈછે.

જરથોસ્તી ધરમનાં મુખીઅ કલાંમો.

એક સરવ સકતીમાન ખોદાની ભકતી કરવા સીવાએ **જરથોસ્તી** ધરમમાં બીજાં નીતીને લગતાં ઘણા કલાંમોછે તેમાં મુખીઅ નેક વમાસવા, નેક બોલવા અને નેક કાંમો કરવાના ફરમાંનોછે. એ ફરમાંનોમાં સઘલી નીતી આવી ચુકીછે. **જરથોસ્ત**ની વખતના **ઈરાનીઓ** એ ફરમાનો પોતાના બચાંઓને પેહેલાં શીખાડતા અને પોતે પણ તે પરમાંણે ચાલવાને બનતી કોશેશ કરતા તેથી તેઓ ઘણા સુખી રેહેતા હતા. એ વતરોગે એ ધરમ મધે બીજી ઘણીએક ધરમ, નીતી અને ફીલસુફીને લગતી બાબદો આવેલીછે પણ તેનુ બરાબર વીગતવારે બીઆન કરવા બેસીએતો પુસતકોના પુસતકો ભરાએ.

તે વીશે થએલી ગેરસમજુતી.

હાવા પવીતર અને ખોદાઈ ધરમને બરાબર તપાસીઆ તથા સમજીઆ વગર **જરથોસ્ત**ની પછીનાં જુદદાનના ગરંથકારો, અનજાણપણાથી, વેહેમથી, અથવા જાંણી બુજીને

પોતાના મજહબને સારૂં લગાડવાના સબબથી જે તે વીશે અનઘટતા અને ખોટા વીચારો જાહેર કરી ગયા છે તેથી આપણુને ઘણી દલગીરી ઉતપન થાએછે. જરથોસ્તના વખત પછી **ઈરાનીઓ** **એસીરીઆ**, **સીથીઆ** અને પાછલથી **યુનાની** તથા **રૂમી** લોકોના સંબંધમાં ઘણા આવીઆ હતા તેથી **ઈરાન**ના કેટલાએક પરાંતોમાં જુદદીનના લોકોની કેટલીએક નાલાએક રસમો દાખલ થઈ હતી, તોપણ **ઈરાની**ઓએ પોતાનો બાપીકો ધરમ જાલવી રાખીઓ હતો અને શેહેરો તથા પાદશાહોની દરબારમાં તે અસલી ધરમ માનીઆમાં આવતો હતો અને તે કસી રીતે બીગડેલો ન હતો. **યુનાની** ગરંથ કરતા **હીરોડોટસ** જે **ઈરાની**ઓની રસમ તથા કાએદા કાનુન વીશે લખી ગયોછે તે ધણી એવું કેહેછે કે "**ઈરાની**ઓ દેવોની પુંજા કરવાને માટે પુટલાં બનાવતા નથી, તથા ઈશવરને માણસનો આકાર આપતા નથી, પણ તેઓ દેહેરાં અને મુરતીનો ધીકાર કરેછે, અને ઉંચા પાહાડો ઉપર જઈને ઈશવરને ભોગ આપેછે." વલી એજ ધણી પાછલથી એવું જણાવેછે કે "તેઓ સુરજ, ચંદર, જમીન, આતશ, પાણી અને પવન એવોને ભોગ આપેછે." આએ છેલલો વીચાર તદન ગલતછે. **હીરોડોટસ** **દારાએસ** **હીસ્તાસપીસ**ના વખતમાં થઈ ગયો હતો. હવે જારે આપણ **દારાએસ**ના વખતની પાહાડો ઉપરની તખતી મધેના લેખો તપાસી

એછે તારે આપણને સાફ માલુંમ પડેછે કે તેમાં કેયેબી તતવોની પુંજા કરવા વીશે લખેલું નથી. તે મધે તતવો ના નામ પણ આવીઆં નથી. આતશને માનવાનુ પ ણ કેથે નજર આવતું નથી. તેમાં માતર હોરમજદનીજ તારીફ કીધીછે અને તે વતરોગે બીજા કોઈની તારીફ કીધી નથી. સઘલે ઠેકાણે **દારાએસ** એવું કેહેછે કે મેં ફલાનુ ફલાનુ કાંમ હોરમજદની મદદથી કરીઉં. હવે તા રે **હીરોડોટસને** એવો વીચાર કેમ આવીઓ? એ સ વાલનો જવાબ એકથી વધારે રીતે આપી શકાએછે. એ કતો એકે **એડવરડ ગીબનના** કહા મુજબ એ ગરંથ ક રતાના દેશી ભાઈ યુનાનીઓ એક કરતાં વધારે ખોદા એની આરાધના કરતા હતા તેજ માફક તેણે **ઈરાનીઓ**ને સમજીને તેમને બદનાંમ કીધા હોય; ઇઆતો **જીઓ રજ રોલીનસનના** લખીઆ મુજબ એ ગરંથ કરતાના વખતમાં **ઈરાનના** કેટલાંએક પરાંતોમાં જુદદીનની ઘણી એક નાલાએક રસમો દાખલ થઈ હતી તે એના જોયામા આવી હોય અને શેહેરમાં તથા પાદશાહની દરબારમાં કે જાંહાં તેમનો બાપીકો અને વગર બીગડેલો ધરમ ચાલ તો હતો તે વાતથી તે તદન અનજાણો હોય; ઇઆતો તેણે કોઈને મોહોડેથી એવી અફવા સાંભલી હોય; ઇ આતો તેણે જાણી બુજીને **ઈરાનીઓને** માહું લગાડવા માટે ખામખા એવું લખીઉં હોય. પણ આટલુંતો ખરૂં છે કે તે જે લખી ગયોછે તે ખોટું અને ભુલ ભરેલુંછે

એ ગરંથ કરતા ઉપર આધાર રાખીને પાછલના બીજા કેટલાએક વીદવાનો આપણુને એજ મીસાલે ઠપકો આપી ગયાછે. જો એ ગરંથ કરતાઓ આપણા ધરમની બારીકી બરાબર તપાસતેતો તેઓ એવો વીચાર કણુબી લાવતે નહી.

વલી એ વર્તરોગે બીજી ઘેરસમજુતી અને ખરાબી એ થઈછે કે અધારમી સદીમાં **આંકીટીલ ડી પેરોં** નામના એક ફ્રેંચ વીદવાને આપણા જંદ અવસતાનો વગર સમજવે તરજુમો કીધો હતો. એ તરજુમો એટલોતો ખોટો અને ભુલ ભરેલોછે કે તે હાલના કાબેલ વીદવાનોને મુદલ પસંદ પડતો નથી. હાલ તેને કોઈ જાજું વાંચતુ પણ નથી અને જેઓ તે વાંચેછે તેઓ માતર નવાઈ દાખલ વાંચેછે. પણ તે સમેમાં એવું બીજું એકુ પુસતક નહી હોવાને લીધે **આંકીટીલ**નુ પુસતક ઘણુ અમુલીઅ ગણાતું હતું અને ઘણુ કરીને સઘલા વીદવાનો તે વાંચતા હતા તથા તેને સતા દાખલ ગણતા હતા. **એડવરડ ગીબન** નામનો વીદવાન કે જે આપણા ધરમ વીશે ઘણા ખરા સારા વીચારો આપી ગયોછે તે ધણી **આંકીટીલ** તથા **કલ્યુકર**ના ભાગા ટુતા તરજુમા ઉપરથી એવું જણાવેછે કે જંદ અવસતામાં **ઝરવાન અકરન** ઈઆને હમેશગી (હદ વગરનો વખત) ને આખી ખલકનો સાહેબ તથા સરવ સકતીમાન ગણેલોછે અને **હોરમજદ** પણ તેનોજ પેદા કીધેલોછે. એ ઉપર

થી હાલના કેટલાએક મીશનરીઓ અને તેમા વીશેશે કરીને **ડાકટર વીલસન** આપણને બદનામ કરેછે અને એવું કેહેછે કે આપણા લોકો **ઝરવાન અકરન** (હમેશગી) ને ખોદા કરી માનેછે. આએ વીચાર કેટલો ભુલ ભરેલો અને નાલાએકછે તે નીચે લખેલી વીગત ઉપરથી માલુંમ પડશે. એ બાબદનો ખોલાશો હાલના બે નામાંકીત વીદવાનો **ડાકટર હાઉગ** અને **દંકરે** જુદી જુદી રીતે કરીઓછે. **ડાકટર હાઉગ** લખેછે કે **આંકીટીલને** જંદ ભાશાના વીઆકરણની કસી સમજ હતી નહી અને તે જુદી જુદી વીભકતી તથા કાળ પણ ઓલખી સકતો ન હતો. એ ઉપરથી તેણે બીજા સબદોની માફક **ઝરવાન અકરન** એ બોલનો અરથ પણ ખોટી અને હસવા લાએક રીતે કીધોછે, એ બોલ અવસતા મધે સાતમી વીભકતીમાં લખેલોછે, પણ **આંકીટીલે** તે બોલ પેહેલી વીભકતીમાં હોય એમ તેનો તરજુમો કીધોછે. અવસતામાં એવું આવેલુંછે કે '**હોરમજદે વખતમાં આપીઉ**.' **આંકીટીલે** 'વખતમાં આપીઉ' તેને બદલે 'વખતે આપીઉ' એવો તરજુમો કીધોછે. હવે આપણને સાફ દીસેછે કે '**વખતમાં** આપીઉ' ને બદલે 'વખતે આપીઉ' એમ બોલીઆથી એ બોલોના અરથમાં કેટલો ફરક પડી જાએછે અને તેથી લખનારની ખરેખરી મતલબ કેવી ઉંધી વલી જાએછે. **આંકીટીલે** પોતાના તરજુમામાં જે એવી તહરાંની ભુલો કીધીછે તે વી

શે આપણને દરગુજર કરવી જોઈએ કારણ કે તે તેની પેહેલ વેહેલી કોસેસ હતી. **ગીબન**ને પણ આપણ ઠપકો આપી શકતા નથી કારણ કે તેને અવસતાની કસી માહીતગારી હતી નહી. તેણે **આંકીટીલ**ના તરજુમા ઉપર આધાર રાખીઓ હતો તેથી તે ચુક કરે તેમાં કસી નવાઈ નથી. પણ **ડાકટર વીલસન** કે જે જંદ તથા પેહેલવીની માહીતગારી ધરાવતો હોય એવો ફાંકો રાખેછે અને તેના વીઆકરણથી સારી રીતે વાકેફ હોય એવું ડોલ દેખાડેછે તે ધણીએ એ ચુક ભરેલો ફકરો પોતાના પુસતકમાં કેમ ટાંકીઓ તથા તે ઉપરથી આપણા લોકોને બદનામી આપવામાં તેની શી મતલબ તે આપણને સમજ પડતી નથી. વલી એ વતરોગે તેણે બીજી ખંધાઈ એ કીધીછે કે તેણે પોતાના પુસતકમાં ઉપર ટાંકેલો **ગીબન**નો ફકરો ટાંકીઓછે, પણ **મીલમન** નામનો ગરંથ કરતા કે જેના ઉપરીપણા હેઠલ **ગીબન**નો ગરંથ ઘણીએક સમજણ સાથે લખાએલોછે તે ધણી **જરમની**ના નામીચા વીદવાન નામે **દંકર**ની સાહાદત ઉપરથી એ ફકરા ઉપર નોટ કરીને તેનો ખોલાસો કરેછે તથા **ગીબન**ના વીચારને ખોટો પાડેછે તે વીશે તે અખારા કરી જાએછે. એ નોટ હમો નીચે ટાંકીએછે. એ નોટ મધે **મીલમન દંકર**ના આધાર ઉપરથી એવું જણાવેછે કે "**ગીબન**નો એ વીચાર તદન ખોટોછે." તે કેહેછે કે "જંદ અવસતામાં કેથેબી 'અરવા

ન અકરન ' (હમેશગી) ને સરવસકતીમાન ગણેલો ન થી. એ વીચાર યુનાનીઓનોછે અને તે ઈરાનીઓએ તેમની પાસેથી મેલવીઓ હતો. 'ઝરવાન અકરન ' વી શેનો હાવો ખેઆલ મોપસુએશીઆનો પાદરી થીઓ દોરસ પેહેલ વેહેલાં ઈ૦ સ૦ ની પાંચમી સદીમાં આ પી ગયોછે." દંકરનો આએ વીચાર આપણને ઘણો દ રૂસત લાગેછે અને એ વીદવાને આપણા દેશને લગતી તવારીખ ઉપર જે અતીઘણુ અજવાલું નાખીઉંછે તેને માટે આપણ તેનો ઘણો આભાર માનીએછે. અસલી યુનાનીઓ જે ઘણા ખોદાએની આરાધના કરતા હતા તેમાં તેઓએ વખતને પણ ખોદાએનો મરતબો આપીં ઓ હતો. તેઓ ઘણ સુધી ઈરાનીઓ સાથે ભેગા રહા હ તા તેથી તેઓએ 'ઝરવાન અકરન ' એ બોલને પણ પોતાની સમજ તથા રેવાજ પરમાણે ખોદા થોકી બેસા ડીઓ હોય એમાં કઈંજ શક નથી.

ઉપર કહી તેના કરતાંબી વધારે ઘેરસમજુતી એ થ ઇછે કે હાલ આપણા લોકોને જુદદીનવાલાઓ આતશ પરેસત કેહેછે. એ વીચાર બાંધવામાં પણ તેઓ કસું ડાહાપણ બતલાવતા નથી. માતર તેઓ બાહેરના દે ખાવ ઉપરથી ઠગાએછે પણ અંદરખાનેથી આપણી મત લબ શીછે તે તેઓ મુદલ સમજતા નથી. કોઇ પણ ધ રમ ઉપર વીચાર આપવો તે તેની સઘલી બારીકી તપા સીને આપવો એ સારાં અને વીદવાન માણસોની રીત

છે; પણ જારે તેઓ વગર સમજવે અને વગર તપાસ વે આવા નાલાએકી ભરેલા વીચારો જાહેર કરેછે તારે તેઓ મોટા ઠપકાને લાએકના થાએછે. એવા વીચાર અનગહોના મોહોનામાથીજ નીકલેછે. **જરથોસ્તી** ધરમમાં આતશને માનવાનુ કેથે લખેલું નથી, ખીલારોકી તખતીઓમાંતો આતશંનુ નામ પણ આવીઉં નથી, તથા **હોરમજદ** સીવાએ બીજા કોઈનીબી આરાધના કીધી નથી. આપણા લોકો આતસ તથા બીજી કોઈબી નુરાની ચીજને ખોદાતાલાની ભકતીનો કેબલો કરી સમજેછે. જો આપણ **એડવરડ ગીબન**ના બોલોમાં બોલીએતો "**ઈરાની**ઓ આતશને માનતા નથી પણ તેઓ આતશ તથા બીજી નુરાની ચીજોને તે સરવ સકતીમાન સાહેબની પેદાએસની સઉથી ઉતમ અને ઉમદા નીશાન કરી સમજેછે." એ વીચાર ખરેખરોછે અને તેને અવસતાથી ટેકો મલેછે. આપણા ગાથાના પેહેલા 'હા' ઉપરથી એવું માલુંમ પડેછે કે પેગંબર સાહેબ **જરથોસ્તે આતશ** આગલ ઉભા રહીને **ઈરાની**ઓની આગલ એક ભાશાન કરી સંભલાવીઉં હતું.† એ ભાશાનની મત

† આએ બાબદ ઊપર આપણને ખુબ ધીઆન પોંહોંચાડવું જોઈએછે. એ ઊપરથી આપણને સાફ માલુંમ પડે છે કે આપણા અસલી વડાવાઓમાં વાએજી કરવાની ટેવ હતી. પેગંબર સાહેબ જરથોસ્ત પોતે પણ એ કાંમમાં આગેવાની લેતા હતા. તે વારંવાર આપણા ઈરાનીઓ આગલ અશરેકારક અને શ્રમાશીક ભાશાણો કરી સંભલાવતો. અમુક વખ

લબ એવી હતી કે ઈશાનીઓએ ઘણા ખોદાઓને માન વાનુ મુકી દેવું અને એક સરવ સકતીમાન ખોદાની આરાધના કરવી કે જે સાહેબ આએ તથા પેલી દુનીઆમાં માણસને આબાદી અને સુખ આપેછે. વલી પેગંબર સાહેબ જરથોસ્ત અસતુઅત ગાથાના 'હા' માં એવું કહી જાએછે કે "પાક હોરમજદ, હું તને સઉથી ઉતમ અને રોશનીનુ મુળ કરી ગણુછું; અને હરએક શખસ તને રોશનીનુ મુળ કરી માનશે" વલી એજ 'હા' મા તે એવું કેહેછે કે "જે શકસ આતશ આગલ સર નમાવીને મને પસંદ (માનવું) નહી કરશેતો તે સજાએ પોંહોંચશે."

તે વાએજી કરવાની ટેવ ઘણુ કરીને સઘલી સુધરેલી પરજાઓમાં હોએછે. કોઇ જાહેર મકાનમાં એક ઊંચી જગા ઊપર ઊભો રહીને એક પાદરી પોતાના જાતભાઈઓની હજુરમાં ધરમ અને નીતી સંબંધી બાબદો ઊપર ભાશાણ કરી સંભલાવેછે તેથી સાંભલનારાઓના મન ઊપર કેટલી અસર થાએછે અને તે દેખાવ કેવો ગંભીર દીશેછે તે વાંચનારને સારી પેંઠે રોશન હશે. એવો દેખાવ આપણી કોમના લોકોમાં કદાચજ નજર આવેછે. એ ઊપરથી આપણો ખોદાઈ ધરમ દનપર દન બીગડતો જાએછે. કોઈપણ ધરમને સુધારવાનો મુખીઅ ઊપાએ એછે કે તે ઊપર વાએજી કરાવવી અને તેનુ ખરાપણ લોકોને જાહેર કરવું. આપણો જરથોસ્તી મજહબ હાલ માદી અવસથામાંછે તેથી તેને સુધારવાને કીજે વાએજ કરવાની ટેવ આપણામાં દાખલ થવી જોઈએ. આપણા અસલી વડાવાઓમાં એ લાભકારક રસમ હતી પણ તે હાલ આપણામાં નથી તેથી આપણને પણ તેનો ફાએદો લેવાની જરૂરછે. એ રસમ આપણામાં દાખલ કીધાથી આપણી કોમમાં ધરમનો ફેલાવો થશે તથા તે સારા પાયા ઊપર આવશે.

વલી એ વતરોગે બીજી ઘેરસમજુતી એ થઈછે કે આપણા ધરમ પુસતક મધ્યે નહી સમજ પડે એવા તથા પાછલથી દાખલ થએલા કેટલાએક વાંધા ભરેલા ફકરાઓ આવેલાછે, તે ઉપરથી જુદદીનના અને આપણી કોમના કેટલાએક ચીબાવલા સખસો આપણા ધરમ વીશે બુરૂં બોલેછે અને તેની હસી કરવા નીકલેછે. એ બાબેનો ખોલાસો હાલના કેટલાએક વીદવાનોએ અને તેમા વીશેશે કરીને **ડાકટર માંરટીન હાઉગે** મન માનતી રીતે કરીઓછે, અને તેટલા માટે તેને સાબાસી ઘટેછે. તેઓ ફાઈલાલોજીની મદદથી એવું કેહેછે કે આપણા ધરમ પુસતક મધે જે વાંધા ભરેલા ફકરાઓ આવેલાછે તે ખરેખરૂં જોતાં આપણા ધરમને લગતા નથી. તેઓ પાછલના વખતમાં ધરમ પુસતક મધે દાખલ કરી આમાં આવીઆ હતા, પણ ધરમ સાથે તેમને કસો સંબંધ નથી અને તેમને ધરમના ફકરા તરીકે સમજવામાં આપણા લોકોની મોટી ભુલછે. પારસીઓના ધરમ પુસતક મધેથી અવસતા, જંદ અને પાજંદ એ તરણ ભાશાઓ મલી આવેછે. એ ઉપરથી એવું માલુંમ પડે છે કે તે મધેના જુદા જુદા ભાગો જુદે જુદે વખતે લખાયા હતા. એ જુદા જુદા ભાગોમાં અવસતાનો ભાગ ઘણા કદીમ જમાનામાં લખાયો હતો; પાછલથી તે ઉપર જે સરેહ થઈ હુતી તેને જંદ કેહેછે અને એથીબી પાછલના વખતમાં પાજંદ ભાશા વાપરવામાં આવી હ

તી. એ ભાશામાં લખેલા કેટલાએક વાંધા ભરેલા ફક રાઓ ઉપરથી **સર ઉલીઅમ જોનસ** એવું કેહેછે કે **જરથોસ્ત** એ લેખાનનો ધણી નહી હતો, પણ જો તે એ લેખાંનનો ધણી હોયતો તેને સાધારણ અકલ નહી હતી. આએ બે વીચારમાંથી તેનો પેહેલો વીચાર ખરો છે. પણ જો એક બારગી **સર ઉલીઅમ જોનસ, રીચરડસન** અને એવાજ બીજા કાબેલ વીદવાનો આપણા ધરમ વીશે હલકુ બોલી ગયા હોય તોપણ આપણને તેમના કેહેવા ઉપર વીસવાસ રાખવો જોઈતો નથી. તેઓને આપણા ધરમ વીશે કસીબી માહીતગારી હતી નહી. તેઓએ માતર **આંકીટીલ** તથા **કલુકરનો** ભાગો ટુતો તરજુમો વાચીને આપણા ધરમ પુસતક વીશે પોતાનો વીચાર બાંધીઓ હતો, પણ તેની ખરેખરી ખુબી જાણવાની શકતી તેમનામાં હતી નહી. તેઓ બીજી ઘણી વાતે કાબેલ હતા ખરા પણ તે ઉપરથી એમ નથી સાબેત થતું કે તેઓને આપણા ધરમ વીશેની પણ સારી માહીતગારી હતી. એ કારણસર તેઓ આપણા ધરમ વીશે જે મત આપી ગયાછે તે આપણને વજનદાર ગણવું જોઈતું નથી. જેઓ આજ ઘણુ થયુ આપણા ધરમની શોધ પછવારે મંડેલાછે, તેઓ તેની ખુબી સારી રીતે પીછાનેછે અને તે વીશે ઘણુ સારૂં મત ધરાવેછે. તેઓ એવું કેહેછે કે પારસીઓના ધરમ પુસતક મધે ગાથાનો ભાગ સરવેથી કદીમ અને ઘણો અગતીઅનોછે.

તે **જરથોસ્તનુ** પોતાનુ લેખાનછે અને તે ઉપરથી **જર થોસ્તી** મજહબની ખુબી ખોલલી રીતે માલુંમ પડી આવેછે. જે કોઈ શખસ **જરથોસ્તી** ધરમની વીરૂધ બોલવા નીકલેછે તેને એવી ભલામણ કરીઆમાં આવે છે કે તેણે ગાથા મધે જે નીતી તથા ધરમની બાબદો આવેલીછે તે ઉપર પુરતું ધીઆન આપવું, અને તે ઉપ રથી **જરથોસ્તી** ધરમ વીશે પોતાનો વીચાર બાંધવો. ગાથા† મધે જે નીતી તથા ધરમની બાબદો આવેલીછે તેનો ટુક સાર નીચે ટાંકેલા ફકરાઓ ઉપરથી માલુંમ પડશે.

"હું ઉંચા હાથની માહારી બંદગીથી આએ ખુ શી ચાહુંછું; પાખ આતમાના બીલકુલ અસોઈથી ભરે લાં કાંમો, અને વહુમનો (સારાં મગજ) ની સમજન."‡

"ઓ હોરમજદ હું તમારી નજદીક સારી સમ જથી આઉંછું. આએ અને પેલી જાંહાંનને મારે આ પો મને અસોઈથી ઉતપન થતી બખશીસો, કે જે હમો ને પેલી બીજી દુનીઆમાં ખુશી ભરેલા રાખે."

---

† ગાથા એ બોલનો અરથ ગાએન કરી થાએછે. ગા થા પાંચ ભાગમાં વેંહેંચાએલાછે; હોનુવત, અસતુઅત, સપં તોમદ, વોહુખશથરા અને વહીસતોઈસતીસ. તેઓ કવીતારૂ પી ધપમાં લખેલાછે, અને તે સમજવામાં અતીઘણી મેહેનત અને ગુચવણ પડેછે.

‡ આએ ગાથાના ફકરાઓનો તરજુમો હમોએ બોલે બોલ કીધો નથી પણ છુટી અને સમજ પડે એવી રીતે કરીઓછે.

"હું ખોદાતાલાની બંદગી કરૂંછું, તે માહારા અને ફરશોશતરં ઉપર મેહેરબાન થાઓ; તથા આએ દુનીઆની જાંહાંસુધી હઈઆતીછે તેટલા વખતમાં જેઓ માહારી મેહેરબાની મેલવે તેઓ ઉપર તે મેહેરબાન થાઓ."

હોરમજદ બોલીઓ કે "અહીંઆં બધામાં હું માતર પાખ **જરથોસ્ત**નેજ જાણુંછું કે જેણે આપણી સીખામણ સાંભલી. તે આપણ મઝદા અને અશાની પાસે ભાશાણ કરવાને માટે મદદ માંગેછે. હું તેને ભાશાણ કરવામાં ચાલાકી બખશશ."

"કેવારે પાખી, સારી સમજ અને અખતીઆર માહારા સવાધીનમાં આવશે? શુ તું ઓમજદા, આએ દુનીઆમાં માહારાં સારાં કાંમના બદલામાં મને બેહેસત આપેછે?"

"તમો પરખીઆત વડાવાઓના ફરજંદો, હમારા મત સાથે મલતા આવવાને તમો જાગરૂત થાઓ; આજે દરએક જણે શુ મરદ કે ઓરતે પોતાનો ધરમ પરંદ કરવો જોઈએ ઈઆને કે તેણે ઘણા ખોદાઓને માણવાનુ છોરી દઈને એક ખોદા (હોરમજદ) નો ધરમ કબુલ રાખવો જોઈએ."

"ખોદાતાલાના પોતાનાં કહેલાં ફરમાનો કે જે તમોને જાહેર કીધાંછે તે પરમાણે તમો ચાલો. એ ફરમાનો જુઠાઓને દુખ ઉપજાવનારાંછે, પણ સચાઈના માનનારને આબાદી પોંહોંચાડેછે. તેઓ સુખનુ મુળછે."

"**હોરમજદે** પોતાના જાતી નુરથી પેહેલ વેહેલાં આસમાનના સેતારા બનાવીઆ અને પોતાની અકલથી સારાં પરાણીઓ બનાવીઆં. ઓ તું ડાહાપણના સાહેબ જારે મેં તને નજરે જોપો, તું કે જે સાચાઈનુ મુળ અને જીંદગીનો પેદા કરનારછે અને જેની ખુબી તેના કાંમો ઉપરથી માલુંમ પડી આવેછે, તારે મેં તુંને સઉથી પેહેલો આતમા પીછાનીઓ."

"બદ માણસોની સીખામણ તથા તેમનુ બોલવું સાંભલશો ના.કારણ કે તેઓ સઘલી ચીજોનો નાશ કરે છે. તેટલા માટે તમો તેઓને નાબુદ કરજો."

"જેઓ વીચારોમાં, બોલોમાં, અને કામોમાં બુરા લોકોથી ઉલટા ચાલેછે, અને દુનીઆનુ સારૂં ઈછેછે તેઓના કામો ખોદાતાલાની મેહેરબાનીથી ફતેમંદી પાંમશે."

"બે ધણીઓ, દોસતો, અથવા કારીગરોમાંથી જે બી **જરથોસ્તી** ધરમ ઉપર જે માણસ ચુસત હોય તેની સાથે સારી રીતે ચાલેછે, અને જમીન ખેડીને જીંદગીના કાંમોનો વધારો કરેછે તે માણસ સવરગવાસી થશે."

"**અહોરોમજદા** જેઓ અતરે બંદગી કરેછે તેઓના પાખ કાંમો, બોલો, અને બંદગીને માટે અમરગપણુ, સચાઈ, દોલત તથા તંદરોસતી, એ બધી બખશીશો આપવાને તારા અખતીઆરમાં પુશકલછે."

"જે કંઈ સારૂંછે તે નઠારાં માણસો ઉધું વાલેછે.

તેઓ દેવ લોકોના દોસતો કેહેવાએછે. હોરમજદ અને અશોઈની સમજથી તેઓ પોતાને ખીસાહેછે."

"જે ધણી ઘાતકી લોકોને બખશીશ આપેછે, જે ખેતરોના જંગલ બનાવેછે, તથા ખોલી રીતે અશો લોકોને ઈજા દીએછે તે માહારા ફરમાનોથી ઉલટો જાએછે."

"નમશકાર હોજો તેને કે જે દરએકના સુખને માટે પુરો પડેછે. અહુરાની ખુશી મુજબ રાજ ચાલજો. તારી ખુશી પરમાણે મને સતા અને શકતી મલજો કે હું અશોઈને જાલવી રાખવાને શકતીવાન થાઉં."

"જે માણસ આએ તથા પેલી દુનીઆને માટે આપણને નફાનો ખરો રસતો જાણતાં સીખવે તે માણસને સઉથી સારૂં મલજો."

"પાખ મજદા હું તને સરવેથી સરસ અને રોશનીનુ મુળ કરીને ગણુંછું; અને દરએક શખસ તને રોશનીનુ મુળ કરીને માણશે. તેં બધી સારી ચીજો તારાં પાખ મનની શકતીથી પેદા કીધી અને હમો કે જેઓ તુંને માનીએછે તેઓને તું લાંબી જીંદગી બખશેછે."

"પાખ મજદા, સઘલી પેદાએસમાં હું તને જીંદગીનુ મુળ સમજુંછું. તેં પાખ રસમ અને ભોલો પેદા કીધાછે. તેં બુરાને ખરાબ નંશીબ બખશીઉંછે અને સારાં માણસને સારૂં ભાએગ સરજીઉંછે."

"ઓ અહુરા હું તને પુછુંછું તે ખરૂં કેહે કે આ એ દુનીઆ કેવી રીતે પેદા થઈ અને એ દુનીઆનો

આધાર સા ઉપર રહેછે. પાખ વહુમનો (સારી સમ જ) દરએક ખરાબીને માણસોથી દુર રાખેછે. તે સઘલી જીંદગીનો વધારનારછે."

"ઓ અહુરા હું તને પુછુંછું તે ખરૂં કેહેકે સરૂઆતમાં સચાઈનો બાપ અને પેદા કરનાર કોણ હતો. સુરજ અને સેતારાનો મારગ કોણે કરી આપીએછે. તું સીવાએ બીજો કોણ એવોછે કે તે ચાંનને વધવા અને ઘટવા દીએછે. એ અને બીજું ઓ મજદા હું જાણવા માંગુંછું."

"ઓ અહુરા હું તને પુછુંછું તે ખરૂં કેહે કે આ એ ધરતીને અને આકાશી સેતારાને કોણે ધરી રાખી આછે? પાણી અને ખેતરના ઝાડોને કોણે બનાવીઆં! પવન અને તોફાનને કોણે જડપ બખશી? માણસ જાતનો પેદા કરનાર કોણછે."

"ઓ અહુરા હું તને પુછુંછું તે ખરૂં કેહે કે સારી ધારનાથી રોશની અને અંધારૂં, ઉંઘ અને જાગવાનું, સવાર, બપોર અને રાત એ સઘલું કોણે પેદા કીધું."

"ઓ અહુરા હું તને પુછુંછું તે ખરૂં કેહે કે કીએ ફરેસતો મને સારી ચીજોથી વાકેફ કરશે. તેં પોતે ફરમાવીઉંછે તે પરમાણે દાહાડામાં પાંચ વાર ફરજો અદા કરવાને (બંદગી કરવાને) તથા સારાં મને (સમજે) બધાં માણસોના સુખને માટે જે બંદગી જાહેર કીધીછે

તે ભણવા સારૂ કોણ ફરેસતો મને કેહેશે. જીંદગીના વધારાને માટે જે કંઈ સારૂંછે તે મને મલો."

"ઓ અહુરા હું તને પુછુંછું તે ખરૂં કેહે કે કીઓ શકસ ધરમીછે અને કીઓ નાપાખછે. એ બંનેમાથી સેતાંની ખાશીએત કયામાંછે અને ખોદાઈ ખાશીએત કયામાંછે. જે બુરો માણસ તારી અને મારી ઉપર હુ મલો કરેછે તેને શેતાની ખાશીએતનો સમજવો એ શું વાજબી નથી?"

"ઓ અહુરા હું તને પુછુંછું તે ખરૂં કેહે કે જે એો સારાં કામનો વધારો થવા દેતા નથી પણ તેમાં બી ગાડ કરેછે તેઓને કેમ હાંકી કાહાડીએ."

"ઓ અહુરા હું તને પુછુંછું તે ખરૂં કેહે કે હું તાહારી રેહેવાની જગા ઉપર કેમ આવું? હું સમાઈ અ ને અમરગ પણાના ફરેસતાંની મદદ મેલવવા સારૂ મો ટેથી માહારી ખુશી જાહેર કરૂંછું."

"આ જીંદગીનો પરથમ વીચાર જે સરવ ગની આની હોરમજદે મને કહો તે હું તમોને જાહેર કરૂંછું કે તમારામાના જેઓ ખોદા અને તેના ફરેસતાઓના કલાંમો જે મીસાલે હું તમોને તે જાહેર કરૂં તે મીસાલે નહી ચાલશોતો તમોને અંતે પસતાવું પડશે."

"હું આએ દુનીઆ માહેલું જે સઉથી સરસ તે ને જાહેર કરીશ. મજદા જેણે સારાં મગજના બાપ દા ખલ તે પેદા કીધુંછે તેને તે સચાઈથી રાખેછે. જે સાહે

બ સઘલી ચીજો (સારી ચીજો) નો પેદા કરનારછે તે ઠ
ગાતો નથી."

"હું તે સખુન જાહેર કરૂંછું કે જે સરવેથી પાખ
ખોદાતાલાએ મને જણાવીઓછે અને જે માણસોને સાં
ભલવાને સઉથી ઉતમછે. સઘલાઓ જેઓ આ માહા
રો સખુન માને અને તે બીજાઓને સીખાડે તેઓ સ
રવે ખાપણોથી વેગલા રેહેશે અને અમર થશે, કારણ કે
એ બંને ચીજો સારાં મગજના કાંમોના સબબંથી તે ડા
હાપણવાલા સાહેબના અખતીઆરમાંછે."

"હું સઉથી મોટું એ જાહેર કરૂંછું કે સરવેએ ભ
લા થવું અને માતર સચાઈને માનવી. જેઓ સઘલું
સારૂં કરવાને ચાહેછે તેઓનેજ હોરમજદ સાંભલશે. તે
ની ભલાઈથી દુનીઆમાં સારી સમજનો વધારો થાએ
છે. તે મહને પોતાનુ સઉથી સરસ ડાહાપણ સીખાડે."

"સઘલાઓ જેઓ જીવતા હતા અને જીવેછે તે
તેની શકતી અને અખતીઆરથી જીવેછે. અસોનો
જીવ અમરગપણાને પોંહોંચેછે, પણ ઘાતકી માણસના
જીવને જાથુકની સજા થાએછે, એવો હોરમજદનો કા
એદોછે કે જેના તેઓ બંદાછે."

"જેને તારીફના ગીતોથી હું નમવા અને વખા
નવા ચાહુંછું તેને હું હમના માહારી નજરે જોઉંછું, તે
ડાહાપણના ધણીને કે જે સારાં મન, સારાં કાંમ અને
સારા સખુનનુ મુળછે અને જે સચાઈને પીછાનેછે. એ

પરમાણે ચાલો આપણે આસમાની ગાએનકરની રેહેવા ની જગામાં આપણી વખાનની બખશીશ મેલીએ."

"તેને હું માહારાં સારાં મગજથી ભજુંછું, તે કે જે પોતાની મરજી પરમાણે આપણે માટે સુખ અને દુખ પેદા કરેછે. હોરમજદ કે જે પોતાની મેહેનતથી ધરમી માણસોને સુખી કરેછે તે હમારાં માણસ અને ઘોરોની વરધી કરો, અને સારાં મનની મોટાઈથી સચાઈનો બચાવ કરો."

"હું માહારી તાબેદારીની બંદગીથી તેને વખાનવા ચાહુંછું કે જેને લોકો અહીઆત ડાહાપણનો ધણી કરી પીછાનેછે; કારણ કે તે ખરેખર સારાં મગજનો અને સરવ ગનીઆનીછે; તે આ દુનીઆંના માણસોને અમરગપણુ બખશેછે અને તેઓને ખાંપણોથી વેગલા રાખેછે."

"જેઓ મુરતીઓનો અને બુરી મતલબના માણસોનો ધીકાર કરેછે અને એવા લોકોને ખરે માંરગે ચાલનારા લોકોમાથી ઓલખી કાહાડેછે, તેઓનો દોસ્ત, ભાઈ, અને બાપ હોરમજદ પોતેછે."

"જેઓ માહારી મીલકતનો બીગાડ કરેછે અને આતશ આગલ સર નમાવીને મને પસંદ કરતા (નમતા) નથી તેઓ સજાએ પોંહોંચશે."

"ઓ મજદા જે કોઈ મરદ અથવા ઓરત આ

એ દુનીઆના ફાએદાને માટે તુને પસંદ પડે એવાં સારાં કાંમો કરે તેને હું બેહેસતમાં લઈ જઈશ."

"જે ધણી મગજને સારૂં કરેછે અને સારાં કાંમો બજાવેછે તથા સખુનો અને કાંમોથી ધરમ પરમાણેજ ચાલેછે તેની ખાહેસ અને મરજી મુજબ તેને દોલત આવી મલેછે. તારા વીચાર પરમાણે સેવટે દરએક જણછે."

"જે ખોદાતાલાને ખુશી કરેછે અને તેની બંદગી કરેછે તેને તે પોતાની શકતીથી સઉથી સરસ બખ્શીશો આપેછે પણ જે ધણી ખોદાની બંદગી નથી કરતો તથા તેને રાજી નથી રાખતો તેને ઈનસાફના દાહાડા ઉપર મોટી સજા થશે."

"પાખ હોરમજદ તું કે જેણે જમીન, પાણી અને ઝાડ પેદા કીધાંછે તેમને અમરગપણુ અને આબાદાની બખશ."

"સારા રાજાઓ રાજ કરજો; ખરાબ રાજાઓનુ રાજ ના ચાલજો. એ આરમેતી, સારાં ડાહાપણના કાંમો સાથે માણસને જનમ પછી સરવેથી સરસ ચીજ અશોઈછે."

"તમો જેઓ વહુમનો (સારાં મન) ને ઉધારવાને માટે પેદા થયાછો તેઓ ગુસાને તથા ધીકારને હાંકી કાહાડો."

"કીઆરે એ મજદા સમજવાલા માણસો આવશે; કીઆરે તેઓ દુનીઆના રગડાને હાંકી કાહાડશે કે

જે રગડો નાફરમાની કરનારાઓને ખરાબીમાં બચાવી રાખેછે."

"ઓ મજદા તારી પેદાએસમાં અશોના સારાં મન અને જીવનો હું બચાવ કરીશ. ડાહાપણની સારી ચીજોની વખાણ થશે, પણ અપવીતર દોલતને તેમની બુરાઈમાંજ નાબુદ થવા દે."†

ધરમનુ ખરાપણુ અંતે જાહેર થયુંછે.

હાવો સારો અને ઉમદા ધરમ કે જેમા એકજ ખોદાએને માનવાનુ ફરમાનછે, અને જેનો પાયો નીતીના તતવો ઉપર રચેલોછે તે ધરમને જુદદીનના અનસમજુ અને મુરખ લોકોએ હાની પોંહોંચાડીછે. જુઠાઈ, વેહેમ, ઠગાઈ, અદેખાઈ અને ધેરસલુકાઈ તેના ઉપર થોડી વાર ફાવી નીકલીછે. પણ અંતે સચાઈ હમેશાં અજવાલાંમાં આવેછે, અને તેમજ આપણા ખોદાઈ ધરમ ઉપર પણ ગુજરીઉંછે. હાલ જે સાચી વાત હતી તે બાહેર પડીછે. અને આપણા ધરમનુ ખરાપણુ દુનીઆની હજુરમા દાહાડાની રોશનીની માફક પરકાશી નીકલીઉંછે. શાબાસછે હાલના કેટલાક **જરમન** વીદવાનોની મેહેનતને, અને શાબાસછે તેમની ધીરજને. હાલ આપણા ધરમ

---

† ઊપર જણાવીઊં તે સીવાએ ગાથા મધે બીજી ઘણી ધરમ, નીતી અને ફીલસુફીને લગતી બાબદો આવેલીછે. એ મધેની કેટલીક બાબદોતો બરાબર સમજાઈ પણ શકાતી નથી કારણ કે તે ઘણા ઊંડા વીચાર અને સમજથી લખેલીછે.

ને લગતી જે કંઈ શોધ સારા પાયા ઉપર થઈછે તેનુ માન એ કાબેલ વીદવાનોને ઘટેછે. પણ હાલ હમો તેમની પુરતી વખાણ કરી શકતા નથી તથા આપણા ધરમ વીશે વધારે વીગતવાર હેવાલ આપી શકતા નથી. **જરથોસ્તે** પોતાના વખતના **ઈરાનીઓને** જે ધરમ સીખાંડીઓ હતો તે કેવો પવીતર અને ખોદાઈછે અને તે ઉપર વારંવાર કેવી કાહાનીઓ પડીછે તથા તે વીશે કેટલું બુરૂં બોલીઆમાં આવીઉંછે તે અગતીઅની બાબદ ઉપર હમો હમારા વીચાર જણાવી ચુકા છીએ. હાલતો હમો એટલુંજ કેહેવાને બસ ધારીએછે કે આપણી કોમના દસતુર તથા મોબેદોએબી નકામી અને વગર પાયાની તકરારો છોડી દેવી અને **જરમન** લોકોની માફક પોતાના પાક ધરમના શુધારા પછવાડે મંડવું, અને તેની સચાઈ લોકોને જાહેર કરવી. એવું કીધાથી તેમનો દરજ્જો વધશે અને તેઓ આબરૂએ પોંહોંચશે.

પ્રકરણ તીજું.

જરથોસ્તના જમાનાના ઈરાનીઓ—
તેમની રાજદુઆરી હાલત.

જરથોસ્તના જમાનાના ઈરાનીઓની રાજદુઆરી હાલત.

હમો જરથોસ્તના જમાનાના ઈરાનીઓની સંસારી અને ધરમ સંબંધી હાલત તથા તેમના ધરમની પવીતરાઈ અને ખરાપણા વીશે થોડા વીચારો ઉપર જણાવી ચુકા છીએ. હવે હમો તેમની રાજદુઆરી હાલત વીશે થોડા સખુનો બોલવાની રજા લઈજીએછે.

ઉગમણ તરફના પાદશાહોની ચાલ ચલણ વીશે ઘણા સખ્ત અને નાલાએક સખુનો વાપરીઆમાં આવીઆછે. કેહેછે કે તેઓ ઘણા આલસુ, ઉડાઉ, ઘાતકી, મોજી અને રંદીબાજ હોએછે. તેઓ પોતાનો સઘલો ખજાનો પોતાની ઇંદરીઓને મોંજ આપવામાં ગુંમાવે છે. મનનુ શુખ શુંછે તે તેઓ મુતલગ સમજતા નથી. તેઓ પોતાને હાથ નીચેના માણસો પાસે પોતાના રાજનો સઘલો વહીવટ કરાવેછે અને પોતાનો સઘલો વખ્ત એશ આરામમાં કાહાડેછે. આએ ઠપકો આપણા ઈરાનીઓને ઘણે દરજજે લાગુ પડી સકતો નથી. તેઓમાં ઘણા બાહાદુર, નેક અને નામવર પાદશાહો થઈ ગયાછે. અરદેશીર અંને શાપુર જેવા બાહાદુર, દારાયવુશ અને નોશીરવાન જેવા મોટા અને દાનાવ, જમશીદ અ

ને **ખોશરૂપરવેઝ** જેવા જાહોજલાલીવંતા, અને **ફરેદુન** તથા **સાઈરસ** જેવા નેક અને ખોદાઈ ખાશીઅતના પાદશાહો આ દુનીઆમાં થોડાજ થઈ ગયાછે. એવા પાદશાહોને માટે કોઈબી પરજા મગરૂર રેહેછે.

પાદશાહ **ગુસતાસ્પ** કે જેણે પેગંબર સાહેબ **જરથોસ્તને** મદદ કીધી હતી તેના પણ જાતી ગુણો ઘણા સારા હતા. તે ચાલાક, પરમાણીક અને પરાકરમી હતો. તેણે ધરમને માટે **તારતરીના** રાજા **અરજાસ્પ** સાથે ભારે લડાઈઓ ચલાવી હતી અને તેમાં તે પોતાના બેટા **અસફંદીઆરની** બાહાદુરીથી ફતેહ પાંમીઓ હતો. તે રાજનીતીનુ કાંમ પણ ઘણી સારી રીતે ચલાવતો હતો. કેહેછે કે તેણે કાગજ પતર લખવાને માટે એક હોશીઆર અને ચાલાક કારભારી મુકરર કરી રાખીઓ હતો. એ કારભારી પાસે તે સારી સોજજી અને સુંદર એબારતમાં કાગજ પતર લખાવતો હતો અને તે વડે બાહેરના દેશનો સંધેસો ચલાવતો હતો તથા તેમાં પોતાના મુલકને લગતી બાબદો નોધી રાખતો હતો. તેણે જે શીકા પરાવીઆ હતા તેની એક બોરદુએ આતશનુ પાતરૂં† અને બીજી બાજુએ પોતાની તાજ સુધાની સબી દીઠામાં આવતી. એ પાદશાહ ઘણો નેક અ

---

† આતશનુ પાતરૂં અમસથું હોય એવું હમારાં જાણવામાં આવતું નથી; પણ એ પાતરાંની આજુ બાજુ એકુએ માણસો ઊભા રહીને હોરમજદની આરાધના કરતા હશે.

ને અકલમંદ હતો તે તેની કેટલીએક કેહેવત ઉપરથી માલુંમ પડેછે. તે કેહેતો કે "જે માણસને ખોદાતાલાએ મોટે દરજજે પોંહોંચાડીઓ હોય અને જેના ઉપર તે સાહેબની મેહેરબાની હોય તેને નમરતા તથા ગરીબાઈ પકડવી ઘટેછે, કારણ કે એક ભીખારી ગરીબાઈ પકડેતો તે તેના ધંધાને લીધે પકડેછે." વલી તે કેહેતો કે "નાસતીક (કાફર) અને મુએલાંમાં કસો ફરક નથી. જે ધણી સરવ સકતીમાન ખોદાને નહી માને, જે સરવે ચીજ પોતાની મરજી માફક કરે, જે સજીવન થવાના કીઆમતના દાહાડા ઉપર ભરોશો નહી રાખે, અને માણસને તેની કરની માફક આએ તથા પેલી દુનીઆંમાં સુખ તથા દુખ મલેછે તે વાત સમજે નહી, તે ધણી એક મુરદાં બરોબરછે કે જેને કસી વાતની ખબર નથી." તે એવું પણ કેહેતો કે "એક પાદશાહે બીજા પાદશાહની અદેખાઈ કરવી નહી, પણ તેણે સારા ગુણો હાંસેલ કરવા તથા પોતાની આબરૂ વધારવાની કોશીશ કરવી કે જેથી કરીને બીજા નેક પાદશાહોની મીસાલે તેના પરમાણીક પણાની તથા સારાં ભાએગની તારીફ આખી દુનીઆમાં થાએ અને બીજા મોટા રાજાઓની માફક તેના વખાણવા લાએક કાંમોનો લેખ કાએમ સુધી રેહે." વલી તે કેહેતો કે "પોતાની પરજા ઉપર એક પાદશાહની મોટાઈ સારૂં કરવામાં અને વખાણવા જોગ કાંમો કરવામાં હોયછે." તે એવું કેહેતો કે "અકલ મંદ

પાદશાહ તેને કેહેવો કે જે દાનાવ લોકોને ઘણી મદદ કરે અને તેમની આબરૂ વધારે." આએ ઉપલી કેહેવતો ઘણી ધીઆન આપવા જોગછે. એ ઉપરથી એ પાદશાહનુ ડાહાપણ માલુંમ પડી આવેછે તથા તેના મોટાં નામને જેબ મલેછે. હાવા અંસલી જમાનામાં કે જે વેલાએ સુધારો હજી પોતાની બચગી હાલતમાં હતો, જે વખતે દુનીઆના ઘણુ કરીને સઘલા ભાગોમાં અને તેમાં વીશેશે કરીને એશીઆમાં જુલમી રાજાઓ પોતાની મરજી માફક રાજ અને હકુમત ચલાવતા હતા, જે વખતે જોર અને ખંદાઈ ઈનસાફના કરતાં વધારે ફાવી નીકલતાં, જે સમેમાં દુનીઆના બીજા ભાગોમાં લોકો મુરતી પુજતા અને ધરમને નામે બદફેલી અને જુલમ પુશકલ ચલાવતા હતા તેવા વખતમાં આપણા મુલકનો એક પાદશાહ આપણે ઉપર જણાવીઆ તેવા સારા વીચારો પોતાની રઈએત આગલ જાહેર કરે અને તે પરમાણે તેઓને ચાલવાની ભલાંમણ કરે એ કંઈ થોડું તાજુબી ભરેલું નથી. એ કેહેવતો તે માતર બોલી ગયો હોય એમ નથી. તે એ નીતીના કલામો હમેશ ધીઆનમાં રાખતો અને તે પરમાણે પોતે ચાલતો હતો. તેણે પોતાના વજીર **ફરશોશતર** તથા **જાંમાસ્પ** હકીમને પુશકલ મદદ કીધી હતી. તેણે સીપાહીઓની તથા ખેડુતોની હાલતમાં ઘણો સુધારો કીધો હતો. તેનો વજીર **ફરસોસતર** ઘણો નેક અને ડાહાયો હતો અને તે

રાજાને હમેશ સારી સલાહ આપતો હતો. દસતુરો સ ઘલાં કામમાં આગેવાની ભોગવતા હતા. એ વખતે **ઈ શાનમા** સઘલે ઠેકાણે આબાદાની ફેલાઈ હતી. લોકો ખુશી ખુશાલીથી રેહેતા હતા અને પાદશાહ તેમને સુ ખી રાખવાને બનતી કોશીશ કરતો.

હવે હમો આએ બાબદ સમાપત કરીએછે. હ મોએ હાલના જમાનાની નવી સોધોની મદદથી આપ ણા પેગંબર સાહેબ **જરથોસ્ત**નો જમાનો મુકરર કરવા ની કોશીશ કરીછે, તથા તે જમાનાના **ઈરાની**ઓની સં સારી, ધરમ સંબંધી અને રાજદુઆરી હાલતનો ટુંક સા ર આપીઓછે. એ મધે જણાવેલી સઘલી બીના હમોએ જુદે જુદે ઠેકાણેથી ચુટી કાહાડીછે, કારણ કે એ જમા નાને લગતી એકુબી ભરોશા ભરેલી તવારીખ આપણી પાસે નથી. હાલ આપણને એ જમાનાને લગતું થોડું ઘણુ ગનીઆન જે જુદે જુદે ઠેકાણેથી મલેછે તે ઉપર થી એ જમાના વીશે સારૂં મત બાંધવાને આપણને બ ની આવેછે. આપણે જોયુંછે કે એ વખતના **ઈરાની** ઓની હાલત સઘલી પાંતીએ સારી હતી અને તેઓ ઘણા સુખી હતા. પણ જો આપણ એ જમાનાની વાત એક બારગી પડતી મેલીએ અને આપણી પાદશાહીના વખતના બીજા કોઈબી જમાના ઉપર નેગાહ પોંહોંચા ડીએચ તો આપણ તેમની હાલત ઉપર સુગરાના કરીએ છે, અને ખોદા પાસે તેવા સુખ અને જાહોજલાલીના

દીવસો માંગીએછે. જારે આપણને એવો વીચાર આવે છે કે હાલ આપણ આપણો સુંદર અને માતબર દેશ ખોહી બેઠા છીએ; આપણુ રાજ પારકાઓને હાથ ગયું છે; આપણી સંખીઆમાં ઘણો ઘટારો થયોછે અને આપણા નામને હાની પોંહોંતીછે તારે આપણ આપણા રાજના નાશ કરનારાઓ ઉપર ફીટકાર નાખીએછે અને તેમની અનઘટતી ચાલ ઉપર અફસોસ કરીએછે. પણ હાલમાં આપણને ઘણુ દલગીર થવાનુ કારણ રહું નથી. જો રાજ અને જાહોજલાલી ગઈછે તોપણ ખોદાએના હોકમથી હાલ આપણ એક માયાલુ અને અદલ રાજના સવાધીનમાં છીએ. એ માયાલુ રાજના છાયા તલે આપણા લોકોની હાલત દનપર દન સુધરતી જાએછે. તેઓએ વેપાર સંબંધી કામમાં મોટી નામદારી મેલવી છે, તેઓમાં વીદીઆ હોનરનો ફેલાવો થયોછે, અને તેમની સંસારી હાલત ઘણી સુધરીછે. આપણ હાલતો ખોદાતાલા પાસે એટલીજ દુઆ માંગીએછે કે એ રાજ આપણા માથા ઉપર સદા કાયમ રેહે.

સમાપત.